
કુમાર

છુટક
૦-૧૦-૦

જાન્યુઆરી
૧૯૪૫
૨૫૩

સંસ્થાપક · રવિશંકર રાવળ

અર્ઘ્ય
રેખાલેખન · વિષ્ણુકુમાર ભટ્ટ



તંત્રી
બચુભાઈ રાવત



બે બહેનો
ચિત્રકાર · રસિકલાલ પરીખ

કુમાર
જાન્યુઆરી ૧૯૪૫
અંક ૨૫૩

પ્રકાશન તા. ૨૫-૧-૧૯૪૫

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો તથા પ્રકીર્ણ

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂા. ૬; પરદેશમાં શિ. ૧૨; છુટક દસ આના. બહારગામમાં લવાજમ ભરવાનાં સ્થળ : મુંબાઇમાં આર. આર. શેઠની કં. તથા એન. એમ. ત્રિપાઠી લિ. પ્રિન્સેસ સ્ટ્રીટ. વડોદરામાં પુસ્તકાલય સ૦ સ૦ મંડળ લિ. રાવપુરા; કલકત્તામાં એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલા સ્ટ્રીટ.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યૂરો, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ-૧; અમદાવાદમાં શ્રી પુષ્પરાજ ઠાકોર, આનંદનગર.

સો વર્ષનું કુમાર કૅલેન્ડર

વાપરવાની રીત

જે વર્ષની તારીખ કે વાર શોધવાં હોય તે વર્ષનો આંકડો આ નીચેના કોઠામાંથી શોધી કાઢો; અને તે કુ-મા-ર-કા-ર્યા-લ-ય એ સાત અક્ષરોમાંના જે અક્ષરની નીચેની હારમાં આવેલો હોય તે અક્ષરની સંજ્ઞાવાળું કૅલેન્ડર બાજુમાં જુઓ. તેમાં વચ્ચે તારીખો છે ને ડાબે-જમણે પડખે જાન્યુઆરીથી જૂન ને જુલાઇથી ડિસેમ્બર એમ છ-છ મહીનાઓનાં ખાનાં નીચે જુદાજુદા વાર આપેલા છે. તેમાંથી જોઇતી તારીખનો વાર મળી આવશે. દાખલા તરીકે ૧૯૪૮ના એપ્રિલની ૬ઠ્ઠી તારીખે કયો વાર હશે તે શોધવું હોય તો, નીચેના કોઠામાં ૧૯૪૮ની સાલ 'કા' અક્ષરવાળી હારમાં છે; એટલે તે અક્ષરવાળું પડખેનું કૅલેન્ડર જોતાં તેમાં ૬ઠ્ઠી તારીખની સામે એપ્રિલના ખાનામાં સોમવાર આવે છે. એટલે ૧૯૪૮ના એપ્રિલની ૬ઠ્ઠીએ સોમવાર હશે. આમ ૧૯૦૧થી૨૦૦૦ સુધીનાં સો વર્ષમાંની કોઇ પણ તારીખનો વાર શોધી શકાશે.

(પી. રા. ભારદ્વાજ)

કુ	મા	ર	કા	ર્યા	લ	ય
	૧૯૦૧	૧૯૦૨	૧૯૦૩	૧૯૦૪		૧૯૦૫
૧૯૦૬	૧૯૦૭	૧૯૦૮		૧૯૦૯	૧૯૧૦	૧૯૧૧
૧૯૧૨		૧૯૧૩	૧૯૧૪	૧૯૧૫	૧૯૧૬	
૧૯૧૭	૧૯૧૮	૧૯૧૯	૧૯૨૦		૧૯૨૧	૧૯૨૨
૧૯૨૩	૧૯૨૪		૧૯૨૫	૧૯૨૬	૧૯૨૭	૧૯૨૮
	૧૯૨૯	૧૯૩૦	૧૯૩૧	૧૯૩૨		૧૯૩૩
૧૯૩૪	૧૯૩૫	૧૯૩૬		૧૯૩૭	૧૯૩૮	૧૯૩૯
૧૯૪૦		૧૯૪૧	૧૯૪૨	૧૯૪૩	૧૯૪૪	
૧૯૪૫	૧૯૪૬	૧૯૪૭	૧૯૪૮		૧૯૪૯	૧૯૫૦
૧૯૫૧	૧૯૫૨		૧૯૫૩	૧૯૫૪	૧૯૫૫	૧૯૫૬
	૧૯૫૭	૧૯૫૮	૧૯૫૯	૧૯૬૦		૧૯૬૧
૧૯૬૨	૧૯૬૩	૧૯૬૪		૧૯૬૫	૧૯૬૬	૧૯૬૭
૧૯૬૮		૧૯૬૯	૧૯૭૦	૧૯૭૧	૧૯૭૨	
૧૯૭૩	૧૯૭૪	૧૯૭૫	૧૯૭૬		૧૯૭૭	૧૯૭૮
૧૯૭૯	૧૯૮૦		૧૯૮૧	૧૯૮૨	૧૯૮૩	૧૯૮૪
	૧૯૮૫	૧૯૮૬	૧૯૮૭	૧૯૮૮		૧૯૮૯
૧૯૯૦	૧૯૯૧	૧૯૯૨		૧૯૯૩	૧૯૯૪	૧૯૯૫
૧૯૯૬		૧૯૯૭	૧૯૯૮	૧૯૯૯	2000	

	જાન્યુ	ફેબ્રુ	માર્ચ	એપ્રિલ	મે	જૂન	તારીખો					જુલાઇ	ઓગસ્ટ	સપ્ટે	ઓક્ટો	નવે	ડિસે
કુ	સોમ	ગુરૂ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	૧	૮	૧૫	૨૨	૨૯	રવિ	બુધ	શનિ	સોમ	ગુરૂ	શનિ
	મંગળ	શુક્ર	શુક્ર	સોમ	બુધ	શનિ	૨	૯	૧૬	૨૩	૩૦	સોમ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	રવિ
	બુધ	શનિ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	૩	૧૦	૧૭	૨૪	૩૧	મંગળ	શુક્ર	સોમ	બુધ	શનિ	સોમ
	ગુરૂ	રવિ	રવિ	બુધ	શુક્ર	સોમ	૪	૧૧	૧૮	૨૫		બુધ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	મંગળ
	શુક્ર	સોમ	સોમ	ગુરૂ	શનિ	મંગળ	૫	૧૨	૧૯	૨૬		ગુરૂ	રવિ	બુધ	શુક્ર	સોમ	બુધ
	શનિ	મંગળ	મંગળ	શુક્ર	રવિ	બુધ	૬	૧૩	૨૦	૨૭		શુક્ર	સોમ	ગુરૂ	શનિ	મંગળ	ગુરૂ
	રવિ	બુધ	બુધ	શનિ	સોમ	ગુરૂ	૭	૧૪	૨૧	૨૮		શનિ	મંગળ	શુક્ર	રવિ	બુધ	શુક્ર
મા	મંગળ	શુક્ર	શુક્ર	સોમ	બુધ	શનિ	૧	૮	૧૫	૨૨	૨૯	સોમ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	રવિ
	બુધ	શનિ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	૨	૯	૧૬	૨૩	૩૦	મંગળ	શુક્ર	સોમ	બુધ	શનિ	સોમ
	ગુરૂ	રવિ	રવિ	બુધ	શુક્ર	સોમ	૩	૧૦	૧૭	૨૪	૩૧	બુધ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	મંગળ
	શુક્ર	સોમ	સોમ	ગુરૂ	શનિ	મંગળ	૪	૧૧	૧૮	૨૫		ગુરૂ	રવિ	બુધ	શુક્ર	સોમ	બુધ
	શનિ	મંગળ	મંગળ	શુક્ર	રવિ	બુધ	૫	૧૨	૧૯	૨૬		શુક્ર	સોમ	ગુરૂ	શનિ	મંગળ	ગુરૂ
	રવિ	બુધ	બુધ	શનિ	સોમ	ગુરૂ	૬	૧૩	૨૦	૨૭		શનિ	મંગળ	શુક્ર	રવિ	બુધ	શુક્ર
	સોમ	ગુરૂ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	૭	૧૪	૨૧	૨૮		રવિ	બુધ	શનિ	સોમ	ગુરૂ	શનિ
ર	બુધ	શનિ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	૧	૮	૧૫	૨૨	૨૯	મંગળ	શુક્ર	સોમ	બુધ	શનિ	સોમ
	ગુરૂ	રવિ	રવિ	બુધ	શુક્ર	સોમ	૨	૯	૧૬	૨૩	૩૦	બુધ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	મંગળ
	શુક્ર	સોમ	સોમ	ગુરૂ	શનિ	મંગળ	૩	૧૦	૧૭	૨૪	૩૧	ગુરૂ	રવિ	બુધ	શુક્ર	સોમ	બુધ
	શનિ	મંગળ	મંગળ	શુક્ર	રવિ	બુધ	૪	૧૧	૧૮	૨૫		શુક્ર	સોમ	ગુરૂ	શનિ	મંગળ	ગુરૂ
	રવિ	બુધ	બુધ	શનિ	સોમ	ગુરૂ	૫	૧૨	૧૯	૨૬		શનિ	મંગળ	શુક્ર	રવિ	બુધ	શુક્ર
	સોમ	ગુરૂ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	૬	૧૩	૨૦	૨૭		રવિ	બુધ	શનિ	સોમ	ગુરૂ	શનિ
	મંગળ	શુક્ર	શુક્ર	સોમ	બુધ	શનિ	૭	૧૪	૨૧	૨૮		સોમ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	રવિ
કા	ગુરૂ	રવિ	રવિ	બુધ	શુક્ર	સોમ	૧	૮	૧૫	૨૨	૨૯	બુધ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	મંગળ
	શુક્ર	સોમ	સોમ	ગુરૂ	શનિ	મંગળ	૨	૯	૧૬	૨૩	૩૦	ગુરૂ	રવિ	બુધ	શુક્ર	સોમ	બુધ
	શનિ	મંગળ	મંગળ	શુક્ર	રવિ	બુધ	૩	૧૦	૧૭	૨૪	૩૧	શુક્ર	સોમ	ગુરૂ	શનિ	મંગળ	ગુરૂ
	રવિ	બુધ	બુધ	શનિ	સોમ	ગુરૂ	૪	૧૧	૧૮	૨૫		શનિ	મંગળ	શુક્ર	રવિ	બુધ	શુક્ર
	સોમ	ગુરૂ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	૫	૧૨	૧૯	૨૬		રવિ	બુધ	શનિ	સોમ	ગુરૂ	શનિ
	મંગળ	શુક્ર	શુક્ર	સોમ	બુધ	શનિ	૬	૧૩	૨૦	૨૭		સોમ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	રવિ
	બુધ	શનિ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	૭	૧૪	૨૧	૨૮		મંગળ	શુક્ર	સોમ	બુધ	શનિ	સોમ
ર્યા	શુક્ર	સોમ	સોમ	ગુરૂ	શનિ	મંગળ	૧	૮	૧૫	૨૨	૨૯	ગુરૂ	રવિ	બુધ	શુક્ર	સોમ	બુધ
	શનિ	મંગળ	મંગળ	શુક્ર	રવિ	બુધ	૨	૯	૧૬	૨૩	૩૦	શુક્ર	સોમ	ગુરૂ	શનિ	મંગળ	ગુરૂ
	રવિ	બુધ	બુધ	શનિ	સોમ	ગુરૂ	૩	૧૦	૧૭	૨૪	૩૧	શનિ	મંગળ	શુક્ર	રવિ	બુધ	શુક્ર
	સોમ	ગુરૂ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	૪	૧૧	૧૮	૨૫		રવિ	બુધ	શનિ	સોમ	ગુરૂ	શનિ
	મંગળ	શુક્ર	શુક્ર	સોમ	બુધ	શનિ	૫	૧૨	૧૯	૨૬		સોમ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	રવિ
	બુધ	શનિ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	૬	૧૩	૨૦	૨૭		મંગળ	શુક્ર	સોમ	બુધ	શનિ	સોમ
	ગુરૂ	રવિ	રવિ	બુધ	શુક્ર	સોમ	૭	૧૪	૨૧	૨૮		બુધ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	મંગળ
લ	શનિ	મંગળ	મંગળ	શુક્ર	રવિ	બુધ	૧	૮	૧૫	૨૨	૨૯	શુક્ર	સોમ	ગુરૂ	શનિ	મંગળ	ગુરૂ
	રવિ	બુધ	બુધ	શનિ	સોમ	ગુરૂ	૨	૯	૧૬	૨૩	૩૦	શનિ	મંગળ	શુક્ર	રવિ	બુધ	શુક્ર
	સોમ	ગુરૂ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	૩	૧૦	૧૭	૨૪	૩૧	રવિ	બુધ	શનિ	સોમ	ગુરૂ	શનિ
	મંગળ	શુક્ર	શુક્ર	સોમ	બુધ	શનિ	૪	૧૧	૧૮	૨૫		સોમ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	રવિ
	બુધ	શનિ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	૫	૧૨	૧૯	૨૬		મંગળ	શુક્ર	સોમ	બુધ	શનિ	સોમ
	ગુરૂ	રવિ	રવિ	બુધ	શુક્ર	સોમ	૬	૧૩	૨૦	૨૭		બુધ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	મંગળ
	શુક્ર	સોમ	સોમ	ગુરૂ	શનિ	મંગળ	૭	૧૪	૨૧	૨૮		ગુરૂ	રવિ	બુધ	શુક્ર	સોમ	બુધ
ય	રવિ	બુધ	બુધ	શનિ	સોમ	ગુરૂ	૧	૮	૧૫	૨૨	૨૯	શનિ	મંગળ	શુક્ર	રવિ	બુધ	શુક્ર
	સોમ	ગુરૂ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	૨	૯	૧૬	૨૩	૩૦	રવિ	બુધ	શનિ	સોમ	ગુરૂ	શનિ
	મંગળ	શુક્ર	શુક્ર	સોમ	બુધ	શનિ	૩	૧૦	૧૭	૨૪	૩૧	સોમ	ગુરૂ	રવિ	મંગળ	શુક્ર	રવિ
	બુધ	શનિ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	૪	૧૧	૧૮	૨૫		મંગળ	શુક્ર	સોમ	બુધ	શનિ	સોમ
	ગુરૂ	રવિ	રવિ	બુધ	શુક્ર	સોમ	૫	૧૨	૧૯	૨૬		બુધ	શનિ	મંગળ	ગુરૂ	રવિ	મંગળ
	શુક્ર	સોમ	સોમ	ગુરૂ	શનિ	મંગળ	૬	૧૩	૨૦	૨૭		ગુરૂ	રવિ	બુધ	શુક્ર	સોમ	બુધ
	શનિ	મંગળ	મંગળ	શુક્ર	રવિ	બુધ	૭	૧૪	૨૧	૨૮		શુક્ર	સોમ	ગુરૂ	શનિ	મંગળ	ગુરૂ

સો વર્ષના આ કાયમી પંચાંગને કાપી લઇને એક પૂઠા પર ચોડી હંમેશને માટે સાચવી શકાશે.

મનોરથ

· મિશ્ર ·

અસંખ્ય મૂલ્યાંકિત રત્ન રાજવી-
કિરીટમાં; સાગરમધ્ય કૈં છૂપ્યાં;
ભૂગર્ભમાં શાશ્વત નીંદ સેવતાં
એથી મહામૂલ્યવતાં વધુ હશે.

ગર્વિષ્ઠ રત્નો બની વાત જો કરે
માહાત્મ્યની આપ તણાં ગુમાનથી,
સમૃદ્ધિ–પાતાળ સમક્ષ તુચ્છ તે
સહસ્રશઃ રત્નમયી વસુન્ધરા.

મને ગણું જો જગરત્ન કો મહા
મદાન્ધતા-દોષ-ચુંગાલમાં ફસું;
ન દીનતા આત્મવિઘાતિની રુચે,
મહા થવાને ઉર ઝંખતું રહે.

મહા બનીને મહિમા તણો ન તો
બનું કદી દાસ, હું વાંછું છું પ્રભો!

તનસુખ ભટ્ટ

વિનતિ

· વસંતતિલકા ·

સંસારની અટવીમાં ભય-કલાન્તિ-મુક્ત
સ્વપ્ને વિમુગ્ધ શિશુ શો અતિ આથડ્યો હું;
જાળાં બધાં જગતમાં સઘળે બચેલાં
તેને વિદીર્ણ કરવા કટિબદ્ધ થૈને,
ને રુદ્ધ તંદ્રિલ રહ્યો મનુપ્રાણ તેને
સત્ય પ્રભાવ સમજાવી મથેલ ખંતે
કેવો સમાનદગશીલ બનાવવા હું!

આજે ડુબેલ અવસાદ મહીં વિચારું:
'આદર્શ એ? શું હતી એ મૃગતૃષ્ણિકા વા?
કે આત્મરંજિત હતું જ સુહામણું એ
શું કાળરેણુ પર ચંચળ ચિત્ર ચિત્તનું?'
છો એ ન'તો જય; પરાજય યે ગણું ના;
સત્પ્રેરણા યદિ ગણી ન શકો જ એને,
મારે વિષે વિનવું: મૌન ધરી રહેશો.

અશોક હર્ષ

સ્મરણો

· મિશ્ર ·

સરોવરે કોઈ પ્રશાંત સાંજના
ઊંડાણથી માછલીઓ અશબ્દ
આવી ફરે ઉપર ને સરે એ
પાછી જલે; નીરવ જાય મૂકી
રેખા વળી કૈં ક્ષણ જીવની એ.

ને રીત કોદિ હૃદના પ્રશાંત
સરોવરે શૈશવની સ્મૃતિની
ઊંડાણથી ઉપર માછલીઓ
આવી સરે નીર પરે ઘડી ને
જતી રહે એ ગહને રચીને
આનંદ કેરી લઘુ કૈંક રેખા.
ઝલાય ના એ દિલ ઝાલવાને
ચહે નહિ વા; પણ એક દીધી
આનંદની જે ક્ષણ તે લઈ લે.

⁂

આવી જતી શ્રાવણ વાદળીઓ,
ઝમી જતી એ જલ ને જમીન
કરી જતી આર્દ્ર જરીક; તેમ
આવી ચઢે વાદળીઓ કદિકદિ
વહાલાં મને તે સઘળાં જનોની
સ્મૃતિ તણી, ને વરસી સુધા એ
સૂકી જરી આ દિલભોમકાને
કરી જતી સૌ હરિયાળી આર્દ્ર.

⁂

કોલાહલો સૌ દિનના શમી જતા
એકેક તારા નભ માંહી ઊગતા.
આ જિંદગીના વહેવાર કેરા
કોલાહલો શાંત બની જતા કદિ
ધન્ય ક્ષણે; તો હર આભ માંહી
વહાલાં જનોનાં સ્મરણો ઊગંતાં
એકેક તારા સમ સૌ ઝગે ને
મૂગો રહી જોઉં ભીનાં દૃગે એ.

પ્રહ્લાદ પારેખ

જિંદગી કોને કહો છો?

જિંદગી કોને કહો છો, જો નહિ
આંખમાં લાલી ભરી સ્વપ્નો તણી?
ને સ્વપ્નને સાચાં કરી ઊતારવા
ઝંખતી ના આરઝૂ હૈયા તણી?
જિંદગી શી ચીજ છે, જો એ નહિ
કૂચ સાથે ધ્યેયની રેખા ભણી?
ફુરસદ નહિ યે બે ઘડી ખોટી થવા
મોજ મીઠી માણવા આંસુ તણી?
જિંદગી શું છે કહોને, જો નહિ
તાઝગી જાણે કદિ એ તેજની?
વિશ્વને અંધાર જો એ ના બને
અંત સુધી સળગતી અગ્નિકણી?

મકરન્દ દવે

સામયિક ચિંતન

મહત્તા કોને કહો છો?

'પૂર્ણિમાયન મિત્ર'

આપણામાં મહત્તા વિષે એક ખોટો ખ્યાલ છે. દુનિયામાં જેની નામના ચારે દિશામાં ફેલાઈ ગઈ, જેણે કંઈક નવીન શોધ કરી, જેણે કંઈક પરાક્રમ કરી બતાવ્યું તેને માથે આપણે મહત્તાની મ્હોર મારી દઈએ છીએ. મોટા માણસોની જીવનકથામાં આપણે હમેશાં ચમત્કાર અનુભવીએ છીએ. અજાયબી પમાડે એવી બુદ્ધિ, સાગર જેવું હૃદય કે અપરિમેય શક્તિ લઈને જ એ સૌ અવતરતા હોય છે. એવા મહામાનવ માટે એમજ કહેવાય છે કે એ તો બધા જુદી માટીના ઘડેલા. એમની ખોપરીના તંતુ જુદી રીતે વણાએલા. માત્ર મુઠ્ઠીભર ભાગ્યશાળીઓ જ આવો વારસો લઈને દુનિયામાં અવતરી શકે.

ને વાત કાંઈ ખોટી પણ નથી. પારણામાંથી જ મોંમાં આંગળા નખાવી દે એવાં લક્ષણ ધરાવતા પુત્રો જન્મે છે, થોડા જ કાળમાં અજબ પ્રગતિ કરે છે અને છેવટ જગતના કીર્તિશિખરે ચપટી બજાવતા ચડી જાય છે. વાત સાવ સાચી છે. પણ એ જ કાંઈ માણસની ખરી મહત્તાનું માપયંત્ર નથી. માણસ કેટલો મહાન છે એ તેની વિદ્યુતવેગી ઝડપ કરતાં એ કઈ દિશામાં, કેવા સંજોગોમાં, ક્યાં સાધનોથી આગળ વધે છે એ જોવામાં છે. એટલે, જ્યારથી આવી અસાધારણ શક્તિ ધરાવતા મનુષ્યો પર જ આમ મહત્તાની છાપ મૂકવામાં આવી ત્યારથી સ્વાભાવિક વિકાસ સાધતા માનસ પર એક મોટો ફટકો દુનિયાની કદરની દૃષ્ટિએ પડ્યો.

આપણી દૃષ્ટિ હમેશાં ઝગમગાટભર્યા પ્રકાશ ભણી ખેંચાય છે. ત્રીસ વરસની લગની જુવાનીમાં જીવનના મોખરા સર કરનારાઓ આગળ ગામડાગામનો એંશી વરસ થયાં પોતાના ગામનું નૂર ટકાવી રાખવા મથતો કોઈ મહેતાજી કે પગી ભુલાઈ જશે. મહત્તા કાર્યક્ષેત્રની વિશાળતામાં જ સમાઈ જાય છે, કોઈ ઉચ્ચ ધ્યેય (જે નામ એને ઘણીવાર આપવામાં આવે છે તે)માં જ એની પૂર્ણાહુતિ થાય છે એમ માનવું એ દૃષ્ટિભ્રમ છે. અને જે દિવસથી એવી ગરજતી મહત્તાનું ત્રાજવું નમ્યું તે દિવસથી આપણા સામાન્ય માનસમાં આવી નિર્બળતા પેઠી કે: 'શું આપણું કાંઈ એ ગજું છે?' 'ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી?' આવા ઉદ્ગારો સાચી મહત્તા માટેના પ્રોત્સાહન વિના ડૂબી જતા લોકમાનસની અંતરવાણી છે. એક નાનુંસરખું યે કાર્ય, ધૂળ ભરેલા દુનિયાને ખૂણે પડેલા ઝૂંપડામાં જીવેલું સાચા માનવી તરીકેનું આયખું પણ મહત્તાથી તરબોળ ભર્યું છે એ આપણને નથી શીખવવામાં આવ્યું. ને પરિણામે જગતની દૃષ્ટિએ વધેલા પર્વત જેવડા મહામાનવીઓને જ ઊંચે આસને બેસાડી દઈ આપણે પર્વત જેવડી ભૂલ કરીએ છીએ.

ચિન્તારાણી સાથે લગ્ન કરનાર

એક ભાઈ છે. એમણે ચિંતારાણી સાથે લગ્ન કર્યાં છે. આ લગ્નથી જે સંતાનો થયાં છે એમાં મોટી પુત્રીનું નામ ઉપાધિ છે, એક પુત્રનું નામ આફત છે ને નાના પુત્રનું નામ સંતાપ છે. એમનો સ્થૂલ ગૃહસંસાર તો સુખી છે; પણ ચિંતારાણી સાથેના આ માનસલગ્નથી એમણે એ સંસારને દુઃખી બનાવી દીધો છે.

એ જ્યારે રમવા બેસે છે ત્યારે રમતને પણ એટલી ગંભીર બનાવી દે છે કે હારજીતની એમના પર સીધી અસર થાય છે. પાનાં રમતા હોય ને ઊતરમાં થોડી ભૂલ થાય તો એ ત્યાર પછી વિચાર્યા જ કરતા હોય કે પેલું બરાબર પાનું ઊતર્યા હોત તો હારત નહિ. એટલે રમત એમના મનને આનંદમાં રાખવાને બદલે ઘણી વાર એમના મનને ઊંધું ઊગલાવી નાખે છે.

એમની આવક ખોટી નથી; તો યે એ માને છે કે એમના પર જગતનો અન્યાય ઊતરી રહ્યો છે. વધુ કમાણી કરવાની નક્કર યોજના કરવાને બદલે એ ઓછી કમાણીની વ્યથા કર્યા કરે છે.

અમુક ચીજ નથી એટલા ખાતર માણસે પોતાનું મન ભાંગી નાખવું ન જોઈએ. 'નથી' એવો શબ્દ છે કે ગમે તે ક્ષણે એ ઊપટી જાય છે. 'નથી'ને ઉથલાવવા માટે તમારામાં વ્યક્તિત્વ નથી એમ પુરવાર કરવાની જરૂર નથી.

તમે દૂબળી કલ્પના કરશો તો તમારી સિદ્ધિ દૂબળી જ હશે. તમારું કલ્પન બળવાન હશે તો તમે જે જમીન પર ઊતરશો ત્યાં તમને લેવા માટે બીજું બળ હાજર થશે.

ફિકર કરવી એ કોઈ ક્ષણે જરૂરી હશે. પણ ઉપજાવી કાઢેલી ફિકર તો માણસને પહેલો તારાજ કરે છે.

જીવન જીવવા માટે પહેલી જરૂર પડે છે તમારા શ્વાસની. આ શ્વાસના તાલ બગાડવો હોય તો ચિંતારાણી સાથે લગ્ન કરજો.

(જિતુભાઈ મહેતા)

જે મહાન જીવન બીજાને પોતાની તરફ ખેંચી પોતાના જેવા બનવાની પ્રેરણા ન આપી કેવળ અહોભાવ ઉત્પન્ન કરાવી શકે—દેવસ્થાન પ્રાપ્ત કરી શકે એ ગમે તેટલું ચમત્કારક છતાં સંગ્રહસ્થાનની એક અજાયબીભરી વસ્તુ કરતા તેનું મૂલ્ય જરા યે વધારે નથી. અપવાદમાં ભળવા કરતાં માણસાઈનું ધોરણ ઊંચું રાખી, પોતાના આદર્શ માટે લડતો-ઝગડતો, પડતો આખડતો ને એમ છતાં ઊભો થઈ આગળ વધતો માનવી માણસની સાચી પ્રેરણામૂર્તિ બની શકે. મહત્તા વિજયને સિંહાસને ચડી બેસવામાં નથી, પ્રયત્નમાં છે—સતત્ અને સાચા દિલના પ્રયત્ન. અને એ મેળવીશું ત્યારે સઘળું આપણે મેળવી શકીશું. સાચી મહત્તાની કૂંચી ત્યારે આપણા હાથમાં આવશે. આપણા ઘરના જ બાળકને આપણે સારા સંસ્કાર આપી શકીએ, આપણા નોકરચાકર કે પડોશી સાથે આપણે એક દિલનો પ્રેમ વાળી શકીએ, એક નાના સરખા સંઘને કે આપણા મામૂલી ગણાતા ગામડાને આપણે જીવનબળથી ફોરતું બનાવી શકીએ તો એ પણ નોબેલ પ્રાઈઝ મેળવવા જેવું જ મહાન કાર્ય છે એ સમજવાની જરૂર છે.

આપણા જીવનમાં આવતી ખરી મહત્તાને આપણે ક્ષુલ્લક ગણી હસી કાઢીએ છીએ, ને જેમના પર પ્રતિભા ને અદ્ભુત મેધાના ઢોળ ચડાવવામાં આવ્યા છે તેમના પગ તળાંસતા ભક્તિમૂઢ બનીને નિરર્થક બેઠા રહીએ છીએ. આના જેવી આત્મવંચના-પોતાની જ ક્રૂર મશ્કરી—બીજી કઈ હોઈ શકે?

આપણે સૌ જ મહાન થવા સર્જાયા છીએ. મહત્તા કોઈ અદ્ભુત દેશની પરી બની પાંખો ફફડાવતી નથી આવતી; પણ આપણા હાથમાં જ એ છે. આપણે કરી શકીએ એવું ઘણું છે જે માણસ, મારામાં શક્તિ નથી, કહી રડવા બેસે છે એ તેના સર્જનહાર ઈશ્વરને દુઃખ પહોંચાડવા સિવાય બીજું કશું નથી કરતો. આપણી મહત્તાના માર્ગે કદાચ લોકોની તાળીઓના અવાજ નહિ હોય, કોઈ ચિરંજીવ મહાકાવ્યના શ્લોક નહિ હોય, કોઈ જગજ્જિતાના યશસ્વી ઘોડાના ડાબલા નહિ હોય, પણ એક સાચા માનવીના હૃદયનું ગૌરવધન હશે, આત્મનિષ્ઠા હશે ને આપણે જે ધરતી પર ઊભા રહ્યા છીએ તેનું, શક્તિ પ્રમાણે, મૂક મને કલ્યાણ કર્યાની સંતોષરેખા હશે

પોતાની અનન્ય પ્રજ્ઞા વડે ભારતનું નામ દિગંતવ્યાપી કરનાર પ્રતિભાવાન તત્ત્વચિંતક અને અધ્યાપક

સર સર્વપલ્લી રાધાકૃષ્ણન્

લેખકો

ડૉ. બાલકૃષ્ણ અમરજી પાઠક અને

રંગીલદાસ કાપડિયા



જગતના માનવકુલકિરીટમાં જે મોંઘાં રત્નો હિંદ તરફથી અર્પણ થયાં છે તે મહાત્મા ગાંધીજી, રવીન્દ્રનાથ ઠાકુર, જગદીશચન્દ્ર બોઝ આદિની સાથોસાથ વિરાજતા આ ભારતપુત્રે પ્રજ્ઞાના ક્ષેત્રમાં હિંદનું નામ દિગંતવ્યાપી કર્યું છે. હિંદુ તત્ત્વજ્ઞાનનું અત્યંત સરલ અને મિષ્ટ રૂપમાં પશ્ચિમની દુનિયાને આકંઠ પાન કરાવીને એમણે આર્યદેશના એ મોંઘા વારસાની મહત્તા જગત આગળ સાબિત કરી આપી છે, એટલું જ નહિ પણ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં ભારતીય ચિંતન અને સંસ્કાર આજે પણ પશ્ચિમને જે માર્ગનિર્દેશ કરી શકે એમ છે તે દર્શાવી આપ્યું છે. બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયના વાઇસ-ચૅન્સેલર આ સર સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ની સંસ્કારવાણી જેણે એક વાર પણ સાંભળી હશે તે એ ઊંચી, એકવડા બાંધાની તેજમૂર્તિને અને એના સરલ ને અસ્ખલિત વાગ્પ્રવાહને કદિ નહિ વિસરી શકે.

મદ્રાસની પશ્ચિમે ૪૦ માઈલને અંતરે આવેલા તીરૂતામી નામના એક નાનકડા યાત્રાધામમાં એક મધ્યમ સ્થિતિના કુટુંબમાં,ઇ.૧૮૮૮ ની પમી સપ્ટેમ્બરે એમનો જન્મ થયો. એમના પિતા કોઇ જમીનદારને ત્યાં તેહસીલદાર હતા અને ચુસ્ત સનાતની બ્રાહ્મણ હતા.

આવા રૂઢિચુસ્ત બ્રાહ્મણના પુત્રનો પ્રાથમિક ને માધ્યમિક શિક્ષણનો બધો કાળ ખ્રિસ્તી ધર્મની મિશનરી સંસ્થાઓમાં વીત્યો એ એક અજબ યોગ હતો. અને તેથી જ એમની વાણીમાંથી આજે હિંદુ ધર્મગ્રંથોની વાણી એટલી જ સરળતાથી બાઇબલનાં વચનો સરે છે.

વેલોરની એ અમેરિકન ક્રિશ્ચિયન શાળામાંથી ઇ. ૧૯૦૩માં મૅટ્રિક થઇ મદ્રાસની ક્રિશ્ચિયન કૉલેજમાં એ જોડાયા.ત્યાંથી ૧૯૦૭ માં બી. એ. થયા અને ૧૯૦૯માં તત્ત્વજ્ઞાનનો વિષય લઇ પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાને એમ. એ. થઇને યુનિવર્સિટી-ચન્દ્રક મેળવ્યો. એમની આ અદ્‌ભુત સિદ્ધિથી આકર્ષાઈ મદ્રાસ પ્રેસિડેન્સી કૉલેજે એમને તરત જ તત્ત્વજ્ઞાનના સહાયક અધ્યાપક તરીકે નીમ્યા અને ૧૯૧૧માં કાયમી બનાવ્યા; એ દરમ્યાન ૧૯૧૦માં શિક્ષણશાસ્ત્રની એલ. ટી.ની ઉપાધિ પણ એમણે મેળવી લીધી.

અધ્યાપક તરીકે તો એમની કીર્તિ એટલી વ્યાપક બની ગઇ કે મ્હૈસુર યુનિવર્સિટીએ એમની સેવાઓ પાંચ વર્ષ માટે ઉછીની આપવા મદ્રાસ સરકાર પાસે માગણી કરી. અને દિવસો જતાં એમની આ નામના એમના પ્રાંતની સીમા ઓળંગી દૂરદૂર ફેલાવા લાગી.

આ દરમ્યાન એમણે ગ્રંથલેખન શરૂ કર્યું. તેમાં 'ધ રેઇન ઑવ રીલીજિયન ઇન કૉન્ટેમ્પોરરી ફિલૉસૉફી' (સમકાલિન ફિલ્સૂફીમાં ધર્મનું પ્રભુત્વ) નામનો ગ્રંથ એમની કીર્તિદા બની ગયો. યુરોપ-અમેરિકાના તત્ત્વજ્ઞાનીઓ એથી એટલા તો મુગ્ધ થઈ ગયા કે એમણે રાધાકૃષ્ણન્‌ને ફિલ્સૂફીના પ્રખર પંડિત તરીકે પ્રીછ્યા. આજે એમનો એ ગ્રંથ પશ્ચિમનાં ઘણાં વિશ્વવિદ્યાલયોમાં પાઠ્યપુસ્તક તરીકે ચાલે છે.

૧૯૨૦માં મ્હૈસુરની સેવાની એમની પાંચ વર્ષની મુદત પૂરી થતાં જ મદ્રાસ સરકારે એમને પાછા બોલાવી I. E. S. (ઇન્ડિયન એજ્યુકેશનલ સર્વિસ)ની શાહી-સર્વિસમાં લઇ લીધા.

કલકત્તા યુનિવર્સિટીના વાઇસ ચૅન્સેલર અને અનન્ય વિદ્યાપ્રેમી ન્યાયમૂર્તિ સર આશુતોષ મુકરજીની ગુણપરીક્ષા વિખ્યાત છે. સરસ્વતી-સેવકોની કદર કરવામાં એમને કદાચ ચાલુ જમાનાના ભોજ કહી શકાય. હિંદભરમાંથી પ્રખ્યાત વિદ્વાનો અને વૈજ્ઞાનિકોને વીણીવીણીને ભેગા કરી એમણે કલકત્તા યુનિવર્સિટીને વિદ્યાનું ખરેખરૂં ધામ બનાવી દીધું છે. પ્રો. રાધાકૃષ્ણન્ મ્હૈસુરમાં હતા ત્યારના સર આશુતોષે એમને નજરમાં રાખેલા. એ મદ્રાસ પાછા વળ્યા એ અરસામાં કલકત્તામાં તત્ત્વજ્ઞાનની 'કિંગ જ્યૉર્જ ચૅર' ખાલી પડતાં જ રાધાકૃષ્ણન્‌ને એ સ્થળે 'પ્રોફેસર ઑવ મેન્ટલ ઍન્ડ મૉરલ સાયન્સ' તરીકે બોલાવી લીધા, જ્યાં એ ૧૯૨૧થી ૧૯૪૧ સુધી રહ્યા.

કલકત્તાનિવાસનાં આ વીસ વર્ષ એ પ્રો. રાધાકૃષ્ણન્‌ના જીવનનો બીજો યુગ. એ દરમ્યાન પોતાની અપ્રતિમ મેધા, વિદ્વત્તા ને કાર્યદક્ષતા વડે પોતાની અધ્યાપક તરીકેની નિમણૂકને એમણે ઉજ્જવળી, એટલું જ નહિ પણ એ ગાળામાં લખેલા વિદ્વાન ગ્રંથ વડે પોતાનું નામ દેશપરદેશમાં ગાજતું કરી દીધું. એ ગ્રંથ તે 'હિસ્ટરી ઑવ ઇન્ડિયન ફિલૉસોફી'(હિંદી તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ). દુનિયાભરના તત્ત્વજ્ઞાનીઓ ને અભ્યાસીઓ એ પ્રત્યે આકર્ષાયા. પોતાના વિષયનું પ્રતિપાદન એમણે એમાં વિષયને અનુરૂપ શૈલીમાં, અંગ્રેજી ઉપર પ્રભુત્વ મેળવી ચૂકેલી કલમ વડે એટલી તો સચોટરીતે કર્યું છે કે પશ્ચિમના અનેક વિદ્વાનો એમના પરિચયમાં આવવા ઉત્સુક બન્યા ને એમના મિત્ર બની ગયા. અહીં એ નોંધવું જરૂરી છે કે કલકત્તા યુનિવર્સિટીએ પોતાનાં સર્વ સાધનો વડે એમને એમના કાર્યમાં મુક્ત સહાય કરી હતી અને એમનો માર્ગ સરળ બનાવવા અનેક છૂટછાટો પણ આપેલી.

૧૯૨૬ના જૂનમાં કેમ્બ્રિજમાં મળેલી એમ્પાયર યુનિવર્સિટી

કૉન્ફરન્સ' (સમસ્ત બ્રિટિશ સામ્રાજ્યની વિદ્યાપીઠોની પરિષદ)માં પોતાના પ્રતિનિધિ મોકલવા કલકત્તા યુનિવર્સિટીને કહેણ આવ્યું એમાં પ્રો. રાધાકૃષ્ણન્‌ની પસંદગી થઈ. રાધાકૃષ્ણન્ વિલાયત આવે છે એ સમાચાર મળતાં જ અનેક યુનિવર્સિટીઓ અને મંડળોનાં, પોતાને ત્યાં ભાષણો આપવાનાં આમંત્રણો એમને દ્વારે ખડકાયાં. એમાં સર્વથી ધ્યાન ખેંચનારું આમંત્રણ હતું ઑક્સફર્ડના અપ્ટન ટ્રસ્ટનું. એ ટ્રસ્ટની વ્યવસ્થા હેઠળ એ પહેલાં ડીન ઈન્જ, કુ. એવલીન અંડરહિલ અને ડૉ. એલ.પી. જૅક્સ જેવા ધુરંધર પંડિતોને ભાષણ આપવા આમંત્રવામાં આવેલા. આ બાબતમાં ઑક્સફર્ડે પ્રણાલિકાભંગ કરીને પહેલી જ વાર એક પરદેશીને નોતર્યા. રાધાકૃષ્ણન્ એ અપૂર્વ માન મેળવનાર પ્રથમ હિંદી હતા.

એમણે ઑક્સફર્ડમાં પોતાનાં આ ભાષણો વડે કોઈ અનોખી છાપ પાડી. ઑક્સફર્ડજીવનમાં આ સપ્તાહ (the 'Eights') નિરાળું જ સ્થાન ભોગવે છે. પ્રોફેસરો ને વિદ્યાર્થીઓ રમતગમતના (બોટિંગ ઈત્યાદિના) કાર્યક્રમમાં એવા તો મગ્ન હોય છે કે ગમે તેવાં આકર્ષક ભાષણો માટે પણ શ્રોતા એકઠા કરવા એ મોટી મુશીબત. પણ રાધાકૃષ્ણન્ તેમાં અપવાદ નીવડ્યા. એમના ભાષણના બીજા જ દિવસથી હાજરી એકદમ વધી ગઇ અને 'Eights'નો કાર્યક્રમ હડસેલીને પણ એમનાં વ્યાખ્યાનો વેળા ઠઠ જામવા લાગી. રાધાકૃષ્ણન્‌ની આ અનુપમ શક્તિને અંજલિ આપતાં પ્રો. જૅક્સને પણ કહેવું પડ્યું કે 'ઑક્સફર્ડના જીવનમાં આ ચમત્કાર ગણાય.' હાથમાં એક પણ કાગળના ટુકડા વિના અસ્ખલિત વાણીપ્રવાહ વહેવડાવતા એ હિંદી વિદ્વાનના વાણી પરના પ્રભુત્વે અને પોતાના વિષયને ચિત્તાકર્ષક રીતે રજૂ કરવાની તેની અપ્રતિમ કલાએ ઇગ્લંડના શ્રોતૃવર્ગને ચકિત કરી નાખ્યો ! આ અપ્ટન વ્યાખ્યાનો 'હિન્દુ વ્યૂ ઑવ લાઈફ' (હિન્દુનું જીવનદર્શન) નામથી ગ્રંથસ્થ થયાં છે.

એ જ વર્ષે સપ્ટેમ્બર માસમાં અમેરિકામાં હાર્વર્ડ વિદ્યાપીઠમાં આંતરરાષ્ટ્રીય તત્ત્વજ્ઞાન પરિષદ મળી. કલકત્તા વિદ્યાપીઠે એ પરિષદમાં પણ પોતાના પ્રતિનિધિ તરીકે રાધાકૃષ્ણન્‌ની જ વરણી કરી, એટલે જુલાઇની આખરે એ ત્યાં જવા નીકળ્યા. રાધાકૃષ્ણન્ અમેરિકા આવે છે એ સમાચારથી અમેરિકા ઘેલું બન્યું. એમનાં વ્યાખ્યાનો માટે ચોમેરથી એમને આમંત્રણો મળવા લાગ્યાં. એ સર્વમાં શિકાગો વિદ્યાપીઠ તરફથી હાસ્કેલ ટ્રસ્ટનાં વ્યાખ્યાનો માટેનું આમંત્રણ વિશિષ્ટ હતું. શિકાગો એ સર્વધર્મ પરિષદનું કેન્દ્ર. અહીં જ સ્વામી વિવેકાનંદે અમેરિકાને હિંદુધર્મનો સંદેશ સુણાવ્યો હતો. એ હાસ્કેલ વ્યાખ્યાનમાળા પણ એટલી જ વિજયી નીવડી.

૧૯૨૬માં તેઓ અમેરિકાથી હિંદ પાછા ફર્યા ત્યારે એમના પ્રાંત આંધ્ર દેશની યુનિવર્સિટીએ એમનું બહુમાન કરી એમને ડી. લિટ. (ડૉક્ટર ઑવ લિટરેચર)ની પદવી આપી અને પાંચ વરસ માટે પોતાના વાઈસ ચૅન્સેલર (ઉપ-કુલપતિ) તરીકે નીમ્યા. અહીં એમને વિચારોના પ્રદેશમાંથી વ્યવહારના પ્રદેશમાં ઊતરવું પડ્યું. પરંતુ એમાં પણ તે એવા ખંત અને કુશળતાથી લાગી ગયા કે આંધ્ર યુનિવર્સિટીને એમણે અનોખો વેગ આપ્યો.

૧૯૨૮માં ઑક્સફર્ડની મૅન્ચેસ્ટર કૉલેજમાં પ્રિન્સિપલ ઈસ્ટલીન કાર્પેન્ટર નિવૃત્ત થતાં 'કમ્પૅરૅટિવ રીલીજિયન'ની ખુરશી ખાલી પડી; અને ઇગ્લંડની પ્રથમ મુલાકાત વખતે એમણે પાડેલી છાપથી મુગ્ધ થએલા એ દેશે તે પદ માટે એમને આમંત્રણ આપ્યું. રાધાકૃષ્ણન્ માટે એટલો જ હિંદ માટે આ ભારે ગૌરવનો વિષય હતો. એ જગ્યા કાયમી હતી, પરંતુ રાધાકૃષ્ણને એનો સ્વીકાર કામચલાઉ જ કર્યો અને ૧૯૩૦ સુધી એ ત્યાં રહ્યા. એ દરમ્યાન હિબર્ટ ટ્રસ્ટ તરફથી એમણે બે વ્યાખ્યાનમાળાઓ આપી.

રાધાકૃષ્ણન્‌ની આ બીજી મુલાકાત પ્રથમ કરતાં પણ વધુ સફળ નીવડી. ઇગ્લંડની પ્રજાનો ઉત્સાહ અને આ મહાન શિક્ષકની ગુણપરીક્ષા કોઈ રીતે કમી થયાં નહોતાં. એમણે એક પૂર્વીય પ્રતિ દેખાડેલો એ આદરભાવ અજોડ અને અદ્વિતીય હતો. લંડનની યુનિવર્સિટી-કૉલેજના વિશાળ સભાગૃહમાં એ વ્યાખ્યાનમાળાને સમેટતાં લંડન વિદ્યાપીઠના કુલનાયક સર વિલિયમ કૉલિન્સે કહ્યું કે 'આપણે પ્રજ્ઞ પુરુષોની શોધ માટે હમેશાં પૂર્વ તરફ મીટ માંડી છે, અને આજે એવા એક મહાન પૂજ્ય શિક્ષાગુરુને ચરણે બેસવાનો આપણને અધિકાર સાંપડ્યો છે. આવા વિદ્વાન અધ્યાપક ધરાવવા માટે કલકત્તા યુનિવર્સિટીને અભિનંદન ઘટે છે.' અને પછી રાધાકૃષ્ણન્‌ને ઉદ્દેશીને કહ્યું, 'ચાળીસ વર્ષ પૂર્વે હું જ્યારે લંડન વિદ્યાપીઠમાં ભણવા બેઠો ત્યારે તમારા જેવા અધ્યાપક હોત તો કેવું સારું !'

અધ્યાપક તરીકે ઑક્સફર્ડમાં ગાળેલાં એ ત્રણ સત્રો એમના જીવનનો અનન્ય ગૌરવકાળ હતો. સફળતા તો એમને જન્મથી જ વરી હતી. એમના વિદ્યાર્થીઓ સ્તબ્ધ બની એમનો વાણીપ્રવાહ ઝીલતા. જે દિવસે રાધાકૃષ્ણન્ પોતાનો હોદ્દો છોડી હિંદ પાછા ફર્યા ત્યારે એ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓનાં ટોળાં એમને વિદાય દેવા—પોતાની કૃતજ્ઞતા દર્શાવવા—સ્ટેશને ટોળે વળ્યાં હતાં. ઑક્સફર્ડની રીતરસમ જાણનારાઓ જ સમજી શકે કે આ કેવું અપ્રતિમ સંમાન હતું.

૧૯૩૦ના જુલાઈમાં એ ભારતને કિનારે ઊતર્યા. પરદેશમાં બજાવેલી સર્વોપરી સેવાના બદલામાં, એમના હોદ્દાની મુદ્દત પૂરી થતાં કલકત્તા વિદ્યાપીઠે એમને આજીવન સભ્ય તરીકે સ્વીકારી એ વિદ્યાપીઠની તવારીખમાં કોઇને કદિ ન અપાએલું એવું માન આપ્યું. અને સરકારે પણ એમને 'સર'ના ઈલ્કાબથી નવાજ્યા.

૧૯૩૯માં પંડિત મદનમોહન માલવીયાજીએ પોતાની બનારસ હિંદુ યુનિવર્સિટીની કાર્યધુરા એમના માથે નાખીને એમને વાઇસ-ચૅન્સેલર (ઉપ-કુલપતિ) નીમ્યા; અને એમણે એ કાર્ય સહર્ષ ઉપાડી લીધું. પણ ૧૯૪૧માં નામદાર ગાયકવાડ સરકારે બનારસ હિંદુ યુનિવર્સિટીને હિંદી સંસ્કૃતિ અને ઇતિહાસના ઉચ્ચતમ અભ્યાસ માટે રૂા. ૨૧,૦૦૦નું વર્ષાસન બાંધી આપ્યું તથા એ વિષયના પહેલા આચાર્ય સર રાધાકૃષ્ણન્ જ થાય એવો દૃઢ આગ્રહ કર્યો ત્યારે રાધાકૃષ્ણનને મોટી મૂંઝવણ થઇ પડી. જે કલકત્તા યુનિવર્સિટીએ એમનો જીવનપંથ ઉજ્જ્વલ કરવામાં એમને અનેક રીતે સહાય કરી હતી અને પોતાના આજીવન સભ્ય તરીકે સ્વીકાર્યા હતા તેને કેમ છોડાય ? પરંતુ અંતે તેઓ કાશીનિવાસી થયા અને આજે બનારસ હિંદુ યુનિવર્સિટીને તરતી બનાવી રહ્યા છે. છતાં કલકત્તા, આંધ્ર, ઑક્સફર્ડ તેમજ બીજી અનેક યુનિવર્સિટીઓ જોડેનો એમનો સંબંધ હજી ચાલુ જ છે. આજે તેઓ 'ઈન્ટર યુનિવર્સિટી બોર્ડના' પ્રમુખ છે.

પોતાની અનન્ય પ્રજ્ઞા વડે ભારતનું નામ દિગંતવ્યાપી કરનાર આ મેધાવાન તત્ત્વચિંતક અને પ્રતિભાશાળી પ્રાધ્યાપકનું, માનવી તરીકેનું દર્શન અત્યંત સાદાઈ અને વિનમ્રતાની મૂર્તિરૂપ લાગે. લાંબો કોટ, ટૂંકું ધોતિયું અને સફેદ ફેંટો પહેરીને ચાલ્યા જતા સુકલકડી દેહવાળા એ સાદા આદમીને જો નજરે જોઇએ તો તત્ત્વચિંતનના આવા અમર ગ્રંથોના કર્તા તરીકે ઓળખવા મુશ્કેલ થઇ પડે. માનવી તરીકે એ સંપૂર્ણ સસ્કૃત-સંસ્કારી—નર છે. કોઈ પણ જાતની અહંતા વિનાના, સાલસતાના એ અવતાર છે અને એમનું અંગત જીવન અત્યંત સાદું, હેતાળ અને મધુર છે. બનારસ હિંદુ યુનિવર્સિટીમાં એમના અંગત સંપર્કમાં આવવાના અધિકારના પરિણામરૂપ એમનાં વ્યક્તિત્વનાં થોડાંક પાસાં દર્શાવતાં થોડાં ચિત્રો આવતા અંકમાં.

મધુ માસ્તર

આપણા સમાજના અજાણ્યા ખૂણાઓને અજવાળતી અનેકમાંની એ

ઠંડી તેજસ્વિતાની વાર્તા

મૂળ લેખક તારાશંકર વંદ્યોપાધ્યાયના બંગાળી પરથી

અનુવાદક

રમણિક મેઘાણી

તે દિ' રવિવાર હતો. દેવીપુરના ગોકુળની દુકાને માલ વેચવા-ખરીદવા આવેલાઓની ભીડ જામી હતી. ગરીબ ગ્રામ્જનો અન્ય વસ્તુઓ ખરીદવા ચોખા વેચતા. ગોકુળ તે ખરીદતો. દુકાનના આગલા ભાગમાં લાકડાની પાટ પર બેઠા બેઠા માધવ ભટ્ટાચાર્ય ચોખા ખરીદનાર એક વેપારીના દલાલ સાથે શેતરંજ રમતા હતા.

એવામાં—'અરે ગોકુલ, જરાક તમાકુ ખવડાવ તો, બાપા' કહેતા પરિપુષ્ટદેહી એક પ્રૌઢ આવીને ઊભા રહ્યા. એમનાં દાઢીમૂછ પૂરેપૂરાં ખીચડી બની ચૂકયાં હતાં. માથાના ટૂંકાટૂંકા વાળ તો એકદમ શ્વેત બની ગયા હતા. માથાની બરોબર વચ્ચે આવેલી મોટી ચોટલી પવન સાથે રમતી હતી.

એમનો અવાજ સાંભળતા જ ગોકુળ આદર સહ ઊઠીને ઉભો થઇ બોલ્યો, 'માસ્તર મોશાય પધારો !' અને તરત સાષ્ટાંગ પ્રણામ કરી તમાકુ મસળવા બેસી ગયો.

માધવ ભટ્ટાચાર્યે એમને જોઈ બોલ્યા, 'કોણ, મધુ માસ્તર? આવ, ભાઈ આવ; આ જો. આ એક પાકા ખેલાડી આવ્યા છે. બેસ ભાઈ, એક બાજી બેસ તો ! હું તો પાંચ બાજીમાં એક પણ ન જીતી શકયો.'

અતિ વ્યસ્તભાવે પોતાનો વાંધો દર્શાવતા મધુ માસ્તર બોલી ઊઠયા, 'ના, ના, ના; એ નથી બને એમ. બજારમાંથી ખરીદી કરવી છે નાના છોકરાને તાવ આવ્યો છે એટલે ખરીદી કરવાનું કામ મારે માથે આવ્યું છે. અને આ શોણ તો ભાઇ બહુ ખરાબ છે.'

ગોકુલે તમાકુ તૈયાર કરી, ને હોકાની નળી આદરપૂર્વક માસ્તરના હાથમાં મૂકતાં તે બોલ્યો, 'અરુણ લ્હેરમાં છે ને માસ્તર મોશાય?'

અરુણ માસ્તરનો મોટો દીકરો હતો. 'હા, મઝામાં છે. હજુ થોડા દિવસ પર જ આવ્યો'તો ને!' માસ્તર મોશાયે જવાબ આપ્યો.

'આ વખતે એણે બી. એ. માં પણ સ્કોલરશિપ મેળવી, નહિ?'

'હા, બી.એ. માં પણ એ ફર્સ્ટ કલાસમાં આવ્યો તમે બંને તો પાકા મિત્રો હતા, કેમ? હં, પણ તારો વેપાર-ધંધો કેમ ચાલે છે? (રમત તરફ જોઇ) હાં. હાં. હાં. માધવ, તારો ઘોડો ગયો–ઘોડો ગયો! ખૂણામાંથી બહાર નીકળ. ને ડાબો ડાબો આગળ વધ. બરાબર.' (ફરી ગોકુળને) 'ગોકુળ, યાદ છે ને પેલું લેખુ? કાન ખેંચ્યો હતો તે?'

ગોકુળ હસવા લાગ્યો.

માસ્તર બોલ્યા: 'જા, જા, તારું કામ કર જઇને. હાટને દિવસે ધંધામાં નુકસાન ન કરતો બાપા....અરે, માધવ, ફરી આ શું કર્યું? આ તારો વજીર તો ગયો. બેચાર ચાલમાં તો મ્હાત થઈ જઈશ હું. ભાગ, ભાગ, જરા જલદી ભાગ જોઉં...' કહી માધવ પાસે બેસી ગયા ને એક ચાલ પોતે ચલાવી દીધી. માધવને પ્રયત્ન કરી ખસવું ન પડયું. માસ્તર મોશાયના સ્થૂળ શરીરના ધક્કા વાગતાં એનાથી આપોઆપ જ એક બાજુ ખસી પડાયું.

માસ્તર મોશાય દાઢી પર હાથ ફેરવતા ફેરવતા નવી ચાલ વિચારતા હતા. એ રમતા હોય ત્યારે રમત એક જોવાની ચીજ બનતી. એમને રમતા જોઇ આજુબાજુમાં ધીરેધીરે ભીડ જામવા માંડી.

બીજી બાજુ ગોકુળ ખરીદી-વેચાણ કરતો હતો: 'પાંચ શેરને માથે પાશેર થયા તમારા. કિંમત થઇ, પાંચ દોઢે સાડા સાત આના ને પાશેરનો દોઢ પૈસો; કુલ સાત આના ને સાડા ત્રણ પૈસા. વારુ, આઠ આના આપું છું આજે. આવતી હાટે કાપી નાખજે અરધો પૈસો.'

આ બાજુ માસ્તર મોશાય સોગડી ચલાવતા ગલાવતા બોલતા હતા, 'અ-હા-હા! મારા પ્યાદાએ તમારા ઘોડાને ડાબી બાજુથ બાંધ્યો છે હવે બે બાજુ બાકી રહી.' એમણે રમત આખી પલટ નાખી હતી. સામો ખેલાડી એક ચાલ ચાલી બોલ્યો: 'ઘોડો છૂટી ગયો.

'પણ પગ ગયા છે એના. ચડતા લોહીએ એ હજુ નહિ સમ જાય.' માથું હલાવતા માસ્તર મોશાય બોલ્યા. ને પછી એક ચા ચાલીને કહ્યું: 'આ જો; જમણો પગ ગયો ને ડાબી બાજુ ડગમગ જમણી બાજુ ખોડી; આ તો થઇ બાબા બદ્રીનાથની ઘોડી!'

ખેલાડી હવે મુશ્કેલી સમજ્યો. ખૂબ ખૂબ વિચાર કરીને એક ચાલ ચાલ્યો. માસ્તરના હાથ અધીર બન્યા હતા. ખૂણામાંને હાથી ઉપાડી ધડાકૃ દેતાં એમણે ઘોડાને મારી નાખ્યો અને બોલ્યા 'મારા હાથીએ સૂંઢે ઉપાડી ફટ દઇને ફોડી નાખ્યું તારા ઘોડાનું પેટ.

અને પછી માથું ઊંચું કરી એ બોલ્યા: 'ગોકુલ, જરા તમાકુ!' ફરી એ શેતરંજ પર ઝૂકી પડયા. થોડી વાર સુધી તદ્દન મૂંગામૂંગ રમત ચાલતી રહી. ગોકુલે તમાકુ લાવીને માસ્તર મોશાયના હાથમ આપતાં કહ્યું: 'માસ્તર મોશાય!'

'હં'

'વખત બહુ થઈ ગયો છે. હાટ......'


'ગૃહુમ્મ્. . . . ટૉર્પિડો છૂટી છે. જહાજ સંભાળજો!'

'માસ્તર મોશાય!' ગોકુળે ફરી મોટેથી સાદ પાડયો.

'જો ગોકળા, અવાજ કરીશ તો માર ખાઇશ! નાહકની ગડબડ જહાજ ગયું. . ટૉર્પિડો ચાલે છે સૈં. . . . સૈં. . . .'

ગોકુળ વધુ બોલવાની હિંમત ન કરી શકયો. માસ્તર બોલત હતા: 'ભરૅરૅરૅ. . . .ભૂ–સ!' સામાવાળાનું એક જહાજ એમણે તો પાડયુ હતું.

રમત ફરી શરૂ થઈ. મોડું ખૂબ થઇ ગયું હતું. જોનારાં ઘણ ચાલ્યા ગયા હતા, ને નવા અનેક આવી ઊભા હતા. હોકો પીતાપીત માસ્તર બોલ્યા, 'છોડયું છે મેં બ્રહ્મબાણ, સર્જે જે બ્રહ્મતેજ. એનું



નામ બ્રહ્મબાણ. અમર હોય એનું યે ન પરિત્રાણ !'

ખેલાડી બોલ્યો, 'મેં યે છોડયું છે અગનબાણ.'

હા-હા કરી હસતા માસ્તરે કહ્યું, 'મારા વરુણાસ્ત્રે ઠરી જશે એ અગ્ન્યાસ્ત્ર. આ વખતે ઊડવાનો છે વજ્ર, ગમે એટલું કરશો છતાં.'

ને સાચેસાચ વજ્ર ઊડયો. શેતરંજ પર સોગઠાં ફેંકી ખેલાડી બોલ્યો, 'હું હાર્યો; છતાં એક બાજી વધુ રમીએ.'

'યુદ્ધમ્ દેહી ? ભલે હું તૈયાર છું.' રમત ફરી શરૂ થઇ.

એ રમત પૂરી થઇ ત્યારે લગભગ સાંજ પડવા આવી હતી. માસ્તર વિજયોલ્લાસે ઊભા થતાં બોલ્યા, 'હવે જાઉં ત્યારે, હટાણું કરવા.'

પણ ઊંચું જોતાં જ ચમકી ગયા, 'આ શું? સાંજ પડી ગઈ ! હાટ ?'

'ચીજવસ્તુ બધી મેં ઘેર મોકલી દીધી છે માસ્તર મોશાય.' ગોકુલ જરા હસીને બોલ્યો.

'મોકલી દીધી ? બચી ગયો હું. બહુ ખરાબ શોખ છે આ ! એથી જ તો માધવને કહું છું કે બાપુ, આ શોખ છોડી દે. હવે હું જાઉં.'

ગોકુલ હાથ જોડી બોલ્યો, 'બ્રાહ્મણ બોલાવી રસોઇ પણ કરાવી રાખી છે અને ઘેર પણ કહેવડાવી દીધું છે.'

"બહુ સારૂં કર્યું. આ બધાની તો તને બરાબર ખબર પડે છે. માત્ર કોણ જાણે કેમ, ફક્ત અંગ્રેજી ગ્રામરમાં જ તારો ચોકડો પડતો !'

મધુ માસ્તરનું પૂરૂં નામ હતું મધુસુદન મુખોપાધ્યાય. માસ્તર થયા હતા એ મૅટ્રિક પાસ થઇને. ગરીબાઇને કારણે બી. એ. નહોતા થઇ શકયા. બાજુના ગામના રાયબાબુની હાઇસ્કુલમાં આજ ત્રીસ વરસથી ત્રીજું ધોરણ ભણાવતા હતા આ બાજુના ચાળીસથી ઓછી ઉમરના ભણેલા સૌ જ એમના વિદ્યાર્થી હતા. રાયઘરના કર્તા-હર્તા જ્ઞાનદાબાબુ એમને ખૂબ ચાહતા. તેમના મોટા છોકરાને એ ખાનગીમાં ભણાવતા. આજે યે નાના છોકરા સૌરીન્દ્રને એ જ ભણાવતા.

તે દિવસે ગોકુળને ત્યાંથી માસ્તર મોશાય સીધા રાય-ઘરે જઈ પહોંચ્યા. રોજ સાંજે એ સૌરીન્દ્રને ભણાવવા જતા. એમના આ નિયમિત કામમાંથી કોઇએ કદિ એમને ગેરહાજર નહોતા જોયા. ચોમાસું, શિયાળો કે ઉનાળો ગમે તેવા દિવસોમાં પણ ધોળા કાપડની એમના કદરૂપ છત્રી મોટા માથા પર બહુ દૂરથી યે દેખાતી.

સૌરીન્દ્રે હજુ હમણાં જ અંગ્રેજી શરૂ કર્યું હતું. એમના આવતાં જ એ બોલ્યો 'આજ બપોરે બધું બરાબર વાંચી રાખ્યું છે માસ્તર મોશાય.'

છત્રી ખૂણામાં મૂકી માસ્તર મોશાય ગાજીને બોલ્યા, 'સિટ ડાઉન યુ નૉટી બોય ! (બેસી જા, ઓ તોફાની છોકરા !)'

માસ્તર મોશાયની રોષભરી ગર્જનાથી સૌરીન્દ્ર ચૂપ થઈ ગયો. ચોપડી ખોલી એ વાંચવા લાગ્યો, 'આઈ મેટ એ લેઈમ મૅન. એટલે મેં જોયો એક લંગડો માણસ.'

માસ્તર મોશાય બોલ્યા, 'યસ, આઇ એટલે હું-મેં; મેટ એટલે મળ્યો-જોયો છે; એ એટલે એક; લેમ એટલે લંગડો, મૅન એટલે માણસ.'

સૌરીન્દ્રની આંખમાં આંસુ આવ્યાં. માસ્તર મોશાયે એ જોયું છતાં પત્થરની જેમ બેસી જ રહ્યા. ધીરેધીરે સૌરીન્દ્રનું મન વાંચવામાં પરોવાતું હતું. માસ્તર મોશાય બોલ્યા, 'ચોપડી બંધ કરીને અહીં આવ જોઉં !' સૌરીન્દ્ર ડરતો ડરતો આગળ આવ્યો.

એના હાથ હાથમાં લઇ બોલ્યા, 'દિવસે દિવસે દુબળો કેમ થતો જાય છે ? બરોબર ખાતો જા; ને સવારે વહેલા ઉઠી હા . . . મ હા . . મ કરીને ઊઠબેસ કરતો જા, સમજ્યો ?'

સૌરીન્દ્રે માથું હલાવી હોંકારો ભણ્યો. એ પછી પરીક્ષા શરૂ થઈ.

'વારૂ, બોલ જોઇએ "હું જાઉં છું"નું અંગ્રેજી શું ?'

'આઈ ગો.'

'ગુડ, "તે જાય છે."નું ?'

'હી ગોઝ.'

'વેરી ગુડ; "રામ જાય છે ?"નું ?'

'રામ ગોઝ.'

'વેરી વેરી ગુડ. વારૂ, દાખલા ગણ્યા છે ?'

'હા, સાહેબ. બધા ગણી રાખ્યા છે.'

'વારૂ, એક દાખલો ગણ જોઇએ. એક મણ મિઠાઈની કિંમત,— કઈ મિઠાઈ તને બહુ ભાવે છે ? રસગુલ્લા ? સંદેશ ? પેંડા ? એક મણ પેંડાના પાંચ રૂપિયા પંદર આના પાંચ પાઈ હોય તો ત્રણ મણ, નવ શેર, છ છટાંકનું શું લાગે ?'

'હું આ ગણું ત્યાં સુધીમાં તમે આ ચોપડીનું પૂઠું ચડાવી દ્યોને સાહેબ !' આટલું કહી સૌરીન્દ્રે ચોપડી અને છાપાંનો એક કાગળ ટેબલ પર મૂકી દીધાં. માસ્તર મોશાય કાગળ લઈ તેની ઘડી કરતા કરતા એના પર ઝૂકી પડયા. દાખલો પૂરો થતાં સૌરીન્દ્ર બોલ્યો, 'ગણી લીધો માસ્તર મોશાય.'

ટેબલ ઉપર જોરથી એક મુક્કી મારતાં, મોટેથી ગર્જતા માસ્તર મોશાય બોલી ઊઠયા, 'ઍબ્સર્ડ, એ વાઈલ્ડ ઍન્ડ મૅલીશ્યસ પ્રોપૅગૅન્ડા અગેઈન્સ્ટ્સ અસ—'

અર્થ ન સમજતાં ભયથી સૌરીન્દ્ર રડી પડયો. માસ્તરની આ રીતની અસ્વાભાવિક ગર્જનાથી દીવાનખાનામાં સૂતેલા રાય-કર્તા જ્ઞાનદાબાબુની અફીણી ઊંઘ પણ ઊડી ગઈ. એમણે મોટેથી પૂછયું, 'શું થયું ? શું થયું, માસ્તર મોશાય ?'

ને ટેબલ પર ફરીથી મુક્કી મારતા માસ્તર બોલ્યા, 'આને હું જવા દઉં ? કદી યે નહિ છોડું. આની સામે હું લખીશ. સાબિત કરી આપીશ, આઇ વીલ પ્રુવ ઇટ !'

જ્ઞાનદાબાબુ ઊઠીને પાસે આવ્યા ને બોલ્યા, 'શું થયું છે, માસ્તર મોશાય ? તમે આટલા . . . .'

'આટલો ? બોલો છો શું તમે ? હું તો પગથી માથા સુધી સળગી જાઉં છું. આપણા માથામાં જાણે ખાસડું મારે છે. શું કહે છે, ખબર છે ? એ લખે છે કે "ઇન્ડિયન સિવિલાઇઝેશન" એટલે આપણી હિંદી સંસ્કૃતિ-સભ્યતાનો ઇતિહાસ બધો બનાવટી, જૂઠો છે. રામાયણ, મહાભારત ખોટાં છે. સૌથી જૂની તો છે મિસરની સંસ્કૃતિ. એની થોડી નકલ જ માત્ર હિંદીઓએ કરી છે. બાકી હિંદીઓ તો હતા તદ્દન જંગલી ને અસભ્ય, સંસ્કૃતિહીનોની જમાતના. આમ કહેતો એક જબ્બર ગ્રંથ વિલાયતમાં બહાર પડયો છે. એવી બધી ચોપડીઓનો તે બાજુ ખૂબ પ્રચાર થાય છે. અખબારોમાં એનાં પુષ્કળ વખાણ થયાં છે. આ જુઓ ! વિલાયતના એક છાપામાં એની સમાલોચના આવી છે. સમાલોચના છે કે કપાળ એનું, એની જ ખબર પડતી નથી. હું લખીશ આનો જવાબ; હું લખીશ, જ્ઞાનદાબાબુ.'

'બરાબર છે, લખો તમે. લખીને આપણા દેશનાં છાપાંઓમાં મોકલાવી દો.' જ્ઞાનદાબાબુ બોલ્યા.

માસ્તર તો હજુ બોલતા જ હતા, 'ઇજિપ્તનો રામેસિસ કરીને જે રાજા હતો એનું જ નામ, અને એની જ કીર્તિ ચોરીને આપણે રામ રાજાનાં વખાણ કરતા ફરીએ છીએ ! દીકરાઓનું નિશાન નીચું પાડવું પડશે આખી દુનિયા સામે. પણ ફક્ત અહીંનાં સમાચારપત્રોમાં જ લખ્યે શું વળે ? એ ગ્રંથના જવાબમાં એક ગ્રંથ લખવો જોઇએ, ને એનો પ્રચાર એ લોકોના દેશમાં જ કરવો જોઇએ.'

જરા વિચાર કરીને જ્ઞાનદાબાબુ બોલ્યા, 'તમે લખો માસ્તર મોશાય. હું તમને મદદ કરીશ વિદ્યા તો મારી પાસે નથી, પણ નાણાંથી બધી મદદ કરીશ. જે ખરચ થશે એ બધું હું ભોગવીશ.'

માસ્તર આનંદિત થઈ ઊઠયા. ભાવ પ્રગટ કરવાની ભાષા એમની પાસે નહોતી. માત્ર થોડાંક આંસુ આંખમાંથી સરી પડયાં આખરે એ બોલ્યા, 'આપણી આર્ય ભૂમિ! તમારૂં ભલું થશે જ્ઞાનદા બાબુ.'

સૌરીન્દ્ર આપમેળે મૂંગો રહ્યો હતો. આ રોષ પોતાના પર નહોતો જાણી એ નિશ્ચિત બન્યો હતો. અત્યારે હવે તક સમજી એ બોલ્યો, 'સર, મને રજા છે?'

માસ્તર તો હજુ વિચારમાં જ હતા. સૌરીન્દ્રના માથા પર હાથ ફેરવતા જ્ઞાનદાબાબુ બોલ્ય, 'માસ્તર મોશાય, સૌરીન્દ્ર રજા માગે છે.'

ગંભીર ભાવે માસ્તરે જ્ઞાનબાબુને જ કહ્યું, 'જાવ! ના ઊભો રે! જોઉં, દાખલો?' દાખલો બરાબર હતો. પાટી સૌરીન્દ્રના હાથમાં આપી, આટલી વારે સૌરીન્દ્ર તરફ જોતાં હવે એ પ્રેમપૂર્વક બોલ્યા, 'યુ આર એ ગુડ બૉય. આજે તું બરાબર ભણ્યો છે'

માસ્તર પણ ઊઠયા. બોલ્યા, કાલે ત્યારે પુસ્તક મંગાવીશું, કેમ? એક વાર હેડ માસ્તરને ત્યાં પણ જવું પડશે. એનેય સાથે લેવા પડશે.'

હેડ માસ્તર શિવબાબુ મધુ માસ્તરના સમવયસ્ક હતા. એમને શિવની જેવા આ ભોળા, સરલ દિલના મધુ માસ્તર પર બહુ પ્રેમ હતો. મધુ માસ્તરના જ્ઞાન ને સામર્થ્ય ઉપર એમને અગાધ વિશ્વાસ હતો. શિવબાબુ પોતે વિશ્વવિદ્યાલયના સૌથી વધુ માર્ક મેળવી પાસ થએલા વિદ્યાર્થી હતા, છતાં એ કોઈ પણ ચર્ચા કે નિબંધાત્મ લખાણ લખતા ત્યારે મધુ માસ્તરને બતાવ્યા વિના તે પૂરૂં ન કરતા. મધુ માસ્તર હસતા વદને એમાં એકાદ-બે સ્થળે સુધારા કરી દેતા ને કહેતા કે આ-આ સ્થળે આમ-આમ ફેરફાર કર્યા છે. ને શિવબાબુ એ સાનંદ સ્વીકારી પણ લેતા.

એજ રાત્રે મધુમાસ્તરે શિવબાબુને ઘેર આવી બારણાં ખખડાવ્યાં. શિવબાબુ અતિ મિતાચારી માણસ હતા. નિયમનું ઉલ્લંઘન એ કદી ન કરતા. રાત્રે આઠ વાગ્યામાં ખાઇ કરીને સૂઇ જવાનો એમનો નિયમ હતો.

માસ્તરના હોંકારાથી બારણું ખોલી નોકરે કહ્યું, 'શેઠ સૂઈ ગયા છે.'

'જગાડ એમને. જરૂરી કામ છે. વેરી ઇમ્પૉર્ટન્ટ-મોસ્ટ ઈમ્પૉર્ટન્ટ.'

મધુ માસ્તરનો અવાજ ઇંટ-લાકડાની ભીંતને ગણકારતો નહોતો. એ આપમેળે શિવબાબુના કાને પહોંચી ગયો હતો. ઉતાવળાઉતાવળા એ નીચે ઊતર્યા: 'શું? શું છે માસ્તર મોશાય?'

'આ વાંચી જુઓ.' ને એમણે પેલા વિલાયતી છાપાનો પુસ્તક સમાલોચનાનો લેખ ટેબલ પર મૂકયો.

એ પૂરૂં વાંચીને શિવબાબુ કંઇ બોલે એ પહેલાં જ માસ્તર મોશાય બોલી ઊઠયા, 'આની સામે લખવું પડશે. એ ચોપડીમાં ભારોભાર જુઠાણું ભર્યું છે તે સાબિત કરી આપવું પડશે.'

'શું આ માટે બોલાવતા હતા?' શિવબાબુએ પૂછ્યું.

'આ માટે જ? વૉટ ડૂ યૂ મીન? આ શું કંઈ જેવીતેવી વાત છે?'

'ના, ના. પણ આ તો કાલે સવારે યે. . . .'

માસ્તર વચ્ચે જ બોલી ઊઠયા, 'બેર તમને કહે કંઈ નહિ વળે તમે ઘરડા થતા જાવ છો દિવસે-દિવસે. પુસ્તક તો લખવું જ પડશે. કાલે ચોપડીઓ મંગાવવાની છે. જ્ઞાનદાબાબુ બધું ખર્ચ આપવાના છે. વારૂ, જાઉં ત્યારે.' કહી એ બહાર નીકળી ગયા.

ઘેર આવી બારણે ટકોરા મારતા એમણે ધીમેથી સાદ પાડયો, 'ચિનુ, ચિનુ,—ચિનુની મા. . . . . .'

ચિનુ-ચિન્મયી માસ્તરની પુત્રી—વિધવા પુત્રી હતી.

બારણું ખુલ્યું ને બરાબર સમજાયું. રાહ જોનારૂં કોઇ આતુરતાપૂર્વક આ સાદની રાહ જોતું જ બેઠું હતું. બારણું ખોલનાર ચિન્મયી નહોતી, ચિન્મયીની મા હતી. એને જોઇને માસ્તર બોલ્યા, 'આજ . . . .સમજે છે ને? આપણા અરૂણનો મિત્ર. . . મારો વિદ્યાર્થી. . . સમજીને? એટલે. . . આપણા દેવીપુરનો ગોકુળ. . . સમજીને?'

'હા, બધું-બહુ સમજી છું હું.' ગંભીર ભાવે ગૃહિણી બોલી.

માસ્તર ઉતાવળે બોલ્યા, 'ના, ના; એટલે . .વિદ્યાર્થી હતો એ. એણે જ્યારે મને પકડી પાડયો. . .સમજી કે નહિ?'

પાણીનો ઘડો અને અંગૂછો નીચે મૂકી પત્ની બોલી: 'કહુંને, કે બધું યે સમજી છું?'

હાથપગ લૂછતા લૂછતા માસ્તર બોલ્યા, 'એથી જ તો, એથી જ તો તારો આટલો ગુસ્સો લાગે છે! સમજીશ નહિ કંઇ. . .'

'બહુ સમજી'.

'શું સમજી, બોલ તો?'

'સમજી. બધું જ. મારાં નશીબ.'

માસ્તરે પરાજય સ્વીકારી લીધો. બોલ્યા, 'ઠીક, ભાઇ ઠીક. એમ જ. હવે ભાણું પીરસ જોઉં.'

ભાતની થાળી નીચે મૂકી ગૃહિણી બોલી, 'કેમ, શેતરંજ રમતાં પેટ ન ભરાયું?'

માસ્તર હા-હા કરી હસી પડયા. લોકો પાગલ કહે કે ગમે તે કહે, પણ ક્રોધ અને પ્રેમને સમજવાની બુદ્ધિ એમનામાં હતી.

અત્યંત પરિશ્રમપૂર્વક પુસ્તક લખાતું હતું. પેલી ચોપડી આવી, અને સાથોસાથ ત્રણસો-ચારસો રૂપિયાનાં બીજાં પુસ્તકો પણ આવ્યાં. હિન્દી-ભારતીય સંસ્કૃતિ ને સભ્યતાનો ઇતિહાસ લખવામાં એ પુસ્તકોની મદદ જરૂરી હતી. માસ્તર રાતની રાતો જાગી એ બધા ગ્રંથો વાંચતા. શિવબાબુ સાથે એ વિષે ચર્ચા કરતા, અને વચ્ચે અંગ્રેજીમાં લખાતા પુસ્તકનો બંગાળીમાં અનુવાદ કરી જ્ઞાનદાબાબુને સંભળાવતા.

પણ આ પરિશ્રમમાં એમનું વજ્રકાય શરીર ભાંગી પડયું. એ સદા ચિંતાતુર રહેતા. શેતરંજ રમવાનું તો હવે બાજુ જ મુકાઈ ગયું હતું.

આ બધું જોઈ-જાણીને એમનાં પત્ની ચિન્તામાં પડયાં હતાં. આખરે એમણે અરૂણને પત્ર લખ્યો. અરૂણ હોશિયાર છોકરો હતો. એમ.એ.નું ભણતો હતો. એક પણ વાર એ પરીક્ષામાં નીચે નંબરે નહોતો આવ્યો. અરૂણે આવી, બધું જોઈ-જાણીને કહ્યું, 'બાપુની ઇચ્છા આડે આવશો મા. એ કેટલા મહાન છે એ તમે નહિ જાણી શકો, મા.'

ને એક મ્લાન હાસ્ય હસી મા બોલી, 'હું નહિ સમજું, એમ?'

અરૂણ શરમાઈ ગયો. બોલ્યો, 'સ્કૉલરશિપમાંથી થોડાક રૂપિયા હું અહીં મોકલતો રહીશ. બાપુ માટે ખાવા કરવાનું બરાબર ધ્યાન રાખીને સારૂં-સારૂં કરતાં રહેજો.'

પણ માનવીની ઈચ્છા મુજબ બધું થતું નથી. અકસ્માત એકાએક જ્ઞાનદાબાબુનું અવસાન થયું. એમનો મોટો દીકરો સુરેન્દ્ર માલિક બન્યો. સુરેન્દ્ર મૅટ્રિકમાં ત્રણેક વાર નાપાસ થએલો, એથી શિક્ષકો માટે એને માન નહોતું. તદુપરાંત એ નવા યુગનો માનવી હતો. શિવબાબુ આનો અર્થ સમજી કશગરનું કારણ દર્શાવી નોકરીમાંથી સરકી ગયા હતા. એમણે મધુ માસ્તરને પણ કહ્યું, 'માસ્તર મોશાય, હવે શા માટે?'

હા-હા, કરી હસીને માસ્તર બોલ્યા. 'તમારી બધી વાતમાં ઉતાવળ હોય છે. શિવબાબુ. અરે, એ તો આપણો પેલો સુરેન જ છે ને? ત્રણ તમાચામાં તો સીધોદોર કરી નાખીશ એને હું.'

શિવબાબુ માત્ર હસ્યા. એમણે ફરી આગ્રહ ન કર્યો. આ એમના સ્વભાવની વિશેષતા હતી. એ પછી એ કાશી ચાલ્યા ગયા.

શિવબાબુને સ્થાને એક નવો M.A.B.T. આવ્યો. બધું જ જેમ ચાલતું હતું તેમ ચાલવા લાગ્યું. એક દિવસે કેટલાક નવા ગ્રંથોની

પાછી લઈ મધુ માસ્તર રાત-ઘરે ગયા.

કહેતાં ભૂલી ગયો. આ દરમિયાન સૌરીન્દ્રના ગૃહશિક્ષક તરીકેની એમની નોકરી ગઈ હતી. નવા હેડમાસ્તરે એ ભાર પોતાને માથે લીધો હતો. મધુ માસ્તરે એમાં જરાયે વિરોધ લીધો નહોતો. કલકત્તાનો નિરાંતનો શ્વાસ લીધો હતો. ચોપડી ઝપાટાભેર લખાતી જતી હતી.

દરવાજા ઉપર લખ્યું હતું: 'રજા વિના અંદર ન આવવું.' પણ માસ્તર તો એની સામે યે જોયા વિના પડદો ખસેડી અંદર પ્રવેશી ગયા. સુરેન્દ્ર સિગારેટ પીતોપીતો તકિયે અઢેલીને લાંબો થઈને પડ્યો હતો. મધુ માસ્તરને જોતાં જ સિગારેટ એના મોંમાંથી સરકી પડી. અદ્ભુત પ્રકૃતિના માણસ હતા મધુ માસ્તર. સુરેન્દ્રની છાતી પરથી ઝડપથી સિગારેટ ઉપાડી એમણે બહાર ફેંકી દીધી અને એ બોલ્યા, 'આવી ગંધારી ચીજ શું કામ મોમાં ઘાલો છો ભાઈ! બાપદાદાના વખતનો સોના-રૂપાનો મજાનો હોકો જ રાખતા હો તો? અમ્બુરી તમાકુ પીઓ, એક માઈલ સુધી એની સુગંધ ફેલાશે. એમ નહિ તો. ..'

સુરેન્દ્ર આટલીવારમાં સ્વસ્થ થઈ ગયો હતો. એ બોલ્યો, 'બોલો, શાની જરૂર છે?'

'હા, જરૂર કહો તો જરૂર–બહુ જ જરૂર છે. બધું અટકી પડ્યું છે. આ પુસ્તકો જોઈએ છે' આમ કહી પુસ્તકોની સૂચિ સુરેન્દ્ર સામે મૂકી.

સૂચિ ઉપર નજર ફેરવી જઈ સુરેન્દ્ર બોલ્યો, 'આટલી બધી ચોપડીઓનું શું કરવું છે? અને આમાં હેડ માસ્તરની સહી ક્યાં છે?'

'ઓહ, તારી બુદ્ધિ સદા યે આવી જ રહેવાની, ભાઈ! ઍલજીબ્રા-જ્યૉમેટ્રી તો કદી તારા માથામાં જ ન ઊતરી. હજુ યે શું એમ જ છે? આ ચોપડીઓ કામમાં આવશે હું જે ચોપડી લખું છું એમાં.'

'ચોપડી તમે લખો, ને એ માટે પુસ્તકો હું ખરીદી આપું, એટલે?'

માસ્તર ચકિત થઈ ગયા. એ બોલ્યા, 'એટલે એમ કે આ માટે જ્ઞાનદા બાબુની રજા લઈને એમની ઈચ્છા મુજબ જ મેં આ પુસ્તક શરૂ કર્યું છે બધો જ ખર્ચ આપવાનું એમણે વચન આપેલું, અને આ માટે લગભગ ત્રણસો ચારસો રૂપિયા તો ખર્ચાઈ પણ ચૂક્યા છે.'

'કઈ ચોપડી છે એ?'

'એમાં તું બહુ નહિ સમજે ભાઈ, છતાં સાંભળ. વિલાયતમાં એક ચોપડી પ્રગટ થઈ છે, જે હિંદી સંસ્કૃતિ અને સભ્યતાની અસારતા સાબિત કરે છે અને એના મૂળ વિષે ઇન્કાર કરે છે. હું લખું છું તે એનો જવાબ છે.' માસ્તર બોલ્યા.

સુરેન્દ્ર ધીરે ધીરે બોલ્યો, 'જુઓ, બાપાને ભલા-ભોળા ને મૂર્ખ જોઈ કેટલા યે જણ કેટલી યે રકમ લઈ ગયા છે. પણ હવે એ નહિ બને. આ બધી ઠગબાજી હું બરાબર જાણું છું. વિલાયતના ગોરાને જવાબ આપશે શંભુપુરના મધુ મુખર્જી?! તમને લખવાનો શોખ હોય તો જાતે ખરચીને લખજો.'

'જો સુરેન, મને તેં જે કહ્યું તે ભલે કહ્યું; પણ તારા સ્વ૦ પિતાને મૂર્ખ કહેવા તને છાજતું નથી. એટલું જ શા માટે? એ વિશેષણ તો ઊલટાનું તને જ વધુ યોગ્ય સાબિત થયું છે.' આટલું કહીને મધુ માસ્તર ઊભા થઈ ગયા ને પડદો ખસેડી, બહાર ચાલ્યા ગયા.

અંદરથી સુરેન્દ્રનો સાદ સંભળાયો, 'જે બધી ચોપડીઓ તમારી પાસે છે. . . . . .'

વાક્ય માસ્તરે મોશાયે જ પૂરું કર્યું, 'મોકલી આપીશ, આજે જ.'

અને એ જ દિવસે સાંજે એક મજૂરને માથે પુસ્તકો ઉપડાવી, એક કાગળ લઈને દેવીપુરના ગોકુળે આવીને સુરેન્દ્રબાબુને પ્રણામ કર્યા. પત્ર મધુ માસ્તરનો હતો. એમણે નિશાળના શિક્ષક તરીકેનું પોતાનું રાજીનામું મોકલ્યું હતું.

કેટલાક દિવસો પછી મધુમાસ્તરે પત્નીને કહ્યું, 'જો, હું એક આંટો કલકત્તા જઈ આવું.'

શંકિત નજરે પત્નીએ પૂછ્યું, 'શું કહ્યું! આવા શરીરે તમારે–'

માસ્તર એને અટકાવીને વચ્ચે જ બોલ્યા: 'એનો વાંધો નહિ. ત્યાં થોડુંક કામ છે એક વિદ્યાર્થીએ પણ લખ્યું છે, અને અરુણ પણ ત્યાં જ છે. જો ને, બહુ બહુ તો દસ દિવસ. જરા યે ચિન્તા નથી કરવાની. ગોકુળ મહિના એકનું મોદીખાનું વગેરે આપી જશે.'

વ્યથિત સ્વરે પત્ની બોલી: 'અમે અમારી જ ચિન્તા કરીએ છીએ કેમ? અમને પેટ ભરવાની ચિન્તા સિવાય બીજી. . . .'

વચ્ચે જ માસ્તર બોલી ઊઠ્યા, 'જવા દે, તું કંઈ સમજતી જ નથી.'

'ના, નથી સમજતી. આમ તમે કહ્યું, અરુણે કહ્યું, અને હવે નાનો છોકરો પણ થોડા દિવસ પછી એમ જ કહેશે. ઠીક. શું શું બાંધું ત્યારે? તમારા પેલા કાગળિયાઓનો કોથળો—'

હા-હા કરી માસ્તર હસી ઊઠ્યા, 'ના, ના, ના. એમાં તું હાથ ન નાખતી. એ હું જ સરખા કરી લઈશ.'

'કેમ? મૂરખ માણસનો હાથ અડે તો એ બધું બગડી જાય શું?'

'આહ, શી આફત! એમ કોણે કહ્યું? કંઈ જ સમજતી નથી તું.'

મધુ માસ્તર કલકત્તા રવાના થઈ ગયા.

નાના દીકરા વરુણે સાંજે આવી ખબર આપ્યા: 'મા, બાપા પેલી બે ફાલ વાળી જમીન હરીશ સાહાને વેચતા ગયા છે. મેં હમણાં જ સાંભળ્યું.'

સાંભળીને મા ચમકી ગઈ. એ જમીન ખૂબ જ ફળદ્રુપ હતી. શેરડી, અડદ, ઘઉં વગેરે બધો ફાલ એમાં જ થતો હતો. આ ચીજો માસ્તરના બહુ શોખની હતી. થોડી વાર રહી મા બોલી: 'ઘડપણમાં બુદ્ધિ ફરી જાય છે એમ ઘણી વાર સાંભળ્યું હતું, હવે નજરોનજર જોયું. પેલા કાગળો જ એમનું માથું ખાઈ ગયા. એમાં જ આપણો સર્વનાશ થવાનો.'

'આવું શું બોલે છે, મા? જેમાં તું સમજે નહિ એમાં કંઈ ના બોલતી.' વરુણ બોલી ઊઠ્યો.

મા કંઈ ન બોલી. પણ એની આંખમાંથી ટ. . પ, ટ. . પ, બે આંસુ સરી પડ્યાં.

કલકત્તે આવી માસ્તર સીધા કાલીઘાટ ગયા, એસ. સી. સિંહા વકીલ હાઈકોર્ટને મકાને. સતીશ સિંહા એમનો વિદ્યાર્થી હતો. સામાન નીચે ઉતરાવી માસ્તર ઘરમાં ગયા. એક ઓરડામાં અસીલો બેઠા હતા, સૌની સામે જ એમણે કહ્યું, 'કેમ સતીશ, મઝામાં ને?'

'કોણ, માસ્તર મોશાય? ક્યારે આવ્યા?' વિસ્મય પામી સતીશે પૂછ્યું.

'આ ચાલ્યો આવું છું ભાઈ. થોડાક દિવસ રહીશ અહીં, તારે ત્યાં.'


'આ . . બહુ સારું બહુ સારું. પેલી બાજુ જઈ હાથ-મોં ધુઓ હશે.'

હકીકતમાં માસ્તર મોશાયનું આમ આવવું સતીશને નહોતું ગમ્યું. એને એવાં કેટલાંક વ્યસનો હતાં, જેથી મુરબ્બી–ખાસ કરીને મધુ માસ્તર જેવા મુરબ્બી સાથે રહેવું એને માટે કપરું હતું.

ભોજન વખતે માસ્તર બોલ્યા, 'ભાઈ સતીશ, થોડાક દિવસ તારે મને જમાડવો પડશે, ને હું તારા છોકરાને ભણાવીશ.'

કોર્ટમાં જવાનાં કપડાં પહેરી પાસે ઊભો રહી સમયમાં હાજર હોવાનો ઢોંગ કરતો સતીશ બોલ્યો, 'જુઓ, એક વાત કહેતાં મન સંકોચાય છે, પણ કીધા વિના ચાલે તેમ નથી. તમારા જેવાના કડક શાસન નીચે છોકરાને મૂકવો મને નથી ગમતું. છોકરાઓ હાર્ટલેસ. . .'

ખૂબ વ્યથિત બની માસ્તર (અનુસંધાન આગળ પાન ૨૭ મ.)



વિજયનગરના સ્થાપત્યમાં વિશાળ દ્વારદેશો પર રચાએલી અનેકવિધ કમાનોમાંની થોડી વિશિષ્ટ રચનાઓના નમૂના

વિજયનગરના ભગ્ન સામ્રાજ્યના કલાવશેષો

ઇ. સ.ની ૧૪થી ૧૬મી સદી (૧૩૩૬થી ૧૫૬૫)માં દક્ષિણહિંદમાં એકમહાન શક્તિશાળી ને સમૃદ્ધિપૂર્ણ હિંદુ મહારાજ્ય ફાલેલું. તુંગભદ્રા નદીને કિનારે આવેલા તેના પાટનગર વિજયનગરના જ નામથી એ સામ્રાજ્ય ઓળખાતું. આસપાસની ચાર મુસલમાન સુલતાનીઓ પર તેની ભીંસ હતી. સત્તા અને સમૃદ્ધિની ટોચે પહોંચીને દક્ષિણમાં છેક રામેશ્વર સુધી પોતાની સરહદ ફેલાવનાર એ મહારાજ્યે બે સૈકા સુધી ઉત્કૃષ્ટ જાહોજલાલી ભોગવી.

પણ ઇતિહાસનો બોધપાઠ છે એ પ્રમાણે એ સામ્રાજ્યે પણ સામ્રાજ્યના મદની મોટી ઠોકર ખાધી, અને ભારતના ઇતિહાસનું સુવર્ણપૃષ્ઠ બની રહેનાર એ મહારાજ્યે આજથી બરોબર ત્રણસો ને એંશી વરસ ઉપર, આ જ મહીનામાં, ઇ. ૧૫૬૫ના જાન્યુઆરીની ૨૩મી તારીખે, એના પાટનગરથી ત્રીસ જ માઈલ દૂર તાલીકોટ પાસે એક ઘોર યુદ્ધમાં, પાંચ મુસલમાન રાજ્યોનાં સંપીલાં લશ્કરો સામે સજ્જડ હાર ખાધી; અને એ ડંખીલાં રાજ્યનાં લશ્કરોએ તેનો એવો તો ધ્વંસ કર્યો કે તે ફરી ઊંચું થવા જ પામ્યું નહિ.

તેની એ કાળની જાહોજલાલી ને ભવ્યતાના કરુણ રુદન શાં વિશાલ કલાપૂર્ણ ખંડિયેરો આજે પણ એ કાળના સંસ્કારી અને સમૃદ્ધ શિલ્પનિર્માણની પ્રતીતિ કરાવતાં ઊભાં છે.

ધારવાડ જિલ્લાના હુબળી પરગણામાં ગુજરાતનાં ઘણાં ખત્રી કુટુંબો જમાના પહેલાં ધંધાર્થે જઈ વસેલાં, અને હજુ પણ ગુજરાતમાં એ કુટુંબોના લગ્ન આદિ સંબંધો જળવાઈ રહ્યા છે. તે પૈકી ભાઈ કૃષ્ણા, બચપણથી જ અમદાવાદમાં, તેના સંબંધી અને જાણીતા ચિત્રકાર ભાઇ હીરાલાલ ખત્રીના કલાગૃહમાં રહીને ચિત્રકાર્યની તાલીમ પામેલા. તેને વિજયનગરનાં મહાલયોનાં ખંડિયેરોની ભીંતો રામાયણ-મહાભારત, પુરાણો, રાજવંશો તેમજ સામાજિક જીવનનાં દૃશ્યો નિરૂપતાં શિલ્પો અને ભાસ્કર્યોથી ભરચક ભરેલી છે. તેમાંથી થોડા ચૂંટેલા નમૂના આ સાથે આપ્યા છે. મુક્ત પીંછીથી, એ શિલ્પમાંનાં પાત્રોની ગતિ અને વિન્યાસો પકડીને, માત્ર તેનાં ભાવાલેખન કરતી ઉતાવળી રેખામાં ભાઈ ખત્રીએ તે ઉતાર્યાં છે.



કલાકાર: શ્રી કૃષ્ણા ખત્રી



ઉપર આપેલા શિલ્પમાં, ચાર પરિચારિકાઓએ પોતાના અંગવડે રચેલા સુખાસન(પાલખી)માં બેઠેલી રાણી, પાંચમી પરિચારિકા સાથે ધનુર્યુદ્ધના વિનોદ ખેલે છે.



બાજુમાં આપેલા પ્રસંગમાં રાજરાણી આસનારૂઢ થઈ, મૃદંગ અને તૂરીના નાદ સાથે ચાલતું નૃત્ય નિહાળે છે. પાછળ ચામરધારિણી ઊભી ઊભી ચામર ઢોળે છે.

મહત્ત્વાકાંક્ષા જાગી કે આ ભવ્ય સામ્રાજ્યના અવશેષોની યાત્રા કરી તેનો પ્રસાદ જનતા આગળ ધરવો. ધારવાડ જિલ્લાની સંશોધન-સમિતિની પ્રેરણા માત્રથી, અત્યંત અલ્પ સાધને, સંકટો વેઠી, તેણે એ પ્રદેશમાં છ માસ ઘૂમીને જે સુંદર આલેખનો અને રંગચિત્રો કર્યાં છે તેનું પ્રદર્શન ધારવાડમાં થયું ત્યારે તેની પ્રશંસાએ અનેકનું આકર્ષણ કર્યું, તેમાં ઔંધનરેશ પણ હતા. તેમણે એ કલાકારને પોતાને ત્યાં આમંત્રી એ ચિત્રો ખરીદી લીધાં. પરંતુ તેમની સંમતિથી ભાઇ કૃષ્ણા ખત્રીએ ચાળીસેક જેટલાં એ ચિત્રો તથા અનેક શિલ્પ-આલેખોનું એક પ્રદર્શન અમદાવાદમાં શ્રી ભારત કલામંડળ અને સોવિયેટ મિત્રમંડળના સંયુક્ત સમાશ્રયથી કરેલું. એ મોટાં રંગીન દૃશ્યચિત્રો તેણે ગાત્ર ભૂકા-રંગોને ગુંદરમાં મેળવીને સાદા માદરપાટ ઉપર કરેલાં છતાં તેની તેજસ્વિતા, ઉઠાવ અને તાદૃશતાએ વિજયનગરના એ અસ્થિ-અવશેષનો નવો જ ખ્યાલ ઉપજાવ્યો. એ સમયના જીવનનાં કેટલાંક રેખાંકનોમાં જે માનવ-પ્રવૃત્તિ અને વિવિધ શક્તિવિલાસ જણાય છે તે આજની સંસ્કૃતિ કરતાં અનેકગણાં સવિશેષ લાગે છે.




સંયોજના-શિલ્પનો એક નમૂનો જેમાં વિવિધ અંગવિન્યાસ-વાળી પાંચ આકૃતિઓને એક જ મુખવડે દર્શાવવામાં આવી છે.

તુંગભદ્રા નદી પરના એ સ્થાપત્ય અવશેષો, ફોટોગ્રાફો ને પુસ્તકોમાં દેખાય છે તે કરતાં રૂબરૂ જોતાં અનેકગણા ભવ્ય ને પ્રચંડ લાગે છે. દસ માઇલના વિસ્તારમાં પડેલા આ પ્રાચીન નમૂનાઓ આજના કલાકારો, ઈજનેરો ને સંસ્કૃતિકારોને પુષ્કળ પાઠ, પ્રેરણા અને શિક્ષણ આપવા હજુ પણ સમર્થ છે.

ભાઇ કૃષ્ણાએ એક પ્રવાસી કલાકાર બની હિંદનાં બીજાં આવાં સ્થળોનાં ચિત્રદર્શનો તૈયાર કરવાનો સંકલ્પ કર્યો છે. હિંદના સમૃદ્ધિવાન રસિકોએ તેની આ સાહસવૃત્તિને ઉત્તેજન, સહાય ને સત્કાર આપવાં જોઇએ. યુરોપી કલાકારો આ દેશમાં ઘૂમીઘૂમી આપણું વર્ચસ્વ બીજા દેશોમાં વધારી રહ્યા છે, ત્યારે એ ભારતીય તરુણની આવી કૃતિઓનું હિંદના મહાલયો અને સંસ્થામાં યોગ્યનિર્વાહન થવું ઘટે છે. ર.મ.રા.


(રેખાંકનો : શ્રી મહેન્દ્ર શાન્તિલાલના સૌજન્યથી)






નૃત્ય, ગાન અને રસ-વિનોદવાળાં લોકજીવનનાં પાસાં દર્શાવવાની સાથોસાથ તે સમયના જીવનનો પૌરુષ ને તાકાતભર્યાં દર્શનો પણ અહીં બેશુમાર શિલ્પોમાં મળી આવે છે. તેમાંના થોડા નમૂના: ડાબી બાજુ (ઉપર) શિકાર-પ્રસંગ, જેમાં કુતરાઓએ આંતરેલા ડુક્કરનો ભાલાવડે વધ કરાતો દર્શાવ્યો છે; (નીચે) મલ્લયુદ્ધ; જમણી બાજુ (મોટું આલેખન) સુંદર અંગભંગી કરીને ઊભેલો ધનુષધારી યોદ્ધો.







ગુંદરમાં મેળવેલા સાદા ભૂકી-રંગો વડે સામાન્ય ગાદ્દરપાટના ટુકડાઓ ઉપર, વિજયનગરના સ્થાપત્ય-અવશેષોનાં, શ્રી કૃષ્ણ ખત્રીએ કરેલાં પૂર્ણરંગી આલેખનોમાંના બે નમૂના: ડાબી બાજુ–વિજયવિઠ્ઠલ મંદિરનો કલ્યાણમંડપ; જમણી બાજુ-વિરૂપાક્ષ મંદિરનો મધ્યરંગ. મોટા કદનાં આ મૂળ રંગાલેખનોની તેજસ્વિતા ને ઉઠાવ ત્યાંની વિપુલ શિલ્પ-સમૃદ્ધિ અને રચનાસૌંદર્યનો તાદ્દશ ખ્યાલ આપે છે.



રામાયણમાંના બે પ્રસંગો: ડાબી બાજુ–લક્ષ્મણ શૂર્પણખાનાં નાકકાન કાપે છે; જમણી બાજુ–સીતાની ઈચ્છાને અનુસરી રામ સુવર્ણમૃગની પાછળ જતાં લક્ષ્મણને તેની સંભાળ સોંપતા જાય છે. નીચે: લોકજીવનના વિનોદના સામાન્ય પ્રસંગો–નૃત્ય અને ગાન. દરેકમાં ક્રિયાવેગ સ્પષ્ટ છે.







શ્રી અનંત કાણેકરનો લઘુનિબંધ

દોડતી આગગાડી

પરમ દિવસે જ દૂરનો એક પ્રવાસ કરીને હું પાછો આવ્યો. એમાં બનેલો એક બનાવ યાદ આવતાં મને હજી પણ હસવું આવે છે. ટ્રેન સ્ટેશનમાં ઊભી હતી, એટલામાં પોતાનો પ્રાતર્વિધિ કરી લેવા માટે એક વૃદ્ધ ગૃહસ્થ ટ્રેનમાંના સંડાસમાં ગયા હતા. એ સંડાસમાંથી બહાર આવતા હતા તે જ ક્ષણે સીટી વાગી અને ગાડી ઊપડી. ટ્રેન ચાલુ થએલી જોઇને, કપડાં સરખાં કરતાંકરતાં, એકદમ છુટકારાનો દમ ખેંચીને એ ગૃહસ્થ આજુબાજુના લોકો સામે જોઇને ઠાવકાઇથી બોલ્યા, 'વખતસર જ બહાર આવ્યો! નહિતર હું અંદર જ રહ્યો હોત, અને ગાડી ઊપડી ગઈ હોત!'

એમના આ શબ્દો સાંભળીને બધા પેટ પકડીને હસવા લાગ્યા. જ્યારે એમના ધ્યાનમાં આવ્યું કે પોતે ટ્રેનમાંના જ સંડાસમાં ગયા હતા, અને ટ્રેન ઊપડી હોત તોપણ પોતે ટ્રેનમાં જ રહ્યા હોત, ત્યારે તે પણ અમારી સાથે હસવા લાગ્યા!

ચાલતી ટ્રેનમાં જ સંડાસમાંથી બહાર આવ્યા છતાં છુટકારો થયા જેવું લાગવું એ વાત હાસ્યાસ્પદ તો ખરી જ. પણ એવી હાસ્યાસ્પદ વાતો આપણે શું ઓછી કરીએ છીએ? તત્ત્વજ્ઞાનનો ડોળ કરીને આપણે આ વાતો જરા મોટા પ્રમાણમાં કરીએ છીએ એટલું જ; અને પછી આપણને તે હાસ્યાસ્પદ જણાતી નથી. કોઈ કારણસર દુનિયાનો કંટાળો આવે ત્યારે કેટલાક લોકો 'કંટાળી ગયા ભાઈ, આ દુનિયાથી તો! આપણે તો હવે ક્યાંક દૂર નીકળી જવાના' એવું કહીને ખરેખર ક્યાંક નીકળી જાય છે. પણ તેઓ એટલું જ ભૂલે છે કે આપણે ગમે તેટલે દૂર જઇએ, તોપણ દુનિયામાં જ હોઇએ છીએ; અને જે જંજાળ ટાળવા માટે આપણે દુનિયાથી દૂર જઇએ છીએ તે જંજાળ, જગતમાં આપણે ગમે ત્યાં જઇએ તોપણ, આપણી પાછળ પડે જ છે. મારા એક ઓળખીતાનું આવું જ થયું. હિંદુસ્તાનમાં પ્રેમભંગ થવાથી તે ખરેખર કંટાળી ગયો, અને હવે કોઈ પણ સ્ત્રીનું નામ સુદ્ધાં ન લેવું એવો નિશ્ચય કરીને, મળી તે નોકરી સ્વીકારીને, આફ્રિકા નીકળી ગયો. થોડા જ દિવસ પછી મને ખબર મળી કે ત્યાંની ઑફિસમાં કામ કરતી એક સુંદર ટાઇપિસ્ટ છોકરી જોડે એણે લગ્ન કર્યું!

જીવનની જંજાળમાંથી આવી રીતે છટકી જવા માટે પ્રયત્ન કરવો; એ દોડતી ટ્રેનમાં પાછલા ડબ્બામાં બેઠેલા માણસે ગાડીમાંથી છટકી જવા ખાતર દોડતાં દોડતાં આગલા ડબ્બામાં જવા જેવું છે!

દોડતી ટ્રેનમાંથી સાવ છટકી જવાનો માર્ગ તો એ જ કે ટ્રેનમાંથી બહાર ભુસકો મારવો. જીવનની દોડતી ટ્રેનમાંથી છટકી જવા માટે ઘણા લોકો આ આતતાયી માર્ગ લે છે પણ ખરા. એ માર્ગ આતતાયી હોઇ શકે, કદાચ બીકણપણાનો પણ હશે; પણ ચાલતી ટ્રેનમાંથી છટકી જવાનો એ એક જ માર્ગ છે, એમાં તો લેશમાત્ર શંકા નથી. આવા લોકો પર ભલે આતતાયીપણાનો અથવા બીકણતાનો આરોપ થઇ શકે. પણ ગાડીના પાછલા ડબ્બામાંથી આગલા ડબ્બામાં જઇને, અથવા જગતના એક ભાગમાંથી દૂર એવા બીજા એક ભાગમાં જઇને, 'છૂટ્યા' એમ કહીને પોતાને ફોસલાવનારા લોકો જેવા ગાંડા તો એમને નહિ જ કહી શકાય. પોતાનો માર્ગ અચૂક શોધી કાઢવાની બુદ્ધિ તો એમની ખરી જ.

અને માનવજીવન દોડતી ટ્રેન જેવું નહિ તો બીજું શું છે? આ ટ્રેનમાંના આપણે પ્રવાસીઓ એકબીજા કરતાં પોતાની જાતને ચડિયાતી સમજીએ છીએ, અને મનમાં મોટી ઇર્ષા રાખીને પાછલા ડબ્બામાંથી આગલા ડબ્બા તરફ દોડતા જઇને એકબીજા કરતાં આગળ જવાનો પ્રયત્ન કરીએ છીએ! આગળ ગએલો પોતાને મોટો વીર સમજે છે, અને પાછળ રહેલાઓની સામે જોઇને તુચ્છતાથી હસે છે! પણ આપણે બધા એક જ ટ્રેનમાં જઇએ છીએ, અને આ ટ્રેન ક્યાં જવાની છે તેની કોઇને જ ખબર નથી, એ વાતનો એ વીરને જરા પણ ખ્યાલ નથી હોતો!

આવાઆવા વિચાર મનમાં આવે છે ત્યારે મને ઘણું ઉદાસ લાગે છે અને હું નિરાશાવાદી બનું છું. ખરેખર, આવા વિચાર મનમાં આવવા દેવા ન જોઇએ. પણ આવા વિચાર ટાળવાનો પ્રયત્ન કરવો એ ટિકિટ-ઈન્સ્પેક્ટરને ટાળવા ખાતર ચાલતી ટ્રેનમાં એક ડબ્બામાંથી નીકળી બીજા ડબ્બામાં જઈ બેસવા જેવું છે તે તો હું ભૂલી જ ગયો!

(મૂળ મરાઠી પરથી અનુવાદ) — માલતી જોષી

કસોટી

નીચેના પ્રશ્નોના ઉત્તરો આ પાના નીચે જ અવળા છાપ્યા છે; પણ માત્ર કુતૂહલથી તે જોવાની ઉતાવળ કર્યા વિના તમારી મેળે તમે કેટલા ઉત્તર શોધી કાઢી શકો છો તે જુઓ.

(૧) મારા ખિસા ઘડિયાળને બે વખત ચાવી આપવી પડે છે: એક, સવારે ૭-૩૦ વાગ્યે ને બીજી, રાત્રે સૂતી વખતે. સવારે હું ચાવીને બાર આંટા ફેરવું છું, પણ રાત્રે ચાવીના આઠ જ આંટા પૂરતા થઈ રહે છે. તો હું રાત્રે કેટલા વાગ્યે સૂતો હોઈશ?

(૨) પંદરમાંથી દસ સફરજન લો. હવે તમારી પાસે કેટલાં સફરજન રહ્યાં?

(૩) એક રતલ વજનના પારસલ ઉપર ચાર આનાની ટિકિટ લગાડવી પડે છે, ને તે પછી દર રતલે બીજા ચાર આનાની. મારે એક પારસલ કરવાનું હતું તે બે રતલ લાગતું તો હતું; પણ જો જરાક વજન વધારે હોય તો લેનાર ધણીને નાહક બેવડા પૈસા ભરવા પડે તેથી મેં પાડોશમાંથી ત્રાજવાં મંગાવી તે જોખી જોયું. પણ કમનસીબે એ ત્રાજવાં પણ સમતોલ નહોતાં. જમણી બાજુના પલ્લામાં પારસલ મૂકતાં વજન ૨૮$\frac{1}{2}$ ઔંસ થયું અને ડાબી બાજુ મૂકતાં ૩૬ ઔંસ થયું. તો આ સ્થિતિમાં મારે પારસલ પર ૮ આનાની ટિકિટ ચોડવી કે ૧૨ આનાની?

(૪) જગતનો મોટામાં મોટો હીરો કયો?

(૫) ઇંગ્લંડના ગ્રીનિચ ટાઇમ અને આપણા સ્ટાન્ડર્ડ ટાઈમ વચ્ચે શો તફાવત છે?

(૬) સરકારે દારૂ પર ૨૦ ટકા કર વધાર્યો. પરિણામે દારૂની ખપત ૨૦ ટકા ઘટી ગઇ. તો કરની ઉપજમાં કેટલી ને કેવી અસર થઇ?

પત્રવ્યવહાર કરનારાઓને

(૧) 'કુમાર'ની વ્યવસ્થા કે ફરિયાદ સિવાયની તમારા અંગત કામ માટેની પૂછપરછ કરતી વખતે સાથે સરનામાવાળું પોસ્ટેજ ચોડેલું કાર્ડ કે કવર મોકલવું જરૂરી છે.

(૨) ચિત્રો, ફોટોગ્રાફો કે લેખો પાછાં મેળવવાં હોય તો તે પૂરતું પોસ્ટેજ ને પૂરું સરનામું અવશ્ય મોકલવું. તે દરેક સામગ્રી ઉપર કે તેની પાછળ પોતાનું નામ-સરનામું નોંધવું, જેથી ગેરવલ્લે જવા ન પામે.


(૩) ગુજરાત કલાસંઘ ચિત્રશાળા માટે જે કંઈ પત્રવ્યવહાર કરવો હોય તે નીચેને સરનામે કરવો: શ્રી રવિશંકર મ. રાવળ, ગુજરાત કલાસંઘ ચિત્રશાળા, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાઇટી, એલિસબ્રિજ, અમદાવાદ.

કસોટીના ઉત્તરો: (૧) ૯ ક. ૫૪ મિ.; (૨) દસ; (૩) ૩૧.૮૯ ઔંસ વજન થાય માટે ૮ આનાની; (૪) કલ્લિનન, જે ૧૯૦૫માં પ્રિટોરિયા પાસેથી મળી આવેલો; (૫) સાડાપાંચ કલાકનો; (૬) ચાર ટકા ખોટ.


ચિત્રાલેખનનું પ્રાથમિક શિક્ષણ

દાર્શનિક આકૃતિઓ સાથે, તદ્દન ટૂંકી સૂચનાઓ દ્વારા આ નીચે ચિત્રાલેખન શીખવા માટે પહેલું પગથિયું આપ્યું છે. બીજાં હવે પછી.

(૧) આકૃતિ કાગળની વચ્ચોવચ, એટલે કે ચારે બાજુ એકસરખી જગ્યા રહે તેવી રીતે લાવવા પ્રયત્ન કરો.




(૨) આકૃતિ બને તેટલી મોટી




આલેખો. જુઓ, ઉપરનું ચિત્ર. એ ખરી રીત છે. ડાબી બાજુની ચોકડી મારેલી આકૃતિવાળી રીત ખોટી છે.

(૩) પહેલાં અંદાજે આકૃતિનું ખોખું હળવી લીટીઓથી કરો. તે માટે પહેલાં તેની લંબાઈ-પહોળાઈ માપીને ચીતરવાની જગ્યા નક્કી કરો.



(૪) આકૃતિ બરોબર ઊભી દેખાય છે કે નહિ તે જોવા માટે, જમણી બાજુની આકૃતિમાં બતાવ્યા મુજબ, નીચેની બેઠકની એક, તથા તેને બરાબર કાટખૂણે તેના મધ્યભાગે એક, એમ બે હળવી રેખાઓ દોરો. અને પછી તેના ટેકે આકૃતિ આલેખો.

(૫) મધ્યરેખાની બંને બાજુના



આકૃતિના બંને ભાગ એકસરખા માપ-ના ને એકસરખા જ અંતરે આવે તેની ચોકસાઇ રાખો. દરેક નાના-મોટા માપાને પરસ્પર બે-ત્રણ રીતે સરખા-વી જુઓ. ડાબી બાજુની આકૃતિમાં કરકરિયાળી લીટીથી આ બતાવ્યું છે.

(૬) કદિ આકૃતિના એક જ ભાગ ઉપર નજર રાખીને પાકી રેખાઓથી દોરવાની શરૂઆત કરશો નહિ. પણ પહેલાં આધારની રેખાઓ ધ્યાનમાં રાખી બધી બાજુનાં માપ લઈને આખા ચિત્રનું ઝાંખું ડોળિયું કરો.

(૭) આમ ઝાંખી રેખાઓથી તૈયાર કરેલી આકૃતિમાં બધી ચોકસાઈ આવી ગએલી જણાય ત્યાર પછી જ પાકી રેખાઓ દોરવા માંડો.

(૮) પહેલેથી જ રબર બહુ વાપરશો નહિ.

(૯) લીટીઓ દોરવા માટે ચિત્રને આડું કે ઊંધું કરશો નહિ. ભીંત પર ચીતરવાનું હોય તો શું કરો?

(૧૦) માપ ને હિસાબ સમજ્યા વિના એક પણ લીટી દોરશો નહિ.

(૧૧) ઉપરાઉપરી ખાંચા મારતી લીટીઓ દોરવી નહિ, પણ પાણીના રેલા જેવી સળંગ અને એકધારી દોરવી.

ર. મ. ર.

ટિકિટસંગ્રહ કરવા વિષે

૮-પ્લેટ નંબર


ટિકિટ-સંગ્રહ કરવા ઈચ્છનારાએ જાણવા જેવા મુદ્દાઓમાંથી, શાહી, કાગળ, પરફોરેશન, વૉટરમાર્ક આદિ વિષયોની માહિતી આ લેખમાળાના ગયા વર્ષના હપતાઓમાં આપણે જોઈ ગયા. તે પછીનું ટિકિટની રચનાનું મુખ્ય અંગ તે તેનું ડિઝાઇન-આલેખન. એને વિષે ભવિષ્યમાં કોઇ વાર વિસ્તારથી વિચારવાનું રાખીએ. દરમ્યાન આજ સુધીમાં 'કુમાર'માં આવી ગએલી વિચિત્ર આલેખનો વાળી ટિકિટો પરથી તેના રચનાવિસ્તારનો ખ્યાલ આવ્યો હશે.

આજે એ ડિઝાઇનમાં અન્તર્ગત એવો એક મુદ્દો લઇએ. તેનું નામ પ્લેટ નંબર. ટિકિટો છાપવા માટે તેના આલેખન પ્રમાણેની ધાતુની એક મોટી પ્લેટ કોતરીને તૈયાર કરવામાં આવે છે અને તે વડે દર વખતે જોઈતી સંખ્યાના જથ્થામાં ટિકિટો છાપી લેવામાં આવે છે. ઈંગ્લંડમાં ટિકિટો છાપવાની શરૂઆત થઈ ત્યારે, એવો દરેક જથ્થો નવો છાપવાનો થાય ત્યારે તેને માટે નવી પ્લેટ કોતરવામાં આવતી અને તેની સંખ્યાનું સ્મરણ રાખવાને માટે તેના ડિઝાઇનમાં જ કોઈક ઠેકાણે અત્યંત ઝીણા અક્ષરે તે જેટલામી પ્લેટ હોય તેનો નંબર આલેખીને કોતરવામાં આવતો. તે એટલો તો બારીકપણે અને એવી અટપટી રીતે ડિઝાઈનમાં મૂકવામાં આવતો કે નરી આંખે તે નજરે પણ ન પડે. વળી, દર વખતે તે ડિઝાઇનમાં જુદેજુદે સ્થળે નંખાતો. એટલે તેનો જાણકાર કે અભ્યાસી હોય તે જ તે શોધી કાઢી શકે. ઇંગ્લંડમાં આ પ્રથા ઇ. ૧૮૫૪થી ૧૮૮૦ સુધી ચાલુ રહી અને તેમાં એક પેન્સની ટિકિટમાં તો લગભગ ૨૨૫ સુધીના નંબર પડાયનું જાણવામાં આવ્યું છે. આ નીચે એવી બે ટિકિટો ખૂબ મોટા કરેલા સ્વરૂપમાં છાપવામાં આવી છે અને તેના નંબર જ્યાં નાખેલા છે તે તીરની નિશાની વડે દર્શાવવામાં આવ્યું છે, તે પરથી તેનો ખ્યાલ આવશે. ડાબી બાજુની ટિકિટમાં નીચે ડાબે ખૂણે ૬ નંબર અને જમણી તરફની ટિકિટમાં જમણી બાજુની વચ્ચે ૫ નંબર દર્શાવેલા છે. આ પ્રકારની ટિકિટોમાં જે પ્લેટ નંબરવાળી ટિકિટો વિરલ બની ગઇ હોય છે તેનું મૂલ્ય ઘણું વધારે હોય છે; માટે ટિકિટસંગ્રહ કરનારે ઇંગ્લંડની શરૂઆતના કાળની ટિકિટો વિષે આ મુદ્દો ખાસ ખ્યાલમાં રાખવો. અને જ્યારે પણ કોઈ તરફથી બદલામાં (એક્સચેન્જમાં) ઇંગ્લંડની ટિકિટો મળે ત્યારે "એ જાતની તો આપણી પાસે છે" એવી માન્યતામાં તે જતી ન કરતાં, પોતાની પાસે જે જે પ્લેટનંબરની ટિકિટ ન હોય તે તે પ્લેટ નંબરની ટિકિટો મેળવવા હમેશાં પ્રયત્ન કરવો.

હરિલાલ બૅંકર



પ્રાચીન ધર્મ સાહિત્યની ટૂંકી સમીક્ષા



આપણો હિન્દુ ધર્મ, તેનું તત્ત્વજ્ઞાન અને તેને લગતા ગ્રન્થો તથા શાસ્ત્રો વિશે છૂટીછવાઇ માહિતી તો ઘણાખરાને હોય છે, પણ તે અસંબદ્ધ અને ઉપરછલ્લી જ. તે કેમ ઉદ્ભવ્યાં, તેમનો વિકાસ કેમ થયો ને તેમનો પરસ્પર સંબંધ શો છે તે વિષેનું સંકલનાબદ્ધ જ્ઞાન ઘણા ઓછાને હોય છે. આ ઉપરના આલેખ (chart)માં તે બહુ જ સરળતાથી સમજાઇ જાય એ રીતે દર્શાવવામાં આવ્યું છે; અને આ નીચે, એટલી જ સરળ ભાષામાં તેનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. એના યોજક શ્રી રતિલાલ મોહનલાલ ત્રિવેદી આપણા એક અગ્રિમ વિદ્વાન અને કેળવણીકાર છે. જ્ઞાનની જુદીજુદી શાખાઓને લગતા એમણે યોજેલા આવા બીજા આલેખો હવે પછીના અંકોમાં આવશે.

સ્પષ્ટીકરણ

આપણો સહુથી પ્રાચીન ગ્રન્થ વેદ છે. વેદ એટલે જ્ઞાન—પરમાત્મા પાસેથી અંતરમાં સાક્ષાત્ સાંભળેલું જ્ઞાન - અથવા શ્રુતિ. વેદ ચાર છે: ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ એ પ્રત્યેક વેદના ત્રણ વિભાગ છે: (૧) સંહિતા, જેમાં દેવતાઓની સ્તુતિ અને પ્રાર્થના છે; (૨) બ્રાહ્મણ, જેમાં 'બ્રહ્મન્' કહેતાં યજ્ઞ મુખ્ય સ્થાને છે અને (૩) આરણ્યક અને ઉપનિષદ્, જેમાં, અરણ્યમાં વસીને અથવા યજ્ઞશાલામાં અને રાજમહેલમાં રહીને આપણા બ્રહ્મર્ષિઓ તથા રાજર્ષિઓએ ધર્મના રહસ્યનું અને જીવાત્મા તથા પરમાત્માના સ્વરૂપ વિષે કરેલું ચિન્તન છે. આમ, 'સંહિતા' ભક્તિ પ્રધાન છે, 'બ્રાહ્મણ' કર્મપ્રધાન છે અને 'ઉપનિષદ્' જ્ઞાનપ્રધાન છે.

સંહિતા

જ્ઞાન અને કર્મની પેઠે ભક્તિ પણ આત્માની આવશ્યક વૃત્તિ હોવાથી, કોઈપણ કાળે કોઇપણ ધર્મ ભક્તિવિનાનો હોઈ શકતો નથી. તદનુસાર, ઋગ્વેદસંહિતામાં (ઋગ્વેદના સંહિતા વિભાગમાં) દેવોની સ્તુતિઓમાં ભક્તિનો આવિર્ભાવ નજરે પડે છે. ઋગ્વેદસંહિતાથી ચાલતી આવતી આ ભક્તિની, નારદ શાંડિલ્ય આદિ સૂત્રકારોએ વ્યવસ્થા કરી અને 'ભાગવતમત'નું પ્રવર્તન કર્યું. ભાગવત (એટલે ભગવાનના ભક્ત)ના આ ધર્મમાં ભક્તિને પરમાત્માને મેળવવાના પરમ સાધન તરીકે માનવામાં આવે છે. આ ભાગવતધર્મના ત્રણ મુખ્ય સંપ્રદાયો છે: વૈષ્ણવ સંપ્રદાય, શૈવ સંપ્રદાય ને શક્તિ સંપ્રદાય. આ ત્રણે, અનુક્રમે વિષ્ણુ, શિવ ને શક્તિ (દેવી) સાથે જોડાએલા છે.

બ્રાહ્મણ

સંહિતા પછી થએલા વેદના બ્રાહ્મણ વિભાગમાં કર્મ મૂર્ધસ્થાને છે. જ્ઞાન અને ભક્તિ કરતાં કર્મનું તત્ત્વ જનતા સહેલાઇથી ગ્રહણ કરે એવું હોવાથી તે જનમંડલના મોટા ભાગનો ધર્મ બને છે. આ કર્મ અથવા ધાર્મિક ક્રિયા નાનાંનાનાં સૂત્રોમાં પણ દર્શાવવામાં આવી છે. આ સૂત્રોના ત્રણ મુખ્ય વિભાગ છે: શ્રૌતસૂત્ર, ગૃહ્યસૂત્ર અને ધર્મસૂત્ર. શ્રૌતસૂત્રોમાં, શ્રુતિમાં વર્ણવેલી યજ્ઞયાગની ક્રિયાઓનું સ્વરૂપ દર્શાવેલું છે; ગૃહ્યસૂત્રમાં ગૃહસ્થે પોતાના ઘરમાં કરવાની પંચ મહાયજ્ઞ આદિ ધાર્મિક ક્રિયાઓનું તથા ઉપનયન, વિવાહ આદિ ધાર્મિક

સંસ્કારોનું નિરૂપણ છે; ને ધર્મસૂત્રમાં વર્ણાશ્રમધર્મનું, જનસમાજના પરસ્પરના વ્યવહારનું ને કાયદા વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે.

શ્રૌત સૂત્રોમાંથી જતે દહાડે 'પૂર્વમીમાંસા' અથવા ધર્મમીમાંસા કે કર્મમીમાંસા ઉત્પન્ન થયા. તેમાં યજ્ઞ સંબંધી વિવિધ બાબતોનું સ્પષ્ટીકરણ છે. ગૃહ્યસૂત્ર અને ધર્મસૂત્ર, જેમાં જીવન કેમ જીવવું તે વિષે માહિતી ભરેલી છે અને જેના ઉપર સમગ્ર હિન્દુ સમાજનું ચણતર થએલું છે તેમાંથી જતે દહાડે મનુસ્મૃતિ, યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ વગેરે સ્મૃતિઓ રચાઈ.

ઉપનિષદ્

સંહિતા અને બ્રાહ્મણ પછી વેદનો ત્રીજો વિભાગ તે આરણ્યક અને ઉપનિષદ્. તેમાં જ્ઞાનનું ઊંચામાં ઊંચું સ્વરૂપ નિરૂપેલું છે. તત્ત્વજ્ઞાનની તેમાં પરાકાષ્ઠા છે. તેમાં જીવ, જગત્ અને પરમાત્મા સંબંધી ગૂઢ વિચારો પ્રકટ થએલા છે. તેમાંથી જ વેદાંત, સાંખ્ય અને યોગના ઉત્કૃષ્ટ ગણાતા સિદ્ધાન્તો પ્રકટ થયા અને પ્રવર્ત્યા. મહાભારતમાં અન્તર્ગત ભગવદ્ગીતામાં આ ત્રણે સિદ્ધાન્તોનો તેમજ જ્ઞાન, ભક્તિ અને કર્મનો સમન્વય કરવામાં આવ્યો છે.

ષડ્દર્શન

આમ, પૂર્વોક્ત દર્શનોનું તત્ત્વજ્ઞાન ઘણું જૂનું છે, પરંતુ એ 'ષડ્દર્શન'ને રૂપે વ્યવસ્થિત પાછળના સમયમાં થયાં. આ છ દર્શનો તે સાંખ્ય, યોગ, વૈશેષિક, ન્યાય, પૂર્વમીમાંસા, અને ઉત્તરમીમાંસા છે.

ભાષ્યો

જતે દહાડે હિન્દુ ધર્મનું સાહિત્ય એટલું બધું વિસ્તરતું ગયું કે સાચો સનાતન હિન્દુ ધર્મ શું છે એ સમજાવવા માટે એના મુખ્ય ગ્રન્થો, ઉપનિષદ્, ભગવદ્ગીતા અને વેદાન્ત સૂત્રો ઉપર જુદાજુદા આચાર્યો તરફથી ભાષ્યો રચવામાં આવ્યાં. આવાં ભાષ્યો તે સિદ્ધાન્તગ્રન્થો કહેવાય છે, અને તે શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય અને મધ્વાચાર્યે લખ્યાં છે.

વેદયુગ–સંસ્કૃતયુગ–ભાષાયુગ

ઉપર જણાવેલા સમગ્ર સાહિત્યનો સમાવેશ વેદયુગ અને સંસ્કૃત યુગમાં થાય છે. આપણા ધર્મનું બીજ જે વેદયુગમાં રોપાયું હતું તે સંસ્કૃત યુગમાં વૃક્ષ રૂપે ફૂલ્યું-ફાલ્યું. એ સંસ્કૃત યુગની આખરે, એટલે કે ઈસ્વી સનના ૧૦મા-૧૧મા શતક સુધી, આપણા સંસ્કૃત સાહિત્યનો અમાપ વિસ્તાર થયો હતો. દરમિયાન અનેક વિદેશી જાતિઓ આપણે ત્યાં આક્રમણ કરતી આવી અને ભળી, તેમનાથી આપણો સમાજ એટલો બધો સંકુલ બન્યો કે તે સંસ્કૃત સાહિત્ય સમજવાને અશક્ત નીવડ્યો. પરિણામે, ઈ. સ.ના ૧૨મા-૧૩મા શતકથી 'ભાષાયુગ' મંડાયો અને ત્યારથી આપણા સન્તસાધુઓ સંસ્કૃતને બદલે 'ભાષા'માં ઉપદેશ આપવા લાગ્યા. આ સન્તો ઉત્તર દક્ષિણ પૂર્વ અને પશ્ચિમ સર્વ સ્થાનોમાં ઉત્પન્ન થયા અને એમણે આપણી સ્વાભાવિક બોલાતી લોકભાષામાં આપણા ધર્મનાં તત્ત્વો સમજાવ્યાં.

પુરાણો

પુરાણો એ હિન્દુધર્મના પ્રતિષ્ઠિત ગ્રન્થો છે એ આજે તો યથાર્થ રીતે સમજવામાં આવ્યું છે. એ 'પુરાણ' શબ્દની વ્યુત્પત્તિ પુરા+નવ થાય છે. અર્થાત્ એ જૂના તથા નવા એમ બંને પ્રકારના ગ્રન્થો છે. એમાં વર્ણવેલી કેટલીક હકીકત વેદના બ્રાહ્મણકાળ જેટલી અને એથી પણ વધારે જૂની છે, અને કેટલાંક પુરાણો ઈ. સ. પછી પણ કેટલેક સૈકે લખાયાં છે.

રામાયણ–મહાભારત

'ઇતિહાસ અને પુરાણ દ્વારા વેદનો વિસ્તાર કરવો જોઇએ' એ ઉક્તિમાં પુષ્કળ સત્ય રહેલું છે. પુરાણની પેઠે રામાયણ અને મહાભારત પણ આપણા હિન્દુધર્મનું સ્વરૂપ સમજવા માટે બહુ અગત્યનો ગ્રન્થો છે. રામાયણ જેમ સૂર્યવંશમાં જન્મેલા રામની કથા છે, તેમ મહાભારત ચંદ્રવંશી ભરતકુલના કૌરવો અને પાંડવોનો ઇતિહાસ છે. ભરતકુલના આ આર્યોનું મૂળ વેદ કરતાં પણ વધારે પ્રાચીન છે.

જૈનધર્મ–બૌદ્ધધર્મ

વેદધર્મની પેઠે, જૈનધર્મ અને બૌદ્ધધર્મ પણ હિન્દુધર્મની શાખાઓ છે. ઉપનિષદ્ના ઘણા સિદ્ધાન્તો સાથે એ બંને ધર્મના સિદ્ધાન્તો જોડાયા છે. જોકે એ બંને ધર્મના કેટલાક સિદ્ધાન્તો અતિ પ્રાચીન પણ છે. આપણા દેશના ઇતિહાસમાં કૌરવો ગયા, પાંડવો ગયા, યાદવો ગયા અને યુદ્ધની નિષ્ફળતા તથા જગતની ક્ષણિકતા સમજાઇ. પરિણામે, અનુક્રમે મહાવીર સ્વામી અને ગૌતમ બુદ્ધના વૈરાગ્ય અને વાસનાક્ષયના સિદ્ધાન્તોના ઉપદેશ માટે દેશ તૈયાર થયો. જૈનધર્મનાં 'આગમો–સૂત્રો' પ્રાકૃત ભાષામાં લખાયાં છે અને 'વાદ-સ્તુતિ' તેમજ પાછળના કેટલાક જૈનાચાર્યના ગ્રન્થો ટીકાઓ વગેરે સંસ્કૃતમાં લખાયાં છે. બૌદ્ધધર્મના બે મુખ્ય પન્થો છે: મહાયાન અને હીનયાન. બ્રાહ્મણ ધર્મના સંપર્કથી બૌદ્ધધર્મના મૂળ સિદ્ધાન્તોમાં વિશાળતાનું તત્ત્વ ઉમેરાઇને એક ઉદાર મત વિકસતો ગયો, અને તેમાં ઘણો મોટો ભાગ ભળ્યો; તે મહાયાન કહેવાયો. અને જે મતના લોકો બૌદ્ધધર્મના મૂળ સિદ્ધાન્તોને ચુસ્તપણે વળગી રહ્યા તે સંરક્ષક મતવાદીઓનો નાનો વર્ગ હીનયાન (હીન= નાનો) કહેવાયો. બૌદ્ધધર્મની હીનયાન શાખાના ઘણાખરા ગ્રન્થો પાલિ ભાષામાં અને મહાયાન શાખાના ગ્રન્થો સંસ્કૃત ભાષામાં રચવામાં આવ્યા છે. ઈસવીસનના લગભગ આરંભમાં બ્રાહ્મણ ધર્મની પુનર્ઘટના થવા માંડી, અને ઈ. સ. પછી બીજા-ત્રીજા સૈકામાં નાગાર્જુનના સમયથી બૌદ્ધ ધર્મનો મહાયાન પંથ બ્રાહ્મણ ધર્મ તરફ ઢળતો ગયો; ને ત્યાર પછી પોતાના ધર્મગ્રન્થો અને ધર્મોપદેશકોને ગૌરવ આપવા માટે એણે સંસ્કૃત ભાષાનો આશ્રય લીધો.

વેદધર્મ, જૈનધર્મ અને બૌદ્ધધર્મની એકતા

વેદધર્મ, જૈનધર્મ અને બૌદ્ધધર્મ ત્રણે સર્વત્ર સનાતન સત્યોને અનુસર્યાં છે, અને આ પ્રમાણે ત્રણે વચ્ચે એના પ્રાચીન ગ્રન્થોમાં એકતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. 'જેમ જિન થયા વિના બ્રાહ્મણ થવાતું નથી અને જિન થાય તેનાથી બ્રાહ્મણ થયા વિના રહેવાતું નથી' તેમ જેનામાં પ્રજ્ઞા અને શીલ હોય તે જ સાચો બ્રાહ્મણ છે, તે જ સાચો બુદ્ધ છે.

રતિલાલ મોહનલાલ ત્રિવેદી

નવાં પુસ્તકો

નવજીવન કાર્યાલય (અમદાવાદ)નાં નવાં પ્રકાશનો તથા પુનર્મુદ્રણો

ગીતાધર્મ: કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા, ૨–૦–૦; **લોકમાતા** (ભારતની નદીઓ) : દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર, ૦–૮–૦; **સત્યના પ્રયોગો અથવા આત્મકથા**: મોહનદાસ કરમચંદ ગાંધી, ૨–૦–૦; હાથકાગળ ઉપર ૩–૦–૦; **ઈન્દુને પત્રો** : જવાહરલાલ નેહરુ (દુનિયાની ઉત્પત્તિ ને પ્રારંભના દિવસોનું બાળકોને માટે લખેલું ટૂંક વર્ણન) નવું પ્રકાશન, હાથકાગળ ઉપર, ૧–૪–૦; **'નીતિનાશને માર્ગે'**: મોહનદાસ કરમચંદ ગાંધી, ૦-૮-૦; **ગીતાધર્મ** (ગીતાનું સમાજશાસ્ત્ર): દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર; ૧-૦-૦; **તારુણ્યમાં પ્રવેશતી કન્યાને પત્રો**: નરહરિ પરીખ અને મહાદેવ દેસાઇ, ૦–૮–૦; **વિશ્વશાંતિ** (એક ખંડકાવ્ય) : ઉમાશંકર જોષી, ૦–૪–૦; **સર્વોદય** (રસ્કિનના 'અન ટુ ધિસ લાસ્ટ'ને આધારે) : મોહનદાસ કરમચંદ ગાંધી, ૦–૩–૦;

આ માસ ઈતિહાસમાં

જાન્યુઆરી

તા. ૧ પારસીઓ ઇરાનમાંથી આવી હિંદને કિનારે ઊતર્યા, ઈ. ૭૭૮.

તા. ૪ વિખ્યાત ગુજરાતી કાદંબરી 'સરસ્વતીચંદ્ર'ના કર્તા સાક્ષરવર્ય ગોવર્ધનરામ ત્રિપાઠીનું અવસાન, ઇ. ૧૯૦૮.

તા. ૬ પારતંત્ર્યની ઝૂંસરી સામે ફ્રાન્સનો અવાજ ઉઠાવી તેના મુક્તિયજ્ઞમાં પોતાનું બલિદાન હોમનાર ફ્રાન્સની સ્વાતંત્ર્યદેવી જોન આવ આર્કનો જન્મ, ઇ. ૧૪૧૨.

તા. ૧૦ ઈંગ્લંડમાં પેની પોસ્ટની ટપાલ-પદ્ધતિની પહેલવહેલી સ્થાપના થઈ, ૧૮૪૦.

તા. ૧૬ જાણીતા અંગ્રેજ ઇતિહાસકાર એડવર્ડ ગિબનનું અવસાન, ઈ. ૧૭૯૪.

તા. ૧૯ જગતની સાંસ્કૃતિક ઉત્ક્રાન્તિમાં મોટો ફાળો આપનાર વરાળયંત્રના શોધક જેમ્સ વૉટનો જન્મ, ઈ. ૧૭૩૬.

તા. ૨૪ છપ્પનિયાના ભયંકર દુકાળ વખતે સરકારી ગેરનીતિ સામે ગુજરાતના ખેડૂતોના હિતમાં પ્રચંડ લડતઉપાડનાર વિખ્યાત ગુજરાતી ગોકુલદાસ કહાનદાસ પારેખનો ઉમરેઠ મુકામે જન્મ, ઇ. ૧૮૪૭.

તા. ૨૯ નિષ્ણાત યુનાની હકીમ, દિલ્હીની તીબિયા કૉલેજના સ્થાપક, હિંદુ-મુસ્લિમ ઐક્યના પુરસ્કર્તા તથા દેશભક્ત, હકીમ અજમલખાનનું મૃત્યુ, ઈ. ૧૯૨૭.

આ માસનો પ્રસંગવિશેષ

હિંદના ઇતિહાસમાં નિર્ણાયક ફેરફારો કરવા માટે જાણીતાં પાણીપતનાં યુદ્ધોમાંનું ત્રીજું યુદ્ધ આ મહીનામાં–ઇ. ૧૭૬૧ના જાન્યુઆરીની ૧૩મી તારીખે મરાઠા સેનાપતિ સદાશિવરાવ ભાઉ અને અફઘાન આક્રમક અહમદશાહ દુર્રાની વચ્ચે થયું. ૮૦ હજારના સૈન્ય સાથે આવેલા અહમદશાહ સામે ૮૫ હજારનું મરાઠા સૈન્ય દિવસ ઊગતાં ભેટ્યું અને બપોર સુધીમાં તો હિંદુઓનો હાથ ઉપર હતો; પણ કલાકેક પછી શાહે તાજી કુમકનો એવો તો પ્રસારો કર્યો કે હિંદુઓ પાછા હઠયા, અને બે તથા ત્રણ વાગ્યાની વચ્ચે વિશ્વાસરાવ ભેશ્વા પડતાં જ મરાઠા સૈન્ય નાસવા માંડ્યું. સૈન્ય ઉપરાંતનાં બીજાં માણસો સહિત મરાઠા દળનાં ત્રણ લાખમાંથી લગભગ બે લાખ માણસો માર્યાં ગયાં, અને આ હારે મરાઠાસત્તા ઉપર એવો તો જીવલેણ ફટકો માર્યો કે ફરી ઊભા થવાની બધી જ તાકાત ગુમાવી એ શીર્ણ-વિશીર્ણ થઇ ગઈ.



આ માસની વ્યક્તિવિશેષ

સ્વામી વિવેકાનંદ

હિંદના આ મહાન ધર્મપ્રચારક અને અદ્ભુત કર્મયોગી સંન્યાસીનો જન્મ ઇ. ૧૮૬૩ની ૧૨મી જાન્યુઆરીએ કલકત્તાના ગર્ભશ્રીમંત બાબુ વિશ્વનાથ દાસને ત્યાં થયો. એમનું બાળપણનું નામ નરેન્દ્રનાથ. નાનપણથી જ લાડકોડમાં ઊછરેલો નરેન્દ્ર રમતગમતનો ખૂબ શોખીન હતો, તેનું શરીર ઘણું મજબૂત હતું, અને મુક્કાબાજી તેને પ્રિય હતી. સંગીતનું તેને ઊંચું જ્ઞાન હતું ને મધુર કંઠે ઘણાં પદો તે ગાતો. તેની માતા ભુવનેશ્વરી ધર્મપરાયણ હોવાથી ઘણા સાધુસંતો ઘેર આવતા, ને આમ તેનામાં નાનપણથી ધર્મસંસ્કાર રેડાયા. ભણતરમાં પણ એવો જ તેજસ્વી નીવડી છેલ્લાં વર્ષોમાં ત્રણ વર્ષનો અભ્યાસ એક વર્ષમાં કરી તે મૅટ્રિક થયો અને કૉલેજમાં હર્બર્ટ સ્પેન્સરના ગ્રંથો વાંચી તે નિરીશ્વરવાદી બન્યો.

એવામાં કોઈ પડોશીને ત્યાં સ્વામી રામકૃષ્ણ પરમહંસને તેડેલા, ત્યાં પડોશીના આમંત્રણથી તે ગાવા ગએલા. એ વેળા એમના ભાવવાહી કંઠથી મુગ્ધ થએલા સ્વામી રામકૃષ્ણે એમને પછી પોતાને ત્યાં તેડાવ્યા અને કાળબળે એ પરિચય વધ્યો. અને એમના સંસર્ગથી ઇશ્વરનો જાણે સાક્ષાત્કાર થયો હોય એવી તેમની શ્રદ્ધા દૃઢ થઈ ગઈ.

વીસ વરસની ઉમરે બી. એ. થઇ એમણે એલએલ. બી. શરૂ કર્યું, ત્યાં એમના આજન્મ ઉદાર પિતા વારસામાં મોટું દેવું મૂકી ગુજરી ગયા. ઘરમાં દાણા નહિ ને ખિસ્સામાં પાઇ નહિ એવી સ્થિતિમાં આવી પડેલા નરેન્દ્ર સામે પિતરાઇઓએ મિલકતની વહેંચણીનો દાવો માંડ્યો; તેમાં પોતાની સર્વ શક્તિઓ બતાવી ન્યાયમૂર્તિને પણ ચકિત કરે એવો બચાવ કર્યો. કેસ પૂરો થતાં દેવામાં બધું હોમાઇ ગયું ને ચિત્તને વિહ્વળ કરે એવી સ્થિતિમાં અંતે સ્વામી રામકૃષ્ણને શરણે તે ગયા જ્યાં તેમને શાંતિ મળી.

નાનપણથી જ આવની મોટી પહેરામણી સાથેની લગ્નની દરખાસ્તો પાછી ઠેલી હતી તે આ વખતે પણ નકારીને તે સ્વામીની જ સેવામાં જ મગ્ન રહેવા લાગ્યા; અને સ્વામીને પણ તેમની શક્તિ ને તેજસ્વિતામાં એટલી પાકી શ્રદ્ધા બેઠી કે ૧૮૮૫ની ૧૬મી ઑગસ્ટે સ્વામી રામકૃષ્ણ ગુજરી ગયા ત્યારે તેમને પોતાના ઉત્તરાધિકારી સ્થાપતા ગયા.

વરાહનગર મઠની સ્થાપના કરી, ત્યાં સૌ શિષ્યોનું સંગઠન કરી તે હવે પરિવ્રાજક બની હિંદના પરિભ્રમણે નીકળ્યા, અને હિમાલયથી માંડી દક્ષિણદેશ સુધીનો આખો ખંડ ફરી વળી, રાજા મહારાજાઓ મુત્સદીઓ, વિદ્વાનો ને પંડિતો સૌના સંસર્ગમાં આવી પોતાની અદ્ભુત પ્રતિભાથી આદરણીય બની ગયા.

ઇ. ૧૮૯૩માં અમેરિકામાં ભરાએલી સર્વ ધર્મ પરિષદમાં હિંદુ ધર્મના પ્રતિનિધિ તરીકે સૌ પ્રશંસકોએ આગ્રહ કરીને એમને મોકલ્યા, અને ત્યાં હિંદુ તત્ત્વજ્ઞાનનો સંદેશ સંભળાવતા એમના વ્યાખ્યાને એવી તો છાપ પાડી કે એ આખો દેશ દંગ થઇ ગયો. પછી તો એમના ભાષણો માટે પડાપડી થવા લાગી. ત્રણ વર્ષ લગી એ દેશમાં તથા ઇંગ્લંડમાં વ્યાખ્યાનો કરી ભારતીય ધર્મતત્ત્વ અને હિંદની પ્રતિભાનો ડંકો વગાડી એ ૧૮૯૬ના ડિસેમ્બરમાં સ્વદેશ પાછા આવ્યા.

પછી એમણે દેશમાં વિદ્વાન્ સાધુઓના જૂથ દ્વારા ધર્મપ્રચાર કરવા માટે 'રામકૃષ્ણ મિશન'ની સ્થાપના કરી, હિમાલયમાં માયાવતીમાં અદ્વૈતાશ્રમ સ્થાપ્યો અને કલકત્તામાં બેલુડ મઠની યોજના કરી. આ બધા પરિશ્રમથી ૧૮૯૭માં એમની તબિયત લથડી અને હવાફેર માટેની દાક્તરી સલાહથી ફરી ઇંગ્લંડ થઇ અમેરિકા ગયા, જ્યાં ફરી તેમનો ભાવભીનો સત્કાર થયો. ત્યાં તથા ત્યાંથી પાછા વળતાં ફ્રાંસમાં બીજી સર્વધર્મ પરિષદ સમક્ષ આપેલાં વ્યાખ્યાનોની હારમાળાઓના પરિશ્રમથી ફરી એમની તબિયત લથડી અને ખરાબ સ્થિતિમાં તે દેશ આવ્યા.

શેષ કાળ હવે એમણે બેલુડમાં જ ગાળ્યો અને શિષ્યોને સંસ્કૃત તથા તત્ત્વજ્ઞાનમાં પ્રવીણ કર્યા. એવામાં જપાનનું આમંત્રણ આવ્યું, પણ તે સ્વીકારી શક્યા નહિ. દિનપરદિન તબિયત લથડતી ચાલી અને અંતે ૧૯૦૨ના જુલાઈની ૪થી તારીખે ૩૯ વર્ષની વયે ભારતનો એ તેજસ્વી તારક ખરી પડ્યો.

મધુ માસ્તર . . . . (અનુસંધાન પાછળ પાન ૧૨થી)

બોલી ઊઠ્યા, 'હું હાર્ટલેસ, સતીશ?'

સતીશ ઉતાવળે ચાલ્યો ગયો. માસ્તર પણ ભોજન પડતું મૂકી ઊઠી ગયા. ભોજનનો સુખકર સ્વાદ બધો જાણે કડવો બની ગયો.

તુરત હાથ-મોં ધોઇ એ બોલ્યા, 'હું જાઉં છું સતીશ, અરુણને ત્યાં.'

અરુણ સાથે વાતો કરી એક કસબામાં નીચલા માળે એક ઓરડી ભાડે લઇ માસ્તરે ત્યાં જ ડેરા નાખ્યા. ખાવાપીવાનું પતાવ્યા બાદ એ ઇમ્પીરિયલ લાયબ્રેરીમાં જતા. સાંજે અરુણ આવતો, એની સાથે ચર્ચા થતી. આમ ખૂબ આનંદમાં એમના દિવસો જતા. સાંજ પછીનું એક ખાનગી ટ્યૂશન મળી ગયું હતું—પંદર રૂપિયા ત્યાંથી મળતા, તેમાંથી દસ રૂપિયા એ ઘેર મોકલાવતા. અરુણને આની ખબર નહોતી. એ પોતે પોતાની સ્કૉલરશિપમાંથી દર મહિને દસ રૂપિયા ઘેર મોકલાવતો રહેતો.

એ દિવસે કશાકની રજા હતી. બપોરે આવીને અરુણે જોયું તો ઢગલો એક રંગીન કાગળ, લાહી અને લોઢાનો તાર લઇ પિતા કંઇક કરતા હતા. વિસ્મય પામી એણે પૂછ્યું, 'આ શું કરો છો?'



જરા બહીલા પડીને પિતાએ શરમાતાં શરમાતાં કહ્યું, 'કાગળનાં ફૂલ બનાવું છું. આનું વેચાણ સારું છે. અગાઉ એક દિવસ બનાવેલાં. બે રૂપિયા નફો મળ્યો હતો.' અરુણની આંખમાં આંસુ આવ્યાં. એણે કહ્યું, 'બાપુજી હું નોકરી કરીશ. તમે મહેનત—ચિંતા ન કરતા.'

એકીટશે અરુણ તરફ જોઇ રહી તિરસ્કારભર્યા અવાજે એમણે માત્ર આટલું જ કહ્યું: 'અરુણ!' અરુણ માથું નીચું કરીને ઊભો રહ્યો.

એ બોલ્યા, 'મને થાય છે, અરુણ, કે તું તારી કલ્પનામાત્રથી તારું ભવિષ્ય ન બગાડ. એથી કદાચ મારું શારીરિક દર્દ દૂર થશે, પણ મારા માનસિક દુઃખે મારે કદાચ આપઘાતઃ કરવો પડશે.'

થોડીવાર પછી જરા હસી, ફરી એ બોલ્યા, 'સાધના સામાન્ય વસ્તુ નથી, અરુણ. કષ્ટસહન વિના સાધના અશક્ય છે, ભાઇ. મારી તરફ ન જોતો. આ તો મારી સાધના છે.'

બે મહિના વીતી ગયા. એક દિવસે સાંજે આવીને અરુણે જોયું તો પિતા સૂતા હતા. અરુણને જોઇ એમણે કહ્યું, 'અરુણ, મને દેશમાં લઇ જા ભાઈ. થોડુંક જ કામ હવે બાકી છે; અને કદાચ દિવસો પણ હવે થોડા જ બાકી છે તારી મા પાસે પહોંચવું છે મારે.'

ઘેર આવી ધીરેધીરે એ સાજા થતા હતા અને જેટલું કામ બાકી રહ્યું હતું તે ધીમેધીમે પૂરું કરતા હતા. થોડા દિવસ પછી શરીરે તદ્દન સારું દેખાયું ને એક-બે દિવસ પછી એમણે ફરી વધુ મહેનત કરવી શરૂ કરી દીધી. એમનાં પત્નીએ આ સામે વાંધો લઈ લેખન-ગૃહને તાળું વાસી દીધું ને કહ્યું, 'પહેલાં મને થોડુંક ઝેર લાવી દો.'

'શું ગાંડું ગાંડું બોલે છે તું? તું શું ક્દીયે નહિ સમજે મને?'

ને ચાવી ફેંકી દઇ પત્ની બોલી, 'લ્યો આ. પણ એક વાર કહો કે હું બધું સમજું છું.'

રાતના બીજા પહોરે વિકૃત અવાજે માસ્તરે સાદ પાડ્યો, 'અરુણની મા!' એ દોડતી આવી. જોયું તો માસ્તર બિછાના પર પડ્યા છે; નાક અને મોંમાંથી લોહી પડે છે.

ડાક્ટર આવ્યા. જોઇ-તપાસી એમણે કહ્યું મગજની નસ તૂટી ગઇ છે. પાછલી રાત્રે—વહેલી સવારે બકવાદ જેમ માસ્તર બોલતા હતા, 'અરુણ, પૂરું થઈ ગયું છે . . પ્રવેશક ફક્ત બાકી છે. તું જોજે એ.'

વાર્તા અહીં જ પૂરી થાય છે; પણ હજુ જરાક બાકી છે. એ ન કહું તો વાર્તા પૂરી તો થશે, પણ સંપૂર્ણ નહિ થાય.

એમ. એ. માં પહેલો આવી, સ્ટેટ સ્કૉલરશિપ મેળવી અરુણ વિલાયત ગયો હતો. લગભગ બે વરસ પછી એક દિવસ દોડતા આવીને વરુણે માને પૂછ્યું, 'મા, બાપાની છબિ છે?'

'કેમ?' માએ પૂછ્યું.

બાપાની ચોપડી બહાર પડી છે. વિલાયતનાં ઘણાં છાપાંઓમાં એનાં વખાણ થયાં છે. મોટાભાઇએ લખ્યું છે કે ચોપડીના મહેનતાણા પેટે પાંચ હજાર રૂપિયા મળ્યા છે. ત્યાં સૌ બાપાની છબિ માગે છે—છાપાંમાં છાપવા માટે.'

'અરુણે શું લખ્યું છે, વરુણ?' માએ પૂછ્યું.

'એ તો બધું અંગ્રેજીમાં છે. પછી તરજૂમો કરીને સંભળાવીશ, મા; પણ બાપાની છબિ?'

અકસ્માત એક આત્મવિસ્મૃતિની પળે મોંથી બોલી જવાયું, 'છે ભાઈ, પણ એ આપવાની નથી.'

'શા માટે?'

પ્રૌઢ ઉંમરે પણ માનું મોં લાલ-લાલ થઈ ગયું. એણે સ્વસ્થ થઇ કહ્યું, 'ના ભાઇ, છબિ તો નથી.'

ગંગા નદીમાં પૂરથી પાણી છલકાતાં હતાં અને તટ ઉપર પાણી ફરી વળ્યું હતું. હજારો લોકો ગંગાજળ ભરી જતા હતા. બે બેરીઓ આવીને પાણી ભરી ગઈ. પાછી બીજી વાર બંને જણીઓ આવી. પણ તે વખતે પાણી ઓસરી ગયાં હતાં. એક બાઇએ કહ્યું, 'જુઓની મણિબેન, સાંજ સુધીમાં કેટલા બધા લોકો પાણી ભરી ગયા!'

વલસાડને સ્ટેશને એક મિસ્ટર પાણી ભરવા ઊતર્યા. નળ આગળ ગિરદી હોવાથી પાણી અરધું ભર્યું—ન ભર્યું ત્યાં તો ગાડી ઊપડી. એકદમ તે દોડીને ચાલતી ગાડીમાં ચડવા જતો હતો, એટલામાં પોર્ટરે ખેંચ્યો, 'આ તો રીઝર્વ છે; આમાં નહિ ચડાય.'

મુંઝાઇ જઇ એણે કહ્યું, 'પણ એ મારો જ રીઝર્વ કરાવેલો છે.'

'આ બંને પાર્કાટો ઉપર પાંચ પૈસાની ટિકિટ જોઇશે.' પોસ્ટ માસ્તરે કહ્યું.

'તે અમદાવાદના યે પાંચ પૈસા ને નવસારીના પણ એટલા જ?'

'આજે મંદિરે જઇ આવેલો કે?' બાપાએ પૂછ્યું.

'બાપા પણ આજે ક્યાં મેં કંઈ પાપ કરેલું.' (સતીશ મહેતા)

ઘોડો

મૂળ લેખક : રવીન્દ્રનાથ ઠાકુર

બ્રહ્મા સૃષ્ટિનું કાર્ય પૂરું કરી રહેવા આવ્યા ત્યાં એમના મગજમાં એક વિચાર આવ્યો.

ભંડારીને બોલાવી કહ્યું, 'અરે ભંડારી, થોડોક પંચભૂતનો મસાલો લાવોને. એક નવા જ પ્રાણીનું સર્જન કરવું છે.'

ભંડારી હાથ જોડીને કહે, 'પિતામહ, જ્યારે આપે ઉત્સાહમાં આવી જઇને હાથી ઘડ્યો, વ્હેલ ઘડી, અજગર ને સાપ ઘડ્યા, સિંહ ને વાઘ ઘડ્યા, ત્યારે પહેલેથી માપનો કૈં હિસાબ જ રાખ્યો નહિ. એટલે જેટલું ભારે ને મજબૂત જાતનું ભૂત હતું તે બધું વપરાઈ ગયું છે. પૃથ્વી, જલ ને તેજનાં તો તળિયાં દેખાય છે. રહ્યા છે માત્ર મરુત્ ને વ્યોમ(વાયુ ને આકાશ). તે છે જોઇએ તેટલાં.'

ચતુર્મુખ થોડી વાર પોતાની ચારે મૂછો પર હાથ ફેરવતા બોલ્યા, 'વારુ, ઠીક છે; ભંડારમાં જે હોય તે લઈ આવો; જોઇ લેવાશે.'

આ વખતે પ્રાણીને ઘડતી વેળાએ બ્રહ્માએ પૃથ્વી, જલ ને તેજ ખૂબ કસરથી વાપર્યાં. તેને ન દીધાં શીંગડાં કે ન દીધા નખ; ને દાંત જે દીધા તેનાથી ચવાય પણ કરડાય નહિ.

તેજના વાસણમાંથી થોડું વાપર્યું ખરું. તેથી એ પ્રાણી યુદ્ધક્ષેત્રમાં કામ લાગે એવું તો બન્યું; પણ તેનામાં લડાઇનો શોખ રહ્યો નહિ. એ પ્રાણી તે ઘોડો.

બીજું ગમે તે હોય, પણ એના ઘડતરમાં સૃષ્ટિકર્તાએ મરુત્ ને વ્યોમ ઠાંસીઠાંસીને ભરી દીધાં. પરિણામ એ આવ્યું કે એનું મન સોળે આના મુક્તિ તરફ દોડી ગયું. એને પવનની આગળ જવું છે. અસીમ આકાશને પાર કરી જવાની પ્રતિજ્ઞા લઇને એ બેઠો છે. બીજાં બધાં પ્રાણી કૈં કારણ હોય તો દોડે; આ તો દોડે વિના કારણે. કેમ જાણે તેને પોતાને પોતાની જાત પાસેથી જ ભાગી છૂટવાનો શોખ હોય! કોઇને કરડવું કે મારવું નથી. કેવળ ભાગ્યા જ કરવું છે, ભાગવાના નશામાં ચકચૂર બનીને, બસ હતા-ન હતા થઈ જવું એવી તેની મતલબ લાગે છે. જ્ઞાનીઓએ કહ્યું, 'પ્રકૃતિમાં જ્યારે મરુત્ ને વ્યોમનો પૃથ્વી, જલ અને તેજ કરતાં અતિરેક થાય ત્યારે આવું બને.'

બ્રહ્મા ભારે ખુશ થયા. વસવાટ માટે કોઇને દીધું વન, કોઇને દીધી ગુફા; પણ આની દોડ જોઇને એને ખુલ્લું ખેતર આપ્યું.

એ ખેતરમાં માણસ રહેતો. એણે ખટપટ કરીને જે બધું જમાવ્યું હતું તે ખૂબ બોજારૂપ થઇ જતું હતું એણે જ્યારે ઘોડાને ખેતરમાં ફરતો જોયો ત્યારે એને વિચાર આવ્યો કે જો એની ગતિ હાથ આવી જાય તો પોતાને હટાણું કરવામાં ભારે સગવડ થઈ જાય.

એક દિવસ ઘોડાને ફાંસલામાં ફસાવી દીધો. તેની પીઠે નાખી જીન, મોંમાં નાખી લગામ. પીઠે લગાવી ચાબુક ને પડખાંમાં મારી જોડાની એડી. અને એ સિવાય બીજી તાણ-ખેંચ તો વધારામાં.

છૂટો રાખે તો તો છટકી જાય, એટલે ઘોડાની ચારે બાજુ દીવાલની વાડ ચણી દીધી. વાઘને હતું વન, એથી તે વનમાં જ રહ્યો. સિંહને હતી ગુફા, તે કોઇને કરડતો નહિ પણ ઘોડાને હતું ખુલ્લું ખેતર: તે હવે આવી પડ્યો તબેલામાં. મરુત-વ્યોમે એ પ્રાણીને મુક્તિ માટે તો ખૂબ ઉશ્કેરી મૂક્યો હતો; પણ બંધનમાંથી બચાવ્યો નહિ.

જ્યારે અસહ્ય થઈ પડ્યું ત્યારે ઘોડાએ દીવાલ પર લાતો લગાવવા માંડી. પરંતુ તેથી તેના પગને જેટલી ઇજા થઈ તેટલી ઈજા દીવાલને પહોંચી નહિ.

એથી માણસને ખૂબ ગુસ્સો આવ્યો. કહ્યું, 'આનું જ નામ અકૃતજ્ઞતા. દાણો પાણી ખવડાવું છું, મોટા પગારવાળા નોકરો આઠે પહોર ખડા રખાવું છું, તોય મનમાં કૈં ગુણ છે?'

તેના મનને ઠેકાણે લાવવા ઘોડાવાળાઓએ એવી તો દંડાબાજી ચલાવી કે પછી સીધો દોર થઇ ગયો. માણસ હવે અડોશી-પડોશીને કહેવા લાગ્યો, 'આના જેવું બીજું કોઈ ભક્ત વાહન નથી.'

તેઓ તારીફ કરીને કહેતા, 'એટલે જ તો એકદમ પાણી જેવો ઠંડો છે, —જેવો ઠંડો છે ધર્મ તમારો.'

એને તો મૂળથી જ દાંત કે નહોર કે શીંગડાં કૈં નહોતું. એટલે પછી દીવાલ પરની ખાલી લાતો છોડી દીધી. પછી મનને ખુલ્લું કરવા જરા આકાશ તરફ માથું ઊંચું કરી હણહણતો. તેથી માણસોની ઊંઘ ઊડી જતી ને અડોશી-પડોશીઓ વિચારતા કે એ અવાજ બરાબર ભક્તિગદ્ગદ્ નથી સંભળાતો. મોઢું બંધ કરવા અનેક પ્રયત્નો થયા; પણ શ્વાસ બંધ કર્યા વિના મોઢું તો એકદમ બંધ થાય નહિ, એટલે દબાએલા અવાજે મરતા માણસનાં ડચકાંની જેમ વચમાં વચમાં અવાજ આવતા.

એક દિવસ એ અવાજ બ્રહ્માને કાને પહોંચ્યો. તેમણે સમાધિ-ભંગ કરીને એક વખત પૃથ્વી પર ખુલ્લા ખેતર પર જોયું. ત્યાં ઘોડાનાં કોઈ ચિહ્નો નહોતાં.

પિતામહ યમને બોલાવીને કહે, 'ચોક્કસ આ તમારાં પરાક્રમ લાગે છે. મારા ઘોડાને લીધો છે?'

યમે કહ્યું, 'સૃષ્ટિકર્તા, શંકા બધી તમને મારા પર જ આવે છે? એકવાર જરા માણસના વાસ તરફ તો નજર કરી જુઓ.'

બ્રહ્માએ જોયું તો એક નાની જગ્યા હતી. એની ચારે બાજુએ ભીંત હતી. તેની અંદર ઊભાને ક્ષીણ સ્વરે ઘોડો હણહણતો હતો.

તેમનું હૃદય પીગળી ગયું. માણસને કહ્યું, 'મારા આ પ્રાણીને જો મુક્ત નહિ કરે તો હું એને વાઘ જેવા દાંત ને નહોર આપીશ. પછી તે કામમાં નહિ આવે.'

માણસ કહે, 'છિ: છિ:. તો તો હિંસાને આવકારવા જેવું થાય. પરંતુ ગમે તેમ હો, પિતામહ. આ તમારું પ્રાણી મુક્તિને લાયક જ નથી. એના હિત ખાતર ખારસો મનનો મોટો ખર્ચ કરીને તબેલો બનાવડાવ્યો છે.'

બ્રહ્માએ કહ્યું, 'એને છોડી મૂકવો જ પડશે.'

માણસે કહ્યું. 'ભલે ત્યારે, છોડી મૂકીશ. સાત દિવસ બાદ તમે જ પોતે તમારા બીડ કરતાં મારો તબેલો સારો એમ ન કહો તો હું કાનપટ્ટી પકડવા તૈયાર છું.'

માણસે શું કર્યું? ઘોડાને બીડમાં છૂટો તો મૂકી દીધો, પણ તેના આગલા બે પગોમાં નાની રસ્સી કસકસાવીને બાંધી દીધી. ત્યારે ઘોડો એવું તો ચાલવા લાગ્યો કે કાગડાની ચાલ પણ એના કરતાં શોભે.

બ્રહ્મા રહેતા દૂર-સુદૂર સ્વર્ગે. તેને ઘોડાની ચાલ દેખાતી, પણ તેનું બંધન દેખાતું નહિ. આવી વિદૂષક જેવી ચાલથી પોતાની કીર્તિ લજવાતી જોઇ શરમથી એ લાલચોળ થઈ ગયા. કહ્યું, 'ભૂલ થઈ ગઇ.'

માણસ હાથ જોડીને કહે, 'હવે આને લઇને કરું શું? આપના બ્રહ્મલોકમાં ખેતર હોય તો ત્યાં રવાના કરી દેવો ઠીક છે.'

બ્રહ્મા વ્યાકુળ થઇને બોલ્યા, 'જા, જા, લઈ જા પાછો તારા તબેલામાં.'

માણસ કહે, 'આદિદેવ, આ તો માણસ પર ભારે બોજો પડશે.'

બ્રહ્માએ કહ્યું, 'એ જ તો માણસની માણસાઇ છે ને!'

વિનોદ કોઠારી

('લિપિકા'માંના મૂળ બંગાળીનો અનુવાદ)

વિવેકબુદ્ધિ વિનાના માણસ સાથે દલીલ કરવી એ મુડદાને દવા પાવા જેવું છે.

સૂકવેલા ખોરાક

ઘરઘરને લાભદાયક આ યુગની એક વૈજ્ઞાનિક સિદ્ધિ

લેખક ડૉ. કાન્તિલાલ છ. પંડયા

આપણે ત્યાં શાકો ને કોઇક ફળો તડકે સૂકવીને પછી આખા વર્ષના ઉપયોગને માટે રાખી મૂકવામાં આવે છે: કેટલાંકને આથવામાં આવે છે, કેટલાંકને તેલમાં તળી, ખાખણાં કરી, મીઠું-મસાલાની સાથે ખાવામાં આવે છે. આ યુક્તિથી એક જ ઋતુમાં થતાં શાક ફળ વગેરે બધી ઋતુઓમાં ખાવાનો લ્હાવો આપણને મળે છે. આ કળામાં સુરતીઓ સારીપેઠે આગળ છે: અને સુરતનાં સરસ શાકોની આ સૂકવણીઓ પણ સુરતી ભોજનમાં સારૂં સ્થાન પામે છે.

આવી બીજી ઘણી ચીજો પણ સૂકવણીથી તૈયાર કરી શકાય છે. જેમ સ્વાદને તથા પાચનને માટે પાણી જરૂરનું છે, તેમ અન્ય પક્ષે ખોરાકના બગાડમાં ય પાણી મુખ્યત્વે જવાબદાર છે. એ પાણીને સારી રીતે ને પાણી સિવાયનાં તત્ત્વોને ઓછામાં ઓછું નુકસાન થાય તેવી રીતે જો આપણે ઉડાડી મૂકી શકીએ, તો એ સૂકવેલો ખોરાક ઘણા વધુ સમય લગી સારો રહી શકે છે. દૂધમાંથી કરેલાં 'કન્ડેન્સ્ડ મિલ્ક', 'સૂકવેલ દૂધ', 'દૂધની ભૂકી' (ગ્લૅક્સો) વગેરે તો મશહૂર છે. હું કૉલેજમાં ભણતો હતો ત્યારે એક દક્ષિણી સહાધ્યાયીએ પોતાને ઘેરથી આવેલો સૂકવેલો રસ (કેરીનો) મને ખવડાવેલો. થાળીમાં કેરીનો રસ પાથરી તેને તડકામાં સૂકવી દીધેલો ને પછી પાળીથી એના ચોરસ કકડા કાપેલા. એનો સ્વાદ તો હજી ય મારા મોંમાં રહી ગયો છે.

આવા કેટલાક ખોરાકમાં વળી ઉપરથી કોઇ ક્ષારો કે વિટામિનો કે બીજી પોષણની ચીજો નાખવામાં આવે છે. સનેટોજન, પ્લાસ્મન વગેરે એવી ચીજો છે બંનેમાં મુખ્ય તો દૂધ જ છે, અથવા તો દૂધની ભૂકી.

આ લડાઇના સમયમાં આવા સૂકવેલા ખોરાકની ઉપયોગિતા ને મૂલ્ય બહુ જ વધી ગયાં છે. લડાઈમાં ગએલાઓને માટે, પછી તે સૈનિક હોય કે બીજું કામ કરનાર હોય તોપણ, દુનિયાના ગમે તેવા ભાગમાં રહી લડવું પડે, ત્યારે ખોરાકની સાચવણી અત્યન્ત આવશ્યક હોય છે. સૂકવેલા ખોરાકમાં એક મોટો ને પહેલો ફાયદો એ છે કે પાણી નીકળી જવાથી તેનાં કદ ને વજન બહુ જ ઊતરી જાય છે અને તેથી તેને લાવવા-લઇ જવામાં (transportમાં) બહુ જ સગવડ પડે છે અને અપાર જગ્યાનો બચાવ થાય છે.

જરા વિગતમાં ઊતરવાથી આ લાભનો ખરો ચિતાર આવશે. સૌ જાણે છે કે ગ્રેટબ્રિટન પોતાનો ઘણો ખોરાક પોતાનાં વહાણોમાં પરદેશથી મેળવે છે. લડાઇ પહેલાં બ્રિટન દર વર્ષે આયાત થતા ખોરાકની સાથે ૩૦ લાખ ટન (૧ ટન=૫૬ મણ) જેટલું પાણી બ્રિટનમાં લાવતું! આ પાણી સૂકવી નાખ્યું હોત તો કેટલાં બધાં વહાણો ને ટ્રેનો બચી ગયાં હોત અથવા બીજા કામમાં વાપરી શકાયાં હોત!

ગઈ લડાઇમાં અમેરિકનોએ પોતાનાં માણસોને સૂકવેલો ખોરાક મોકલવાની પહેલ કરી હતી, અને તે પણ લડાઈના છેલ્લા વર્ષમાં જ એટલે સન ૧૯૧૮માં. પણ તે વખતે આ નવું કામ હતું, ને ખાસ કરીને સૂકવેલાં શાકો તે વેળા બહુ સફળ કે લોકપ્રિય થયાં નહિ. ધીરજવાળી શોધખોળોએ સૂકવવાની વિધિઓમાં હવે ઘણો સુધારો કરી દીધો છે, અને આજની લડાઈમાં કેવળ સૂકવેલાં શાકો ને ફળો જ નહિ, પરંતુ બીજો ય ઘણો ખોરાક બહુ કામમાં લેવાયો છે.

આજે યુનાઇટેડ સ્ટેટ્સમાં જ ૧૧૩ કારખાનાંઓ આ કામ કરે છે અને તેઓ દર વર્ષે ૧૨ કરોડ ૫૦ લાખ રતલ જેટલાં સૂકવેલાં શાક તૈયાર કરે છે. શાકોમાં મુખ્ય બટાટા, કોબી, ડુંગળી, ગાજર, બીટ, ટમેટાં વગેરે હોય છે. સૂકવેલાં શાકોને ધાતુના જ ડબામાં રાખવાની જરૂર રહેતી નથી; માત્ર પાણીથી કટાય નહિ અને બીજાં જન્તુઓ પેદા થાય નહિ એટલી જ તે ડબાઓની ખાતરી હોવી જોઇએ.

હિંદમાં આ વખતે ૨૦૦ કરતાં ય વધારે કારખાનાંઓ સૂકવણીના ખોરાક તૈયાર કરે છે. તેમાં બટાટા, ડુંગળી, કોબી, ગાજર, કૉલિફ્લાવર, ટમેટાં, વંતાક, દૂધી, ભાજી વગેરે મુખ્ય છે. એકલા બટાટાનો જ હિસાબ કરવા જઇએ તો સન ૧૯૪૨ના અન્ત લગીમાં જ પચાસ હજાર ટન બટાટા અને આઠ હજાર ટન બીજાં શાકો સૂકવાયાં હતાં. બટાટાની ને શાકોની મોંઘવારીનું આ પણ એક કારણ સમજવા જેવું છે. આવાં કારખાનાંઓમાં નફો બહુ હોવાથી ઠેરઠેર તે થઈ ગયાં છે. એકલા આગ્રામાં જ કેટલાં કારખાનાંઓ છે!

હવે સૂકવણીની વિધિઓમાં એટલાબધા સુધારા થયા છે કે સૂકવેલો ખોરાક પાણીમાં ઉકાળીને તરત ખાઇ શકાય છે. ખોરાકનો રંગ, સ્વાદ, દેખાવ વગેરેમાં લગભગ કાંઈ પણ ફેરફાર કે નુકસાન હોતાં નથી. ઘણા ખોરાકને સૂકવ્યા પછી દબાવીને ઇંટો જેવાં ચકતાં તૈયાર કરવામાં આવે છે. આવા ખોરાકનો ૩૦ રતલ ટકા જેટલો ભાર (લશ્કરને માટે) એક ખાસ ટિનમાં બંધ કરવામાં આવે છે. તે ખોરાક ઉઘાડી તૈયાર થાય છે ત્યારે ૪૮૦ માણસોને એક દિવસને માટે પૂરો થઈ રહે છે!

દૂધ ને શાક-ફળો વગેરેમાં પાણીનું પ્રમાણ બહુ છે: સાધારણ સારા દૂધમાં જ સોએ લગભગ ૮૭૫ ટકા જેટલું પાણી હોય છે. તે સૌ ગયા પછી સૂકવેલ ખોરાક કેટલો હલકો થઇ જાય તે સમજવું સહેલું છે. પણ આ ઉપરાંત માંસ, માછલી, ઇંડાં વગેરેને પણ બહુ સંતોષકારક રીતે સૂકવવામાં આવ્યાં છે. સ્વભાવિકરીતે દરેકની વિધિમાં ખાસ ફેરફાર કરવો પડે છે ન્યૂ ઝીલૅન્ડમાં માખણની સૂકવણી પણ થઈ છે, અને 'ગ્લૅક્સો'ની પેઠે સૂકવેલ માખણના વેપારમાં ય ઘણો તડાકો તે દેશવાસીઓને પડયો છે.

આ સૂકવણીઓની વિધિઓની વિગતો મળી શકે એમ છે. એટલે તેમાં ઊતરવાનું આ સ્થળ નથી. પણ એટલું કહી શકાય કે તેમાં ગરમી ઉપરાંત તડકા ને વિજળીનો ઉપયોગ પણ થાય છે.

આ ખોરાકનો આટલો બધો ઉપયોગ આ લડાઈમાં બ્રિટને, હિંદે ને અમેરિકાએ કર્યો છે. એટલે એટલું તો બેશક માની શકાય કે સ્વાદ તો લગભગ બધો જળવાઈ રહ્યો હશે. પોષણ પણ જળવાયું હશે? કે ઘટી ગએલા પોષણને માટે વળી બીજા ઉપાય યોજવાના રહે છે? આ સવાલની શાસ્ત્રીય દૃષ્ટિએ તપાસ કરવાની બાકી છે.

પણ એવું માનવાનું કારણ નથી કે આ તો લડાઇના જ ધંધાઓ છે ને લડાઇ બંધ થયે તે ઉદ્યોગ પણ બંધ થશે. ખાવાના શોખીનો હવે કાંઇ પોતાના માનીતા ખોરાકોને મુસાફરીમાં ને પરદેશોમાં સાથે લઈ જવાની આમ લાધેલી તક સરળતાથી જતી નહિ કરે. જો આવા ખોરાકો આપણે મુસાફરીમાં સાથે રાખીએ એટલા સુલભ ને સસ્તા હોય તો સૌની મુસાફરી વધુ આરામવાળી જ થાય. ખાસ કરીને બાળકો તથા માંદાંઓનો તો ઘણી મુસીબતોમાંથી છૂટકારો થઇ જાય અને આમ, શાન્તિના કાળમાં પણ હમેશને માટે હવે આ સૂકવણીઓ ચાલુ રહે એવો સંભવ છે.

ગુજરાતમાં આ પ્રવૃત્તિ છે કે નહિ તે માલૂમ નથી. ન હોય તો ગુજરાતીઓએ આમાં રસ લેવાનું એક વધુ કારણ મળે છે.●

● 'Journal of Scientific and Industrial Research' Jan. 1943ના અંકમાંથી. સૂકવણીની વિધિઓની વધુ હકીકત તેમાં મળશે.

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો — લેખક

[૧૦]

ડૉ. હરિપ્રસાદ પ્ર. દેસાઈ

કળાપ્રદર્શનોના વહીવટથી અને ચિત્રો જોવાના શોખથી અનેક ચિત્રોએ મને આનંદ આપ્યો છે. એ બધાંનું વર્ણન કર્યે પાર આવે એમ નથી, પણ મુખ્ય મુખ્ય હું કહી જઈશ.

૧૯૨૦ની અમદાવાદ સાહિત્ય પરિષદના કલાપ્રદર્શનમાં શ્રી રવિશંકર રાવળના મિત્ર રાજમહેન્દ્રીના સ્વ. રામરાવનાં ચિત્રો આવેલાં. એમનાં અજંટા અને ઇલોરાનાં ચિત્રો બહુ જ સુંદર અને ચેતનવંતાં હતાં. અજન્ટા અને ઇલોરા જાણે વસતિથી ભરપૂર છે; લોકો કોઇ તહેવારના પ્રસંગે ત્યાં એકત્ર થયા છે અને સ્ત્રી-પુરુષો ને બાળકોથી એ કલાની ચીજો ઉભરાઇ રહ્યાં છે; સ્ત્રીઓ તે સમયના વસ્ત્રાલંકાર ને નાના પ્રકારના અંગમરોડ ને અભિનયથી શોભે છે. અજન્ટાની ભીંત પરનાં ચિત્રો જેવી જ એની વહેતી રેખાઓ, મોહક રંગો ને ભાવપૂર્ણતા અલૌકિક લાગતાં હતાં. અને તે સમયના દેશકાળ એ ચિત્રો એવો તો પ્રત્યક્ષ કરાવતાં કે આપણને વર્તમાન વિસરાવી દેતાં.

એમનું ત્રીજુ ચિત્ર, કિનારા પરના જડ કાળમીંઢ ખડકોને સમુદ્રનાં મોજાં ઉપરાઉપર ફેંકાળા મારીમારીને ધોઈ રહ્યાં છે, એવું હતું. એમાં ખડકોને એમણે કઢંગા જડ પુરુષોની આકૃતિ આપી હતી અને સમુદ્રનાં મોજાંને રસાર્દ્ર સુંદર સ્ત્રીઓની. ધ્વનિકાવ્ય જેવું એ ચિત્ર હતું. જડ, ખરબચડા ને ઢંગધડા વગરના પુરુષોને સ્ત્રીઓ પોતાના સતત સંપર્કથી લાગણીવાળા, પ્રેમાળ, ઘાટીલા અને સહૃદય બનાવે છે, એ સંસારમાં ચાલી રહેલા અદ્વૈત-મંથનનો સંદેશ એ કહી જતું હતું. વૉટરકલર-થી કરેલાં રામરાવનાં એ ત્રણે ચિત્રો આખા પ્રદર્શનમાં સૌથી વધુ આકર્ષક હતાં.

પચ્ચીસ વર્ષ ઉપરના અમદાવાદમાં અને આજના અમદાવાદમાં ફેર પડી ગયો છે. ત્યારે તો કોઈ આ ચિત્રોને બરાબર સમજતું પણ નહિ. રામરાવે એ ચિત્રોની કિંમત માત્ર પચીસ-પચીસ રૂપિયા રાખેલી, તો-પણ એ ઉત્તમ ચિત્રો કોઇએ ખરીદ્યાં ન હતાં. આખરે અજન્ટા-ઇલોરાનાં ચિત્રો તે વખત-ના એક અંગ્રેજ સિવિલ સર્જન લઈ ગએલા; પણ અહીંના ધનવાનો, વિદ્વાનો, કવિઓ કે સાક્ષરો સુધ્ધાંમાંથી કોઇને એ સુંદર ને વ્યંજનાભર્યાં ચિત્રો રાખી લેવાનું સૂઝેલું નહિ.

સ્વ. ત્રિભુવન પટેલનું એક અપૂર્વ ચિત્ર સતિ સુલોચનાનું હતું. એ સતી થવાની તૈયારીમાં ઊભી છે, કપાળે પિયેળ આલેખી છે, વાળ છૂટા છે, અને ઇન્દ્રજિતનું માથું હસી રહ્યું છે—એમ કહીને કે આ ભોળી સ્ત્રી જાણતી નથી કે એના ગત જન્મના બાપે જ એને વિધવા કરી છે. એક કરુણ-રસિક કાવ્ય જેવું એ ચિત્ર હતું. સ્વ. પટેલનાં સ્ત્રીપાત્રો એટલાં સુંદર થતાં કે એમનાં કોમળતા, લાવણ્ય ને માર્દવ જાણે ઊડીને આંખે બાઝતાં.

શ્રી રવિશંકર રાવળના 'ગુજરાતણ' ચિત્રે મારા મન પર ઊંડી છાપ પાડી. એમાં એક આદર્શને ભવિષ્યની ગુજરાતણનું એમણે આ-લેખન કર્યું છે. સંગીત, સાહિત્ય, કલા ને કુદરતથી સંસ્કારસંપન્ન થએલી, આર્યતા અને પુનિત સૌન્દર્યવતી એ સ્ત્રી, સ્થાપત્ય કલાથી વિભૂષિત ઘર આગળ ઊભી છે. પાસે હરણ છે, સિતાર છે અને ચોપડી છે, સુંદર બગીચો છે.-

શિર પર સાડી ઓઢી પૂરી, મોઢે ચડી સુખલાજ;
બોલે થોડે મંદમંદ ને, મધુર જ અક્ષર સાજ.
ધીમીધીમી તે ચાલે એ, પગનખ ઉપર જ આંખ;
દેવિ દેવ! પવિત્ર ઊંચું કુળ તે આનું જ નામ.

ગોવર્ધનરામના આર્ય સ્ત્રીના એ વર્ણનનું સ્મરણ કરાવતી, માથે પૂરી સાડી ઓઢેલી એક આર્ય ગુજરાતણનો આદર્શ રવિભાઇએ એમાં મૂર્તિમંત કર્યો છે. લગ્નજીવનનાં વિશુદ્ધ સુખને ચાહનારી, ચારિત્ર્યવાન, વિદુષી ને સંસ્કારી બનેલી હાલની ગુજરાતણ જાણે એમણે કવિદૃષ્ટિએ પા સદી પહેલાં જોઇ હતી!

અમદાવાદની કૉંગ્રેસ વખતે નાથદ્વારાના ચિત્રકાર ઘાશીરામનાં બે ચિત્રો સ્વામી આનંદ કલાપ્રદર્શન માટે ક્યાંકથી લાવેલા. એકમાં રાયસાગર જેવું વિશાળ સરોવર છે, વચ્ચે બેટ છે, પ્રાતઃકાળના પાંચેકનો સમય છે, ને ગોસ્વામીજી જે શ્રીકૃષ્ણના પરમ સખા છે તેમને શાલ ખેંચીને શ્રીકૃષ્ણ જગાડે છે—જેમ અજ્ઞાનરૂપી ઘોર નિદ્રામાં પડેલા જીવને પરમાત્મા જ્ઞાનમાર્ગમાં જાગૃત કરે છે તેમ.

રાત્રિ સાથે દિવસ, કાંટા સાથે ફૂલ અને ઉષ્ણતા સાથે શીતળ વાયુની લહેરો બક્ષનાર ઇશ્વર આ એક જ બાબતમાં ભૂલ કરે એ કેમ બને? ત્રાસદાયક પેટની સાથે સુખકારક હૃદય પણ એણે મનુષ્યને આપ્યું જ છે. —વિ. સ. ખાંડેકર

ચિત્રમાં પ્રાતઃકાળની શાન્તિ, પવિત્ર વાતા-વરણ અને જાગૃત થવાની ઈચ્છા જાણે બધે રહ્યાં છે. એમનું બીજું ચિત્ર સૃષ્ટિસૌંદર્યમાં રાધાકૃષ્ણનું હતું. એમાં રાધાનું સ્વરૂપ અતિ-શય નમણું ને ચિત્તાકર્ષક હતું. જેમ રાધાજી શ્રીકૃષ્ણના સાથથી શોભે છે તેમજ ભગવાન-ના ઓતપ્રોત થવાથી આખી સૃષ્ટિ જાણે શોભી રહી છે. એ ઘાશીરામનાં બીજાં ઘણાં ચિત્રો નાથદ્વારના યાત્રીઓ લઇ આવે છે, ને છાપેલી છાપો કરતાં એવી હાથકળા ઘરમાં વસાવવી સારી. પણ એકંદરે પેલાં બે ચિત્ર જેવો ધ્વનિ એનાં બીજાં ચિત્રોમાં મને જણાયો નથી. રવિભાઈ ને હું જ્યારે નાથદ્વારા ગયા ત્યારે એ ઘાશીરામને ખાસ મળવા ગયા હતા, પણ એ કંઈ બહાર ગએલા હોઈ મળી ન શક્યા.

આપણા કલાપ્રેમીઓ નકલો નહિ પણ અસલ ચિત્રો,—છાપેલાં નહિ પણ ખુદ ચિત્ર-કારના હાથથી દોરેલાં, થોડાં તો થોડાં પણ ઊંચી રસવૃત્તિથી પસંદ કરેલાં મૂળ ચિત્રો જ પોતાનાં ઘરોમાં વસાવવાનો આગ્રહ રાખે તો કેવું સારું? આજે આપણા લોકો 'ઘરડો ડોસો મગ ભરડે, અડદ ભરડે.....'ની માફક સારું, ખોટું બધું ભેગું કરીને ચિત્રોને નામે ભીંતોને ખરડે છે, અને નથી સાચો આનંદ પામતા કે નથી કોઈ પ્રેરણા પામતા.

આ સમય દરમ્યાન સાહિત્યમાં મૅઝીની હું વાંચી ગયો હતો. મૅઝીનીએ શેક્સપિયર કરતાં પણ શીલરને મોટો કવિ કહ્યો છે. મહાન કવિઓમાં કાલિદાસ, ભવભૂતિ અને શેક્સ-પિયરના રસાસ્વાદ મેળવી મેં મનનાં અને જીવનનાં કંઈક શુદ્ધિકરણ તો કર્યાં હતાં, પણ શીલરના 'વિલિયમ ટેલ' ને 'ડૉન કારલોસ' થી તો દેશસેવા માટે જે કવિતાની જરૂર પડે છે તે મેં મેળવી. શીલરનાં કાવ્યો ને નાટકો વિષે જ્યારે મારા સ્વ. મિત્ર હીરાલાલ પારેખ સાથે મેં વાતો કરી ત્યારે એમણે મને ગટે વાંચવા કહ્યું. એની સર્વોત્તમ કૃતિ 'ફાઉસ્ટ'ના વાચનમાં મેં જે સમય ગાળ્યો છે તે મારા જીવનનો ધન્ય સમય હતો.

મેરી કૉરેલીનો સેતાન જેમ મને હમેશાં ચેતાવતો રહે છે, તેમ ગેટેનો અમર સેતાન પણ તે દિવસથી આજ સુધી મને ધર્મમાર્ગથી જરા પણ વેગળા નહિ જવા લાલ બત્તી ધર્યા જ કરે છે. સાહિત્ય ને કળા, આમ જીવનમાં મળ ધોવામાં મને ગંગાજળ જેવાં થઇ પડ્યાં છે.

(ચાલુ)



માધુકરી

શા કાજ આંસુ સારવાં? શાને ઉંડા નિશ્વાસ?
હસતે મુખે પ્રારબ્ધના કરતા જશું પરિહાસ.

મદઝરંયા સુખની છાંયડીમાં આપણે ફરવું નથી;
દુખના બિભીષણ વદનને દેખી હવે ડરવું નથી.

ભય નથી; ભાંગલ દાંડીએ દ્યાં ધાવ જયને ખૂંગીએ,
ને વાવટે ફરકાવીએ ચીરાયલા અભિલાષ;

હસતે મુખે પ્રારબ્ધના કરતા જશું ઉપહાસ.

(રવીન્દ્ર-વીણા)

—ઝવેરચંદ મેઘાણી

સ્વ. રોમાં રોલાં

જગતખ્યાત ફ્રેન્ચ સાહિત્યસ્વામી, વિશ્વબંધુત્વના પરમ પુરસ્કર્તા અને સંસારની માનવતાના આ મહાન રક્ષકનું ગઈ તા. ૧લી જાન્યુઆરીએ અવસાન થયું. પોતાની પ્રખ્યાત કાદંબરી 'ઝાં ક્રિસ્તોફર' વડે નોબેલ પુરસ્કાર મેળવનાર એ સાહિત્યકારે તેમાં ઉચ્ચ માનવધર્મ અને વિશ્વબંધુત્વનાં પોતાનાં સુખસ્વપ્નોનું આલેખન કર્યું છે.

ફ્રાન્સના કલૅમ્સી નામના ગામમાં ૧૮૬૬ની ૨૯મી જાન્યુઆરીએ એક વકીલ પિતાને ત્યાં એમનો જન્મ થયો. ઉચ્ચ કલાવંત આત્માવાળી એમની માતા એક રાજ્યાધિકારીની પુત્રી હતી, અને તેનો મોટો પ્રભાવ એમના જીવન પર પડ્યો હતો. ઉચ્ચ શિક્ષણ માટે પારીસ જતાં ત્યાંના અગ્રણી વિદ્વાનોના સંપર્કથી એમનો ઉત્તરોત્તર વિકાસ થયો અને ૧૯૦૪થી ૧૯૧૩ સુધીના દસ વર્ષના ગાળામાં પોતાની નવલકથા 'ઝાં ક્રિસ્તોફર'ના દસ ભાગ એમણે બહાર પાડ્યા.

આજથી વીસ વરસ પર એમને ફ્રાન્સમાં રવીન્દ્રનાથ ઠાકુરનો ભેટો થયો. કવિવરની પ્રતિભાથી મુગ્ધ થઇ એમણે કવિવરને પૂછ્યું, 'હિંદનું સાહિત્ય અને એનો સમાજ બહુ ઉચ્ચ કોટિનાં ગણાય છે એની પ્રતીતિ અમારે અહીં શી રીતે કરવી?' કવિવરે કહ્યું, 'જો તમારે વાસ્તવિક ભારતને ઓળખવું હોય તો વિવેકાનંદ વાંચો, અરવિન્દને સમજો અને મહાત્મા ગાંધીને મળો.' અને એ નિર્દેશને અનુસરીને એમણે સહૃદયતાથી ભારતને ઓળખવાનો જે પ્રયત્ન કર્યો તેને પરિણામે એ હિંદી-સંસ્કૃતિના પરમ પ્રશંસક બની ગયા. હિંદી સંસ્કૃતિ પ્રત્યેનો પોતાનો એ આદર શ્રીરામકૃષ્ણ પરમહંસના પોતે લખેલા ચરિત્રમાં અને હિંદની રાષ્ટ્રીય આકાંક્ષા વિષેના પોતાના વિચારો મહાત્મા ગાંધીના ચરિત્રમાં એમણે વ્યક્ત કર્યા છે.

વિશ્વશાન્તિના એ પરમ ઉપાસકે યુદ્ધનો સહોદિત વિરોધ પોકાર્યો હતો અને પરિણામે એમને સ્વિટ્ઝર્લૅંડમાં દેશવટે રહેવું પડતું. આજે યુદ્ધની ઘોર સંહારલીલા વચ્ચેથી જગતશાન્તિની પુનર્ઘટનાના વિચારો સર્વત્ર થાય છે એવા કાળે એમના જેવો શાન્તિદૂત આપણી વચ્ચેથી જાય એથી મોટું દુર્દૈવ શું?

ફૂગ—એક અદ્ભુત વનસ્પતિ

जीवो जीवस्य जीवनम् (એક જીવ બીજા જીવને ખાઇને જ નભે છે) એ સનાતન સૃષ્ટિનિયમના પુરાવા જીવસૃષ્ટિમાં સર્વત્ર જોવા મળે છે. વનસ્પતિસૃષ્ટિ પણ આ નિયમથી વંચિત નથી. તેમાં બીજી વનસ્પતિઓને ખાઇને જીવનાર વનસ્પતિનો એક વર્ગ ફૂગનો છે. ફૂગનો પંજો જેના ઉપર પડે તેનો સર્વનાશ નોતરાય છે. ચાહે તો તે નાનો છોડ, મોટું ઝાડ કે છેવટે પથ્થર પણ હોય!

ફૂગ પોતે તો માત્ર નાનામાં નાની અને સાદામાં સાદી એકકોષી વનસ્પતિ છે તે વનસ્પતિ હોવા છતાં તેની વિશિષ્ટતા એ છે કે વનસ્પતિને લીલો રંગ આપનાર પદાર્થ કલૅારોફીલથી તે વંચિત છે. એની બીજી વિચિત્રતા એ છે કે તે અપુષ્પ છે, છતાં તેને ફળ અને બી થાય છે! નરી આંખે તો દેખાય પણ નહિ એવાં એનાં બી એટલાં તો સખત હોય છે કે કોઈ પણ વનસ્પતિનાં બી ન સહન કરી શકે તેટલી ગરમીમાં કે બેશુમાર ઠંડીમાં યે તે જીવંત રહી શકે છે.

ફૂગની ઘણી જાતો થાય છે. રોટલા કે અથાણા ઉપર બળતી ઊબ, ભીના બૂટ ઉપર ઊગતી ફૂગ અને બિલાડીના ટોપથી માંડી ઘઉના છોડનો નાશ કરતી લોઢાનાં કાટના જેવા રંગવાળી 'ગેરૂ' નામથી ઓળખાતી (રિપડા) ફૂગ, પાણીની ફૂગ, કોઇ પણ ભેજવાળી જગ્યા કે ચીજ ઉપર આડી રાતમાં ઊગી નીકળતી ફૂગ (mildews), પ્યાલાની આકૃતિની ફૂગ, ગ્રેનાઇટ ક્વાર્ટ્ઝ અને બાઝાલ્ટ પથ્થરોને ચૂર્ણવિચૂર્ણ કરતી 'લીચન' ફૂગ, બાજરીના દાણાને કાળો કરી મૂકતી smuts ફૂગ, અને જીવસૃષ્ટિના ઉન્નત જીવ માણસમાં યે રોગદશા ઉત્પન્ન કરતી ફૂગ હોય છે. તેના ત્રણ વર્ગો અને અનેક જાતો હોય છે. ફૂગનો વિસ્તાર-પ્રદેશ અબાધિત છે. ધ્રુવપ્રદેશોમાં, જ્વાળામુખીના મુખપર્યંત અને ઊંચા પર્વતની ટોચ સુધી ફૂગ પહોંચી વળતી હોય છે. ખોરાકની શોધમાં નીકળેલી લીચન ફૂગના પથવિસ્તારમાં જો પથ્થર આડો આવે તો તેના ઉપર જલદ તેજાબ જેવો રાસાયણિક સ્રાવ કરી તેના ચૂરેચૂરા ઉડાડી દઈ તે આગળ વધે છે. કોઇક ફૂગના રંગ પણ ચિત્તાકર્ષક હોય છે. વાદળી, લીલા કે ભૂખરા કાળા રંગવાળી ફૂગ ભીંત કે છાપરા ઉપર ઊગેલી હોય ત્યારે

જાણે કે સુશોભિત જાજમ બિછાવી હોય તેવું દૃશ્ય ઉત્પન્ન કરે છે.

ફૂગનું શરીર નરી આંખે ન દેખાય તેવા તંતુઓનું બનેલું હોય છે. એ તંતુઓમાંથી ઉદ્ભવતી શાખાઓ અંદર અંદર એવી રીતે ગુંથાએલી હોય છે કે ઝાડ ફરતી કે ભોંય ઉપર પથરાએલી ફૂગ જાણે કે સળંગ સાદડી ના હોય તેવો દેખાવ આપે છે. અગાઉ જોયું તેમ, ફૂગમાં ક્લૉરોફીલ ન હોવાથી તે સૂર્ય અને હવામાંથી પોતાના માટે ખોરાક બનાવી શકતી નથી. આથી તેને જીવન નભાવવા બીજી વનસ્પતિ ખાઇને જીવોપજીવી તરીકે, યા કહેવતની ચીલે ખાઇને શવોપજીવી તરીકે જીવન ગુજારવું પડે છે.

વૃક્ષ કે છોડની અંદર તે પોતાના તંતુઓ ફેલાવે છે અને વચ્ચે નડતા અંતરાયોનો રાસાયણિક સ્રાવ વડે નાશ કરતીકરતી વૃક્ષનું જીવન ગુંગળાવતી તેનો જીવનરસ (sap) ચૂસી પોષણ મેળવતી હોય છે. કુદરતે તેને જીવનબળ પણ વિશિષ્ટ રીતે બક્ષેલું છે. ઝાડને માઝેલી ફૂગ શિયાળો આવતાં સંકોચાઇ શ્યામરંગી બની વસંતની વાટ જોતી 'સખત' બનીને ઝાડને ચોંટી રહે છે અને વસંત આવતાં પુનઃ તે ઝાડનો રસ ચૂસવો શરૂ કરી દે છે. વૃક્ષોએ પણ જોકે હવે અનેક યુગોના અનુભવથી આ ફૂગના હુમલા સામે ટકવાની સક્તિ ને સહિષ્ણુતા કેળવી લીધી છે. તેઓ વધારે પ્રમાણમાં જીવનરસ પેદા કરે છે અને ઝડપી શ્વાસોચ્છ્વાસ લેતાં બની ગયાં છે. કેટલાંક વૃક્ષો તો ફૂગ પાસેથી કામ પણ લેતાં શીખી ગયાં છે! પોતાનાં મૂળિયાં પાસે ઊગતી ફૂગ દ્વારા તે ધરતીમાંથી પોષણ મેળવતાં હોય છે!

ફૂગનું જીવન તો યુગો પહેલાં શરૂ થએલું છે. જ્યારે પૃથ્વી પર માણસો યે ન હતાં, પશુપક્ષીઓ કે પુષ્પધારી વનસ્પતિ પણ ન હતી ત્યારે ફૂગ અસંખ્યવિધ રૂપમાં અસ્તિત્વમાં આવી હતી. આજે પણ તેના અસંખ્ય અદૃશ્ય કોશો ખાદ્યપદાર્થ કે ભેજવાળી ચીજ યા જગ્યા ઉપર સામ્રાજ્ય જમાવવાને તત્પર રહીને અહોનિશ હવામાં વિહરતા હોય છે.

આવી જીવોપજીવી, રોગોત્પાદક અને વનસ્પતિસૃષ્ટિના એક ક્ષુદ્ર અંગ જેવી ફૂગ પણ માનવકલ્યાણ માટે ઉપયોગી બની શકે તેમ છે તે આજના વિજ્ઞાને શોધ્યું છે. લીલા રંગની ફૂગ (Penicillum Notalum) જીવોપજીવી જીવન ગુજારતાં જે એક જાતનો રાસાયણિક પદાર્થ પેદા કરે છે તે રોગોત્પાદક જંતુઓના વિકાસને રોકવાની પ્રચંડ શક્તિ ધરાવે છે. એ પદાર્થ હમણાં (ઇ.સ.૧૯૩૯માં) દવા રૂપે જગત સમક્ષ ધરાયો છે અને આજે તો તે વિખ્યાત થઈ ગયો છે. તેનું નામ પેનીસીલીન. જીવલેણ જખમો, ન્યુમોનિયા, મેનિનજાઇટિસ, પરમિયો, ડીપ્થેરિયા અને પરૂના રોગો માટે પેનીસીલીન રામબાણ દવા છે. તે અર્વાચિન જગતની મહૌષધિ છે.

—ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

બોર

અત્યારના જમાનામાં ફળાહારનો મહિમા વધ્યા છે, પણ મોંઘી કિંમતના એ મેવા મંગાવી ખાવાનું શ્રીમંતો સિવાય બીજાને પોસાતું નથી. પરંતુ ગામડામાં રહેનારાને એ મેવા—મોસંબી, સફરજન, કેળાં, દાડમ, દ્રાક્ષ મળતાં નથી, માટે તેઓ હીનભાગી છે એવું નથી!

ગામડાનો મેવો એટલે વનફળ. એમાં પણ અદ્ભુત ગુણસમૃદ્ધિ હોય છે. વાવ્યા કે ઉછેર્યા વિના, કુદરતનું પાણી પી, સૂર્યના તાપથી પક્વ થઈ તૈયાર થએલાં ફળ તે વનફળ. આવાં વનફળો ઘણાં છે. તેમાંથી આજે આપણે આ ઋતુ—હેમંત તથા શિશિરમાં થતાં બોર સંબંધે વિચાર કરીશું. આ ક્ષુદ્ર ફળને પણ આપણા શાસ્ત્રકારોએ અને આયુર્વેદશાસ્ત્રે જીવનમાં સારું સ્થાન આપ્યું છે.

બોરડીનું વૃક્ષ આપણે ત્યાં સર્વત્ર થાય છે. એની ડાળીઓને કાંટા હોય છે. કાકાણી બોર, ચણી બોર, કાશીબોર, રાજબોર વગેરે—નાનાં, મોટાં, ગોળ, લંબગોળ, ખારેક જેવાં વગેરે તેની ઘણી જાતો હોય છે. સંસ્કૃતમાં કર્કંધૂ, બદરી, કોલિ, અજાપ્રિયા, કુહા, વિષ્ઠમી અને ભયકંટકા આ બોરડીનાં નામો છે. પાકેલું બોર મધુર છે, બહુ મોટું બોર સાવીર છે. તે શીતળ, ઝાડાને ઉતારનાર, ભારે, વીર્ય વધારનાર, પૌષ્ટિક, પિત્તહર, દાહશામક, રક્તદોષહર તથા ક્ષય અને તરશ મટાડનાર છે. હેમંતઋતુમાં મધુર એટલે મીઠા ને ખાટા તથા ખારા રસનું સેવન કરવાનું આયુર્વેદે કહ્યું છે તે અનુસાર બોર ઘણાં ઉપયોગી છે.

આપણા સુધરેલા સમાજના રોગોમાંનો મુખ્ય રોગ દાંતનો છે અને તે 'પાયોરિયા'–દાંતનો સડો–છે. આ રોગો ગામડામાં ઓછા છે અને તેનું મુખ્ય કારણ આવાં ઍસિડવાળાં ખાટાં ફળો ત્યાં ખવાય છે તે છે. ખાટાં ફળ મોઢામાં જતાં જ સેલાઈવરી ગ્લાન્ડમાંથી પાણી છૂટે છે ને તે દાંતના ખૂણેખૂણાને સાફ કરે છે. ચાવવાની કસરતથી સ્નાયૂ મજબૂત કરે છે અને હાડકાંના ઉપલા ભાગને બરાબર સ્વચ્છ રાખે છે. ચાલતાં ચાલતાં અને કામ કરતાં બોર ખાવાની ટેવથી થાક તથા તરશ ઓછાં લાગે છે એવો આયુર્વેદનો મત છે.

બોર શિયાળામાં જ થાય છે અને તેથી ઉધરસ–ખાસી થાય છે એવી ખોટી માન્યતા પેસી ગએલી છે. આયુર્વેદ તેને કફહતા માને છે. ખરી વસ્તુસ્થિતિ એવી છે કે બોર ઍન્ટી-કફ છે. કફનો સંચય થવાની ઋતુઓ હેમંત ને શિશિર છે. આ ઋતુમાં પાક તથા મધુર રસ ખાવામાં આવે છે અને તેથી કફનો સંચય થઈ તેનો પ્રકોપ વસંતમાં થાય છે. આ કફનો સંચય હેમંત તથા શિશિરમાં ઓછો થાય તો તેનો પ્રકોપ વસંતમાં ન થાય તે દેખીતી વાત છે ને તેથી જ આ ઋતુમાં આયુર્વેદશાસ્ત્ર મધુર, ખાટો ને ખારો ત્રણ રસ ખાવા ભલામણ કરે છે, જેથી કરી ભારે પાક પચી શકે છે, અગ્નિ પ્રદીપ્ત થાય છે અને કફનો સંચય થતો અટકે છે. બોરની અંદર આ બધા રસ છે.

બોરડીના વૃક્ષનાં પાન, તેનાં મૂળ, તેનાં લાકડાં, બધું યે જુદા જુદા રોગોમાં વપરાય છે, પણ અહીં આપણે ફક્ત તેના ફળનો જ વિચાર કરવાનો છે. સફરજનની માફક બોરની ઉપરની છાલ સુંવાળી ચળકતા રંગવાળી હોય છે ને તેમાં મીઠી સુગંધ પણ છે. બોરમાં કેટલાં કેટલાં ઉત્તમ તત્ત્વો રહેલાં છે તે શોધવાની વૃત્તિ હજી આપણા આહારશાસ્ત્રીઓની નથી થઈ. ઍપલ—સફરજનના ગુણ ગાનારને આ તરફ દૃષ્ટિ કરવા માટે ફુરસદ નથી. પરંતુ બોર એ ઉત્તમ પૌષ્ટિક, દીપન, અને તૃષા થાક તથા દાહ મટાડનાર આલ્હાદજનક ફળ છે.

આ સિવાય બીજા મેવા પણ એવા છે કે ઓછી કિંમતે સુલભતાથી તે પ્રાપ્ત થાય છે અને વીટામીન એ, બી, સી, ડીની હારોની હારની ગોળીઓ કે ઇન્જેક્શન લેવાની જરૂર આ વનફળો ખાનારને પડતી નથી. હિંદુ શાસ્ત્રકારે ફળ ખાવાના દિવસો કહ્યા છે કે મહિનામાં બે એકાદશીઓના દિવસે તથા બીજાં વ્રતોના દિવસે ફળાહાર જ કરવો. પરંતુ આપણા લોકોએ ફળમાં પણ ઘી, ખાંડ, તેલ, મસાલા નાખી રાંધીને ઉપયોગ કરવા માંડ્યો! ફળને તેના અસલ રૂપમાં ને તાજાં ખાવાં એ જ લાભકારક છે. બોરનાં પણ લોકો અથાણાં તથા શાક ને ચટણી કરે છે! પણ ફળ એ ફળ છે, તેના સમયે જ તે કામનું છે. ઋતુમાં ઉત્પન્ન થએલું ફળ તે ઋતુમાં જ ઉપયોગી બને છે

('ચિત્રમય જગત'માંથી તારવીને)

—રમણલાલ ભટ્ટ

ડી ડી ટી

વર્તમાન યુદ્ધે માનવ-વિનાશનાં જેટલાં સાધનો સર્જ્યાં છે તેટલાં જ (કદાચ તેથી યે વિશેષ) માનવ-રક્ષણનાં સાધનો પણ સર્જ્યાં છે. તાજેતરમાં જ બ્રિટિશ અને અમેરિકન વૈજ્ઞાનિકોએ એક જંતુનાશક

નવી ઔષધિ તૈયાર કરી છે, જેને 'ડી ડી ટી' નામ આપવામાં આવ્યું છે. હવે તો આ ઔષધિ નિઝામ-હૈદ્રાબાદમાં પણ બની રહી છે.

તેની મૂળ શોધ તો ઈ. ૧૮૬૪માં થએલી પરંતુ એના શોધકને એની કાર્યસાધકતાની સંપૂર્ણ પિછાન થઈ શકેલી નહિ. પહેલવહેલી આ ઔષધિ આફ્રિકાના જર્મન સૈનિકોના સામાનમાં મળી આવી હતી, અને તેમાંથી અમેરિકાના વૈજ્ઞાનિકોએ એ બનાવવાની તરકીબ જાણી લીધી. વર્તમાન લડાઇની થોડા સમય પૂર્વે સ્વિટ્ઝર્લૅન્ડની સુવિખ્યાત દવા બનાવનારી કંપની 'ગેગી'એ 'ડી ડી ટી'ને પતંગિયાં અને બગાટાના કીડાઓને મારવા માટે ઉપયોગમાં લઇ, એ ઔષધિને નવું જીવન બક્ષ્યું. એ કંપનીએ બે વર્ષ થયાં બ્રિટિશ અને અમેરિકન સરકારોનું આ પ્રત્યે લક્ષ દોર્યું હતું, જેમણે એ ઉપર પૂરતા સંશોધનાત્મક પ્રયોગો કરી એના ઉપયોગની અસરકારક પદ્ધતિઓ શોધી કાઢી. જીવલેણ અને ચેપી રોગો અટકાવવામાં તે રામબાણ નીવડી છે અને આજે મોટા પાયા પર એ દવા બનાવવાનો બંને સરકારો તરફથી પ્રબંધ કરવામાં આવ્યો છે.

ઇંગ્લંડે 'ડી ડી ટી'થી કપડાં તરબોળ કરવાની એવી રીતો શોધી કાઢી છે કે કપડાં ધોવાયા છતાં તેની અસર નિર્મૂળ થતી નથી, એટલું જ નહિ પણ એની કશી અનિચ્છનીય ગંધ પણ કપડાં પહેરનારને આવતી નથી. ફ્રાન્સમાંનો દરેક સૈનિક આજે 'ડી ડી ટી' ચડાવેલાં કપડાં પહેરે છે અને પ્લેગથી તદ્દન રક્ષિત છે.

ગઇ શરદ-ઋતુમાં નેપલ્સમાં આ ઔષધિનો વિશાળ પ્રમાણમાં પ્રથમ વાર ઉપયોગ કરાયો. ઇટાલીની ગીચ વસતિને લીધે ત્યાં પ્લેગ અને ટાઈફસનું જોર બહુ હોય છે. મિત્રદળો ઈટાલીમાં ગયા પછી નેપલ્સમાં તેમણે આ દવાનો ઉપયોગ શરૂ કર્યો અને એક જ માસમાં ત્યાં ચમત્કારિક પરિણામ જણાયું. એ અખતરાથી નિષ્ણાતોને ખાતરી થઇ છે કે 'ટાઈફસ' ઉપર 'ડી ડી ટી' એક સર્વોત્તમ ઔષધિ છે.

ડી ડી ટી. દરેક પ્રકારના જંતુઓ માટે કાતિલ ઝેર હોવા છતાં મનુષ્યો અને ઢોરઢાંખર માટે તે તદ્દન બિનહાનિકારક છે, એટલું જ નહિ પણ એ ચામડીને પણ કોઇ પ્રકારનું નુકસાન કરતી નથી. વળી એની અસર ઘણા લાંબા વખત સુધી કાયમ રહે છે: આ દવા ચડાવેલાં વસ્ત્રો (વચ્ચે ધોવડાવવામાં આવે છતાં) પહેરનારે ઓછામાં ઓછા બે માસ સુધી તો ચેપી જંતુઓની ઝેરી અસરોથી સુરક્ષિત રહે છે. જે ઓરડામાં ડી ડી ટી છાંટી દેવામાં આવે તે ઓરડો ત્રણ માસ પર્યંત માખીઓ અને મચ્છરોથી સદંતર સલામત રહે છે.

આ નવી રામબાણ ઔષધિની શોધ, જગત માટે આશીર્વાદ સમાન નીવડવાની વકી છે, અને યુદ્ધસમાપ્તિ બાદ જ્યારે આ દવા જાહેર પ્રજાના ઉપયોગ માટે બજારમાં આવી જશે ત્યારે મચ્છર, ચાંચડ, માંકડ, જૂ, માખીઓ વગેરેનું નિકંદન નીકળી, પ્લેગ, ટાઇફસ, મૅલેરિયા આદિ રોગોમાં દર વર્ષે મૃત્યુ પામતા લાખો ઈન્સાનોના જાન બચી જવા પામશે. —ઈમામુદ્દીન દરગાહવાળા

સ્વ. વેણીલાલ બૂચ

ઇ. ૧૯૨૦ ૨૧નાં વર્ષોમાં, અમદાવાદમાં ચૂડીઓળની સાંકડી ગલીના મામૂલી મકાનમાં 'નવજીવન' સંસ્થાના પાયા રોપાતા જતા હતા તે વેળા, સ્વામી આનંદે એક સમવયસ્ક યુવાનનો પ્રેમપૂર્વક પરિચય કરાવી કહેલું કે 'આ એક નવો ચેલો મૂંડી લાવ્યો છું.' મુંબાઇ યુનિવર્સિટીમાંથી તાજા જ ગ્રૅજ્યુએટ થઇ બહાર નીકળેલા એ જુવાને ગાંધીજીની હાકલથી પ્રેરાઇ દેશની સેવાને તે કાળથી જે જીવનસમર્પણ કર્યું છે તેનો અમને આજ પચીસ વર્ષનો અંગત પરિચય છે. સ્વામી આનંદે હળવા વિનોદમાં 'ચેલો મૂંડવા'ના કહેલા શબ્દો એ વેણીલાલ બૂચે, શ્રદ્ધાનિષ્ઠ અને તપોશુદ્ધ એવા એક પચ્ચીશીના એકધારા સેવાજીવનથી સાચા પાડીને 'ચેલા' શબ્દને જાણે તેજોજ્જ્વલ બનાવી દીધો છે.

આજથી ૪૫ વર્ષ પર જામનગરના નાગર કુટુંબમાં જન્મી, મુંબાઈની વિલ્સન કૉલેજમાંથી રસાયણશાસ્ત્રમાં બી.એ. થઇ, એ અસહકારના આંદોલનમાં પડ્યા; દેશસેવક માટેની પહેલી શરત બ્રહ્મચર્યની, એવા ગાંધીજીના આદેશને માથે ચડાવી સારે ઠેકાણે થએલું સગપણનું એકમાત્ર બંધન તોડી નાખ્યું, અને નિકટના સ્વજન વિહોણા એ જુવાને સમસ્ત દેશને સ્વજન બનાવી નિર્વ્યાજ સેવાકાર્ય સ્વીકાર્યું; સ્વામી આનંદના હાથ નીચે તાલીમ પામી, 'નવજીવન'ના મુદ્રક-પ્રકાશક-સંચાલક થયા; તે પછી દક્ષિણામૂર્તિ સંસ્થામાં થોડું શિક્ષણકાર્ય કરી કાઠિયાવાડનાં સેવાક્ષેત્રોમાં પડ્યા, અને શ્રી મણિલાલ કોઠારીના સહાયભૂત બનીને કાઠિયાવાડ યુવકપરિષદ, રાજકીય પરિષદ, સૌરાષ્ટ્ર સેવા સમિતિ વગેરેમાં તથા છેલ્લાં પંદરેક વર્ષથી વીરમગામ તાલુકા સમિતિના મંત્રી તરીકે એ તાલુકામાં ક્ષેત્રસ્થ થઇને મૂંગું ને સતત કાર્ય કર્યું; ને આમ, પચીસ વર્ષની એકધારી સેવામાં, મહાસભાની એકેએક હાકલને જવાબ આપીને છએક વખત કારાવાસ ખેડી ભાંગી ગએલું એમનું શરીર છોડીને ગઈ તા. ૨૩મી ડિસેમ્બરે એમનો આત્મા ઊડી ગયો.


(ફોટો [illegible])

દેશ પર લેશમાત્ર વધુ બોજો ન પડવા દેવાની સતત કાળજી રાખીને અત્યંત ઓછા વેતને ચલાવી લેનાર વેણીભાઇનું જીવન અણીશુદ્ધ અપરિગ્રહી હતું. સામયિક પત્રોમાં લેખો લખીને મેળવેલી નજીવી રકમો એમના જીવનમાં માંદગી કે એવી દૈહિક જરૂરિયાતોમાંથી રાહત આપતી. 'કુમાર'ના વાચકો બેન્જામિન ફ્રાંકલિનનું ચરિત્ર, થોડી કિશોરકથાઓ આદિ એમનાં સહીવાળાં લખાણોથી તો પરિચિત હશે જ; એ ઉપરાંત પણ બીજી ઘણી પ્રકીર્ણ સામગ્રી એ મોકલ્યે જતા.

મ્હોરતી યુવાનીમાં દેશની સેવાનું વ્રત લઈ, તેને ખાતર પોતાના સમસ્ત જીવનને— તેનાં હિતોને, આકાંક્ષાઓને અને તર્કોને ઘસીભૂંસીને સાફ કરી નાખી, નિર્ભરપણે આત્મસમર્પણ કરી જનાર વેણીભાઈ મહાસભાના સેવકો ને સેનાનીઓમાં વિરલ હતા. એમના અવસાનથી ગુજરાતે એક આદર્શ ને ચારિત્ર્યશીલ લોકસેવક અને અમે એક એકધારા મિત્ર ખોયો છે. ઈશ્વર એમના આત્માને શાંતિ આપો.

અનુષ્ટુપ

'તારાઓને કરું ઝાંખા' ગર્વથી ચન્દ્રમા વદે;
ખરે! નહિ કદિ કોને પરાયું તેજ તો સદે.

રમણલાલ સોના

કાઠિયાવાડના એક રાજવીએ પોતાની પરિણીત રાણીઓ ઉપરાંત ઉપવસ્ત્ર તરીકે રાખેલી એક મુસ્લિમ સ્ત્રીના પુત્રને ગાદીવારસ કરવાના ઉદ્દેશથી અમદાવાદના મહા વિદ્વાન બાપાશાસ્ત્રી (જેમના નામની ત્યાં ખડકી છે) ને તેડાવી પોતાનો હેતુ જણાવી કહ્યું, 'અમને બંનેને શાસ્ત્રવિધિથી શુદ્ધ કરો તો એક લાખ રૂપિયા આપું.' શાસ્ત્રી કહે 'મારાથી એવું અધર્મી કાર્ય ન બને.' શાસ્ત્રીના પુત્ર સાથે હતા તેમના તરફ આંગળી ચીંધી રાજવીએ કહ્યું, 'શાસ્ત્રીજી આ છોકરા સામે તો જુઓ.' (એટલે કે એનું તકદીર ખૂલી જશે). શાસ્ત્રીજીએ કહ્યું 'એના સામે ભગવાન જોશે.' અને એ રાજ્ય તરફથી મળતું વર્ષાસન બંધ થવાનો ભય કે લાખ રૂપિયાની લાલચ શાસ્ત્રીના મોંમાંથી 'ના'ની 'હા' ન પડાવી શક્યાં.

અનેકાર્થી શબ્દ : **ઢોળવું**=રેડવું; પંખો નાખવો; ગબડાવવું; બેસણી વગરનું વાસણ; બંને બાજુ ઢળી પડે તેવો માણસ.

કહેવતોના અર્થ : 'ચણાની દાળ કરવી.' કોઈ વાતના વધારે ચોખવટ કરીને હાથે કરીને બગાડવાની કે આફત વહોરી લેવાની ભૂલ યા મૂર્ખાઈ કરવા માટે વપરાતી આ કહેવત વિષે વાત છે કે એક ખેતરમાં ઉત્તમ ચણા થએલા જોઈ, ફરવા નીકળેલા રાજા ખેડૂને તેમાંના ચણા પોતાના રસોડા માટે મોકલવાનું કહેતા ગયા. આ પરથી જતે દહાડે ખેડૂ પર રાજાના રસોડાનો કર પેસી ગયો. તેમાંથી મુક્તિ મેળવવા પટેલ અરજે ગયા. પણ રાજાના પ્રભાવથી અંજાઈ ગએલા પટેલે ગભરાટમાં અવળું જ પૂછ્યું કે 'આપને ચણા મોકલીએ છીએ તે આખા જ મોકલવા કે ભરડીને દાળ તૈયાર કરીને?' રાજાએ કહ્યું કે 'હવેથી ભલે દાળ કરીને મોકલતા જજો!' આમ, પટેલ 'ચણાની દાળ કરીને' આવ્યા! તેને મળતી બીજી કહેવતો: 'ચોળીને ચીકણું કરવું;' 'છાણે વીંછી ચડાવવો;' 'આવ પથરા પગ પર' કરવું; વગેરે.

આપણું શરીર દરરોજ ચામડીનાં છિદ્રો દ્વારા ૨ ઔંસ, મૂત્રાશય દ્વારા ૫૦ ઔંસ અને ફેફસાં દ્વારા ૧૦ ઔંસ પાણી બહાર કાઢે છે. વળી તે દરરોજ $\frac{1}{2}$ ઔંસ નાઇટ્રોજન, ૧ ઔંસ ખનિજ ક્ષારો અને ૮ ઔંસ કાર્બન ગુમાવતું રહે છે.



આ પ્રકારનાં ઘેટાંને તેમની જાડી પૂંછડીને માટે જ ખાસ ઉછેરવામાં આવે છે. તે એટલી તો મોટી ને વજનદાર હોય છે, કે ઘણી વાર તે ઉંચકવા માટે તેમની પાછળ ટ્રૉલી (રેંકડી) લગાડી રાખવામાં આવે છે!

ગણિતગમ્મત

સંખ્યા	વર્ગમૂળ
૧	૧
૧૨૧	૧૧
૧૨૩૨૧	૧૧૧
૧૨૩૪૩૨૧	૧૧૧૧
૧૨૩૪૫૪૩૨૧	૧૧૧૧૧
૧૨૩૪૫૬૫૪૩૨૧	૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭૬૫૪૩૨૧	૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭૮૭૬૫૪૩૨૧	૧૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭૮૯૮૭૬૫૪૩૨૧	. ૧૧૧૧૧૧૧૧૧
અને એમ આગળ	(ગ. ના. ખત્રી)




ઝંગબાર (આફ્રિકા)ના અલ બુસૈયદ રાજવંશની બીજી શતાબ્દીના સ્મરણમાં ગયે વર્ષે કાઢવામાં આવેલી ટિકિટ; જેમાં તેનું મૂળ સ્થાન મસ્કત (અરબસ્તાન) તથા ઝાંઝીબાર દર્શાવતા નકશાની રચના સાથે ત્યાંના વેપારના પ્રધાન સાધન અને એ રાજવંશના પ્રતીક 'ધાઉ' નામના વહાણનું ચિત્ર છે.

આપણા શરીરની ઊંચાઇના દર ફૂટે ૨૮ રતલ વજન હોવું તે સપ્રમાણ લેખાય.



જેની તવારીખી નોંધ નથી મળતી એવા પ્રાચીન ઇતિહાસનું જ્ઞાન નક્કી કરવા માટેનાં સૌથી પ્રમાણભૂત સાધનો તે એ સમયના સિક્કાઓ—જેના પર રાજાનાં નામ, વંસનાં નામ, તેના રાજ્યકાળના કોઈ વિશિષ્ટ કાર્ય કે ધર્મનું પ્રતીક રૂપે આલેખન, રાજાનું ખુદનું આલેખન, રાજ્યકાળનું વર્ષ, અગર એવી કંઈ ને કંઈ બીજી સંજ્ઞાઓ છાપેલી હોય છે. દર માસે એવા જૂના સિક્કાઓ અહીં આપવાની યોજના છે. તેમાંનો આને મથાળે દર્શાવેલો સિક્કો કુશાણ વંશના રાજા કનિષ્કનો છે. ઈસ્વીસનની પહેલી સદીમા મધ્ય એશિયામાંથી જે યુહ-ચી નામની પ્રવાસી જાતિનાં બલિષ્ટ ટોળાંઓ હિંદ પર આક્રમણ કરી ઉત્તર હિંદમાં સ્થિર થયાં તેમા કુશાણ જાતિ અગ્રણી હતી, ને તેણે દક્ષિણમાં છેક નર્મદા સુધી પોતાનું સામ્રાજ્ય જમાવ્યું એ કુશાણ વંશમાં સૌથી પ્રતાપી રાજા કનિષ્ક થયો અને એણે જ એ વંશનો મોટો રાજ્યવિસ્તાર કર્યો. બૌદ્ધધર્મનો તે મોટો આશ્રયદાતા બન્યો અને બૌદ્ધ ગાથાઓમાં તેનો ઘણો ઉલ્લેખ આવે છે. કુશાણવંશી રાજાઓના સોના અને ત્રાંબાના જે સંખ્યાબંધ સિક્કાઓ મળી આવે છે તેમાં મોટા ભાગના કનિષ્કના છે. તેના પર એક બાજુએ કનિષ્કનું પોતાનું ચિત્ર અને બીજી બાજુ હિંદુ, બૌદ્ધ, ઇરાની કે ગ્રીક દેવદેવીઓની મૂર્તિઓનાં આલેખનો છે, જે દર્શાવે છે કે પોતાના મહાન સામ્રાજ્યના સર્વ મતમતાંતરોને સમભાવશીલતાથી તેણે સંતોષ્યા હતા. આને મથાળે દર્શાવેલો સિક્કો કનિષ્કના સમયનો સોનાનો સિક્કો છે. તેમાં ડાબી તરફ છે તેવું કનિષ્કનું પોતાનું આખું ચિત્ર તેના બધા જ મોટા સિક્કાઓ પર આવે છે. મૂર્તિની આસપાસ ગ્રીક ને ઇરાનિયન લિપિમાં 'રાજાધિરાજ કનિષ્ક કુશાણ' એ અર્થનું લખાણ હોય છે. એમાં કનિષ્ક, કુશાણવંશી લાંબો ઝભ્ભો, મોટા જોડા તથા અણિયાળી ટોપી પહેરી ઊભો છે. તેના ડાબા હાથમાં ભાલો છે ને જમણે હાથે નાની યજ્ઞવેદીમાં હોમ કરતો હોય એમ દર્શાવ્યું છે. જમણી તરફના ચિત્રમાં ચન્દ્રદેવનું આલેખન છે. તેમાં ડાબી બાજુએ કુશાણ રાજાઓનું પ્રતીક છે અને જમણી બાજુએ 'માઓ' (ચન્દ્ર) એમ લખ્યું છે.



મતભેદ (ચિત્રકાર-જે. એસ. ગુપ્તા)



(ફોટો-જગન્નાથ મહેતા) આરામગાહ